# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 16 • પ્રકરણ : 12 • સળંગ અંક : 192 | 26 માર્ચ 2011 | ડિજિટલ અવતાર – બાર


## આરબ જગતમાં ગાંધીજીના મંત્ર - 'करेंगे या मरेंगे'નો જાદુ

• ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

ગાંધીજી દુનિયાને અભય, અહિંસા અને આત્મવિશ્વાસનો સંદેશ આપી ગયા હતા અને ૨૦૧૧ની સાલમાં, આરબ પ્રજા તેને આત્મસાત કરતી આપણને દેખાય છે. બેબે મહિનાથી આરબ દેશોમાં લોકજુવાળ આવ્યો છે, જાણે કે એક નવી ક્રાંતિ આવી રહી છે. રાજાશાહી અને આપખુદશાહી સામે, અહિંસા અને આત્મવિશ્વાસથી, લોકો ટક્કર લઈ રહ્યા છે. મોટી સંખ્યામાં લોહીનું બલિદાન આપી રહ્યા છે.

આ નવી લોકક્રાંતિમાં અમેરિકી પ્રમુખ બારાક ઓબામાએ ૨૦૦૯માં ઇજિપ્તના પાટનગર કાઈરોમાં આપેલા ઐતિહાસિક પ્રવચનનો ધ્વનિ પણ સંભળાય છે. એ અતિ મહત્ત્વના કાઇરો ઉદ્‌બોધનનો સંદેશો રહ્યો હતો : લોકોને - પ્રજાને નિર્ભિકતાથી પોતાના વિચારો રાજસત્તા સામે મૂકવાની છૂટ હોવી જોઈએ. લોક જીવનમાં ક્યાં ય દબાવ કે દખલગીરી ન હોવી જોઈએ. સરકારી વહીવટીતંત્રમાં ભ્રષ્ટાચાર - લાંચ-રુશવત ન હોવી જોઈએ. અને રાજતંત્ર ન્યાયી હોવું જોઈએ. બારાક ઓબામાના સંદેશ - શબ્દોએ ગાંધીજીના પેલા ઐતિહાસિક મંત્રને દોહરાવ્યો હતો, તેમ લાગે છે. ૨૦૧૧ની સાલમાં એ મંત્રે લોકોમાં હવે પ્રાણ પૂર્યા અને ઇતિહાસે કરવટ બદલી.

પ્રમુખ ઓબામાના શબ્દો વાગોળવા - મનન કરવા જેવા છે. આરબ પ્રજાને કાઇરોથી સંબોધતા કહેલું :

I have an unyielding belief that all people yearn for certain things :

- the ability to speak your mind and have a say in how you are governed;
- confidence in the rule of law and the equal administration of justice;
- government that is transparent and doesn't steal from people; and
- the freedom to live as you choose.

લોકક્રાંતિની શરૂઆત થઈ જાન્યુઆરી ૨૦૧૧ દરમિયાન ટ્યુનિશિયા દેશમાં. આ દેશનો એક સામાન્ય ગરીબ પણ થોડું ભણેલો યુવક, નોકરીના અભાવે અને ગરીબીના અપમાનો સહી ન શકતા, નિરાશામાં આત્મહત્યા કરે છે. પ્રજાની સહાનુભૂતિમાં એક મોટી જન-જમાત એની સ્મશાનયાત્રામાં જોડાય છે અને એ જંગી મેદની સરકાર સામે પોતાના હકો - અધિકારો માગવા ઊતરી પડે છે. ચોમેર ભય ભાગી જાય છે અને નવી હવા દેશ ભરમાં ફેલાઈ જાય છે. થોડા દિવસોમાં આ લોકજાગૃતિ ટ્યુનિશિયાના ભ્રષ્ટ શાસક અને સરમુખત્યાર પ્રમુખ ઝાઈન અલ આબીદિન બેન અલીને સફળતાપૂર્વક ૩૦ વર્ષના શાસન પરથી દૂર કરે છે.

આ અહિંસક જનશક્તિ સર્વકાલીન શક્તિશાળી સાબિત થયા પછી, ક્રાંતિની જ્વાળા ઇજિપ્ત દેશમાં ફેલાય છે. અને આ પ્રબળ લોકબળ સામે નમતું જોખી ચાર દાયકાથી ઇજિપ્તમાં પોતાની આપખુદ સત્તા ચલાવતા પ્રમુખ હોસની મુબારકને સત્તાપદ છોડવું પડ્યું. અમેરિકી પ્રમુખ બારાક ઓબામાએ આ લોકવિજયને વધાવતા ગાંધીજીને તેમ જ માર્ટિન લ્યુથર કિંગને પણ યાદ કરી લીધેલા; અને પછી બોલેલા : 'આ લોકસત્તાનો વિજય છે જે જીવનમાં એવી જૂજ પળો હોય છે જેમાં ઇતિહાસ રચાતો જોવાના આપણે સાક્ષી બનીએ છીએ. એવી આ પળો હતી.' સાથે સાથે એમણે ચેતવણીનો સૂર પણ આપ્યો : 'આ કંઈ સંક્રમણનો અંત નથી, પ્રારંભ છે. લોકશાહી સ્થાપવામાં વિકટ દિવસો હજુ આવવા બાકી છે અને હજુ ઘણા પ્રશ્નોના જવાબ ઇતિહાસનાં ગર્ભમાં રહ્યા હોય તેમ ભાળીએ છીએ.'

ટ્યુનિશિયા, ઇજિપ્તમાં જ સીમિત ન રહેતાં આ લોકજાગૃતિનું વાવાઝોડું બીજા આરબ દેશોમાં ય ફેલાઈ રહ્યું છે. લિબિયા, બાહરિન, યેમન, અલ્જિરિયા, જોર્ડન, સિરિયા જેવા જેવા બીજા આરબ દેશોમાં સરમુખત્યારશાહી - આપખુદશાહી વિરુદ્ધનો જુવાળ પ્રબળ બનતો જાય છે; અને હજારોની સંખ્યામાં માણસો સ્વતંત્રતા - લોકશાહીના યજ્ઞમાં હોમાઈ રહ્યા છે. દેશના અર્થતંત્રની વ્યવસ્થાની ખાનાખરાબી અને વિકાસ રૂંધાતો જોવા પણ તૈયારી બતાવી રહ્યા છે.

ઇતિહાસકારોના મત પ્રમાણે આરબ જગતની જનજાગૃતિ કે નવજાગૃતિ, રેનેસાં(renaissance)નો આ બીજો અરુણોદય છે. આરબ જગત એટલે અરબી રાષ્ટ્રભાષા તરીકે ગણાવાતા રાષ્ટ્રો. જેમાં આરબ રાષ્ટ્રો, પશ્ચિમમાં એટલાન્ટિક મહાસાગરથી લઈ પૂર્વમાં અરબી સમુદ્ર અને ઉત્તરમાં ભૂમધ્ય મહાસાગરથી લઈ હૉર્ન ઑવ્ આફ્રિકા સુધી અને દક્ષિણમાં હિંદી મહાસાગર સુધી વિસ્તરેલા છે. આરબ જગતમાં પચીસ જેટલા રાષ્ટ્રો સામેલ છે - અલ્જિરિયા, બાહરિન, જીબોતી, ઇજિપ્ત, ઈરાક, જોર્ડન, કુવૈત, લેબેનોન, લિબિયા, મોરક્કો, સિરિયા, ટ્યુનિશિયા, સાઉદી અરેબિયા, સોમાલિયા, સુદાન વગેરેનો સમાવેશ થાય છે. આરબ જગત બધું મળી આશરે ૩૫ કરોડ ૮૦ લાખની (એટલે ૩૫૮ મિલિયન) વસતિ ધરાવે છે.

ઓગણીસમી - વીસમી સદીમાં યુરોપીય દેશોએ આરબ દેશો પર ધીમે ધીમે સત્તાનો અડ્ડો જમાવ્યો. પરંતુ એક મોટો ફાયદો આરબ જગત માટે એ થયો કે આ નવી યુરોપીય સત્તાઓ નવા નવા વિચારો અને વિજ્ઞાન લઈને આવી હતી. પ્રજામાં શિક્ષણનું પ્રમાણ વધ્યું અને નવયુવાન પેઢીને નવી દૃષ્ટિ - વિચારધારા મળી. રાષ્ટ્રની એકતા અને પ્રગતિના સ્વપ્નો સેવાવા લાગ્યા. આ નવી પેઢીના નેતાઓમાં સામેલ થયા ઇજિપ્તના અબ્દુલ ગમાલ નાસર, ટ્યુનિશિયાના હમ્ફી બોર્ગિબા, લિબિયાના મહમર ગદાફી, જોર્ડનના રાજા હુસૈન. આ નેતાઓ પ્રજાનો સાથ મેળવી યુરોપીય દેશો પાસેથી સત્તા ઝૂંટવાના અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા. આ હતી પહેલી જનજાગૃતિ. ધીમે ધીમે નવા શાસકો પ્રજાહિતને ભૂલી ગયા; પોતાના દેશના સરમુખત્યાર બની પ્રજાના અવાજને દબાવવા લાગ્યા અને દેશ ભરમાં ભયના વાતાવરણને ફેલાવતા રહ્યા ને ભ્રષ્ટાચાર અને રાજાશાહી જીવન જીવવા લાગ્યા. આની સામે પ્રજાને અવાજ આપવા ને ઈન્સાફ માગવા, ઇસ્લામ ધર્મ રાજકારણમાં દાખલ થયો. પરંતુ આપખુદી રાજકારણીઓ અને ધર્મઝનૂની મુલ્લાઓની ભીંસમાં પ્રજાને અવાજ તો ન મળ્યો પણ આત્મવિશ્વાસ પણ તે ખોઈ બેઠી. … ખેર ! ૨૦૧૧ની સાલમાં, ઘણી જ ભણેલી અને 'ફેઇસબૂક' અને 'ટ્વીટર' અને 'ઈન્ટરનેટ' પેઢી, ધર્મના ઝનૂનને એક બાજુ રાખી અને લોકશાહીના, માનવહકનાં મૂલ્યો મેળવવા આગળ આવી રહી છે અને લોક ક્રાંતિ કરી રહી છે. આને ઇતિહાસકારો, સમજાય છે કે, આરબ જગતની બીજી જનજાગૃતિ તરીકે મૂલવશે.

['Kamal Kunj', 3 Buckingham Mews, SUTTON COLDFIELD B73 5PR U.K.]

# ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઈ.મેલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------

•


સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•


ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ


---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**



**ફૈઝ અહમદ ફૈઝ**


જન્મ : 13 ફેબ્રુઆરી 1911, કલા કાદેર, સિયાલકોટ
નિધન : 20 નવેમ્બર 1984, લાહોર

ભલુ થજો "ખોજ" નામે સામયિકનો; અબી હાલ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૧૧નો અંક આવ્યો અને તેણે ફૈઝ અહમદ ફૈઝને સંભારી આપ્યા. આ શાયરની એક ખ્યાતનામ નઝમ અહીં આપીએ છીએ, અને તેનું વળી અંગ્રેજી ભાષાન્તર પણ લટકામાં સામેલ. … વારુ, કોઈ ગુજરાતી કવિને તેનું ગુજરાતી કરવાનું સૂજે તો બહુ જ સરસ ! … હૈ કોઈ દેને હારા ?

**આ વિશ્વકવિને, જન્મશતાબ્દી અવસરે, "ઓપિનિયન"ની પણ આદર અંજલિ હજો.**

## हम देखेंगे / फ़ैज़ अहमद फ़ैज़

हम देखेंगे
लाज़िम है कि हम भी देखेंगे
वो दिन कि जिसका वादा है
जो नौह-ए-अजल में लिखा है
जब ज़ुल्म-ओ-सितम के कोह-ए-गरां
रुई की तरह उड़ जाएँगे
हम महकूमों के पाँव तले
ये धरती धड़-धड़ धड़केगी
और अहल-ए-हक़म के सर ऊपर
जब बिजली कड़-कड़ कड़केगी
जब अर्ज-ए-खुदा के काबे से
सब बुत उठवाए जाएँगे
हम अहल-ए-सफ़ा, मरदूद-ए-हरम
मसनद पे बिठाए जाएँगे
सब ताज उछाले जाएँगे
सब तख़्त गिराए जाएँगे
बस नाम रहेगा अल्लाह का
जो वायब भी है हाज़िर भी
जो नाज़िर भी है मंज़र भी
उट्ठेगा नलहन का नारा
जो मैं भी हूँ और तुम भी हो
और राज़ करेगी खुल्क-ए-खुदा
जो मैं भी हूँ और तुम भी हो



**Faiz Ahmed Faiz**

°

We shall see
Certainly we, too, shall see
that day has been promised to us

When these high mountains
Of tyranny and oppression
turn to fluff and evaporate

And we oppressed
Beneath our feet will have
this earth shiver, shake and beat
And heads of rulers will be struck
With crackling lightening
and thunder roars

When from this God's earth's (Kaa'ba)
All falseness (icons) will be removed
Then we of clean hearts-condemned by
Zealots those keepers of
Faith,
We, will be invited to that altar to sit and
Govern -
When crowns will be thrown off - and
over turned will be thrones

We shall see
Certainly we, too, shall see
that day that has been promised to us

The God's name will remain (Allah will
remain)
Who is invisible and visible too
Who is the seer and is seen
There will rise one cheer - I am God !
Who I am too
and so are you

Then the masses, people of God will rule
Who I am too
and so are you

There will rise one cheer - I am God !
Who I am too
and so are you

# સ્ટૂટગાર્ટ - ૨૧ : એક સર્જનાત્મક વિરોધ …

• જેલમ વચ્છરાજાણી

Protest - 'પ્રૉટેસ્ટ' શબ્દ કાને પડતાં જ નજર સામે શું આવે ? તંબૂ તાણીને બેઠેલા કેટલાંક માણસો … (સામાન્ય રીતે કશું જ ન કરતાં …) માઇક પર કે વગર, ભાષણો આપતાં … મોટી મોટી (વધુ તો ખોટી ખોટી) વાતો કરતાં (ફેલાવતાં) … આવા વિરોધો, હડતાળો કે દેખાવોથી આપણે ટેવાઈ ગયાં છીએ અને એ કરવાવાળાં પણ … ક્યારેક આવા વિરોધો ભૂખ હડતાળનું રૂપ પણ ધારણ કરી લે છે; જેમાં જોવા આવવાવાળાઓ (આપણા જેવા હરખપદૂડા) 'ખાલીપેટ' અને દેખાવકારો 'ભરપેટ' હોય છે … ! આ બધી ઘટનાઓ કાંઈ નવાઈની નથી … તમને એવું ય લાગશે કે હું કોઈ રાજકીય કે સામાજિક મુદ્દા વિશે કે એવા કોઈ પક્ષ વિશે વાત કરવાની હોઈશ. પણ ના, મારે તો તમને મને થયેલો એક જુદો જ અનુભવ વહેંચવો છે. – ગમતાંનો કરું ને ગુલાલ ?!

છએક મહિના પહેલાંની (છઠ્ઠી ઑક્ટોબર ૨૦૧૦ આસપાસની) વાત છે : એક અગત્યની કૉન્ફરન્સ માટે અમે સ્ટૂટગાર્ટ, જર્મની ગયાં હતાં. અમારી પાસે અઢી દિવસ હતા, જેમાંથી બે પૂરેપૂરા એ કૉન્ફરન્સ ખાતે રહ્યા. બચેલ અર્ધા દિવસમાં જ સ્ટૂટગાર્ટને સમજી લેવાનું હતું (વધારે પડતો ઓછો સમય હતો, ખરી વાત છે). કામ કપરું હતું, પણ યુરોપના ટૂંકા ગાળાના અનુભવથી એટલું અંદાજી શક્યાં હતાં કે કાંઈ નહીં તો એ શહેરના મધ્ય ચોક [Central Square] પર તો જવું જ. ત્યાં પહોંચતાં એવું લાગ્યું કે આ જ શહેરનો આત્મા હોઈ શકે. ખૂબ જ સુંદર અને ભવ્ય સ્થાપત્યવાળા જૂના અને નવા કિલ્લા, ફુવારાઓ અને લીલાછમ્મ બગીચાઓ.

ફરતાં ફરતાં અચાનક જ અમારું ધ્યાન ઘણી બધી જગ્યાએ લાગેલાં પીળાં પૉસ્ટર્સ પર અટક્યું, જેમાં લખ્યું હતું : Stuttgart - 21 (સ્ટૂટગાર્ટ - ૨૧), અને એના પર મારેલી હતી આડી લીટી … કુતૂહલ સંતોષવા જાણ્યું તો સંદર્ભ કોઈ આવો હતો :

દક્ષિણ જર્મનીનું ઔદ્યોગિક મહાનગર - સ્ટૂટગાર્ટ, જે મર્સેડિસ [Mercedes]ની જન્મભૂમિ તરીકે વિશ્વવિખ્યાત છે, એ શહેરની એકવીસમી સદી કેવી હશે … ?! 'સ્ટૂટગાર્ટ - ૨૧' એ એક પગલું છે વિકાસ તરફનું. લગભગ ૨૦૦૬થી ચાલતી મંત્રણાઓને સરકારી સંમતિ પ્રાપ્ત થઈ. આ પ્રૉજેક્ટના બે ઉદ્દેશ હતા : પહેલો - 'હાઈ સ્પીડ રેલવે' (ભારે ઝડપી રેલસેવા) અને બીજો - અર્બન ડેવલપમેન્ટ' (નગર વિકાસ). અ મહત્ત્વાકાંક્ષી પ્રૉજેક્ટ સ્ટુટગાર્ટને યુરોપનું નવું હાર્દ બનાવવા માટેનો હતો, જેનું કામ ફેબ્રુઆરી ૨૦૧૦થી શરૂ થઈ ગયું, પણ ત્યાં તો હજારોની સંખ્યામાં, બધે જ બનતું હોય છે તેમ, વિરોધીઓ ઊભા થઈ ગયા. વિરોધનાં મુખ્ય કારણોમાં પહેલું હતું એ માટેનો ખર્ચ કે જે લોકોને કહેવામાં આવ્યાં કરતાં અનેકગણો વધી જતો હતો. અને એ ફરક પણ કાંઈ નાનોસૂનો નહીં, અબજોમાં હતો. લોકોને લાગ્યું કે એ કરતાં તો આ રકમ શિક્ષણ, સારવાર કે નોકરીઓની તક પૂરી પાડવામાં વાપરવી જરૂરી હતી.




અને બીજું કારણ હતું આ પ્રૉજેક્ટને કારણે થતા વિનાશનું; કુદરતના અને સ્થાપત્યના. નવા અન્ડરગ્રાઉન્ડ રેલવે ટ્રૅક્સ (ભૂગર્ભ રેલના પાટાઓ) બનાવવા માટે લગભગ ૧૭ જેવી ઐતિહાસિક ઇમારતો કે જેમાં જૂનું રેલવે સ્ટેશન પણ છે, તોડવાની હતી અને મુખ્ય ચોક પાસે આવેલા એક ભવ્ય બગીચાનાં લગભગ ૩૦૦ જેટલાં વૃક્ષો, જેની દરેકની સરેરાશ ઉંમર આશરે ૨૦૦ વર્ષ છે, કાપવાનાં હતાં … ! હવે વિરોધ વ્યાજબી લાગતો હતો !

જો કે અત્યારે મારો આશય સાચાં કે ખોટા કે સારા ખરાબનો નિર્ણય કરવાનો નહીં, પણ કાંઈ વધુ રસપ્રદ વાત કરવાનો છે અને એ છે ત્યાં જોયેલા નવતર વિરોધ(!!!)ને તમારી સમક્ષ મૂકવાનો (જેવું બધે જ બનતું હોતું નથી, અને આપણે ત્યાં તો નહીં જ.)

… તો ચાલતાં ચાલતાં અમે પહોંચ્યાં એ મુખ્ય બગીચામાં, અને ત્યાં જે દૃશ્યો જોયાં એ કાંઈક આવાં હતાં : ચારે બાજુ ઢગલાબંધ માણસો. ખરું કહો તો , કુટુંબો; કેમ કે એમાં સાવ નાનાં બાળકોથી માંડીને વડીલો, બધાં જ હતાં. જાણે કે ઘર માંડીને કે નાની એવી દુનિયા રચીને ફેલાયેલાં હતાં. તંબૂઓ બાંધ્યા હતા. ક્યાંક રસોઈ ચાલતી હતી, તો ક્યાંક કોઈક ખુરશી ઢાળી, પગ લંબાવી વાંચતું હતું. ખાણી-પીણીના સ્ટોલ્સ પણ હતા (મને તો આનંદમેળો યાદ આવી ગયો.). છોકરાંઓ રમતાં હતાં … બધું આમ જોઈએ તો સામાન્ય રીતે ચાલતું હતું. હા, દરેક વ્યક્તિએ, કોઈકે હાથમાં, કોઈકે પગમાં, તો કોઈએ વળી માથાં પર પેલાં 'સ્ટૂટગાર્ટ - ૨૧'ના વિરોધના સ્ટીકર્સ લગાડેલાં હતાં. (કોઈ પોતે કેવા દેખાય છે, એની પરવા નહોતાં કરતાં, કદાચ.)



અરે, એ શું હતું ? થોડે દૂર આગળ વૃક્ષો પર નાનાં નાનાં ઘર બનેલા હતા. અને એમાં ય કુટુંબો વસેલાં હતાં … ! બૉર્ડ મારેલાં હતાં : Robin Wood (!!!) કોઈ 'એક્ટિવિસ્ટ ગૃપ' હતું, જેણે રોબિન હૂડને વૃક્ષો બચાવવા માટે મદદે લીધેલો હોય એવું લાગ્યું ! … અને ત્યાં નીચે વૃક્ષની ફરતે નાનાં-મોટાં ઢીંગલા ને અલગ અલગ પ્રાણીઓનાં રમકડાં બાંધેલા હતાં. કોઈ કોઈ તો એવા મોટા વાઘને લઈને ઊભું હતું.




'Save Trees, Save Animals, Save life and Nature' વ્યક્ત કરવાનો આનાથી વધુ બોલકો પ્રયાસ હોઈ શકે કે ?

# અમેરિકા મારી નજરે

• પ્રફુલ્લ બા. દવે

સ્વપ્ને પણ કલ્પના નહીં કે મારે અમેરિકા જવાનું થશે. અચાનક બધું સરળ રીતે ગોઠવાતું ગયું અને હું તથા મારાં પત્ની બે માસ માટે અમેરિકામાં લોસ એન્જલીસ, સાન ફ્રાન્સિસ્કો, લાસ વેગાસ તથા ઈલીનોય સ્ટેટમાં શિકાગો અને સ્પ્રિંગફિલ્ડની આજુબાજુ ફર્યાં. ઉઘાડી આંખે, કોઈ પૂર્વગ્રહ વિના જે જોવા-જાણવાનું બન્યું તે મિત્રો સાથે વહેંચવા નિમિત્તે આ લખું છું.

ભૌગોલિક દૃષ્ટિએ અમેરિકાનો વિસ્તાર ભારતથી આશરે ચાર ગણો હશે, પરંતુ તેની વસ્તી ભારતથી ચોથા ભાગની - ૩૧,૦૦,૮૦,૫૨૮ છે. અમેરિકા જગતની મહાસત્તા છે. સોવિયેત યુનિયનના પતન પછી તો વિશ્વમાં તેનું એકધ્રુવીય વર્ચસ્વ છે. સમૃદ્ધિ ખૂબ છે. જો કે આર્થિક મંદીની અસર ખૂબ થઈ છે. બેંકો બંધ થઈ રહી છે, બેકારી વધી રહી છે, છતાં વિશ્વભરના લોકો અમેરિકામાં સ્થાયી થવા ખૂબ પ્રયાસો કરે છે. અમેરિકામાં તેના મૂળ લોકો રેડ ઈન્ડિયન તો ક્યાંય જોવા નથી મળતા. આજે તો અંગ્રેજો તથા મેક્સિકો, ચિલી, ફિલિપાઈન્સ, ચીન, જર્મની, કંબોડિયા, ભારત, જાપાન વગેરે દેશના લોકો ત્યાંના નાગરિક થઈ ગયા છે.

અમેરિકામાં બધે દેખાતી સ્વચ્છતા આપણને આકર્ષે છે. લોકોમાં એક સંસ્કાર રૂઢ થઈ ગયા છે તેથી તેઓ જ્યાં-ત્યાં કચરો નાખતા નથી, થૂંકતા નથી, પાનની પિચકારીઓ મારીને દીવાલો બગાડતા નથી. આ સાથે વહીવટીતંત્ર દ્વારા બધે નિયમિત સફાઈ પણ થાય છે. બધાને ઘેર ત્રણ ડસ્ટબીન આપ્યા હોય છે. જેમાં એકમાં રિસાઈકલીંગ થઈ શકે તેવો કચરો, બીજામાં પ્લાસ્ટિક અને ત્રીજામાં કાચ વગેરે નાખવામાં આવે. દર અઠવાડિયે નિયમિત રીતે ટ્રક આવીને તે કચરો લઈ જાય છે. જાહેર સ્થળોએ પણ ડસ્ટબીન હોય છે અને તે કચરો નિયમિત રીતે ઉપડી જાય છે.

દરેક જાહેર સ્થળોમાં-હોટેલો કે મંદિરોમાં-પણ રેસ્ટરૂમ (બાથરૂમ) હોય છે. તે એકદમ ચોખ્ખાં હોય છે. એવી ટેક્નોલોજી વાપરે છે કે જેથી પાણી ઓછું વાપરવું પડે અને ગંધ ન આવે. તેથી લોકો બહાર ગમે ત્યાં પેશાબ કરતા નથી.

સૌંદર્ય અભિમુખતા પણ ધ્યાન ખેંચે છે. બધાં મકાનો સમયાંતરે રિનોવેટ થતાં હોય છે. બધાંનાં આંગણાંમાં સુંદર રંગબેરંગી ફૂલોના છોડ હોય છે. વિવિધ રંગના ગુલાબ તો જાહેર સ્થળોએ પણ જોવા મળે છે. સરસ કાપેલી લોન હોય છે. એક સારી વાત એ છે કે રોડ પર ગુલાબ લૂમેઝૂમે હોય છતાં કોઈ તોડતું નથી. નારંગીનાં ઝાડ પર ખૂબ નારંગી હોય, છતાં કોઈ અજાણી વ્યક્તિ તેને અડતી નથી.

લોકોમાં શિસ્તપાલન જોવા મળે છે. બચપણથી સંસ્કાર પડેલા હોવાથી ટેવ બની ગઈ છે અને કાયદાનું કડક પાલન પણ તે માટે જવાબદાર છે. દરેક જગ્યાએ બધા લાઈનમાં જ આગળ વધે છે. લાઈન તોડવાનો પ્રયાસ કોઈ કરતું નથી. અમે ડિઝનીલેન્ડ જોવા ગયા ત્યારે ૬૦-૭૦ હજાર લોકો આવેલા. ત્યાં પાર્કિંગસ્થળથી મુખ્ય સ્થળે ટ્રેનમાં લઈ જાય છે. કોઈ પોલીસ કે કર્મચારી નહોતા છતાં બધાં લાઈનમાં ઊભા હતા અને પોતાનો વારો આવે ત્યારે જ ટ્રેનમાં બેસતા હતા. આનું એક કારણ એ પણ છે કે લોકોને ખાતરી છે કે તુરત જ બીજી ટ્રેન આવશે જ.

લોકો સામાન્ય રીતે વિવેકી, મદદરૂપ થવાની ભાવનાવાળા-જીવંત-ઉત્સાહસભર લાગે. સ્ત્રીઓ પણ નિખાલસ, સ્ફૂર્તિલી અને અજાણ્યા સાથે પણ હાઈ-હેલ્લો કરીને પસાર થઈ જાય. મેં સ્ત્રીઓમાં ક્યાં ય અભદ્રતા-અશિષ્ટતા ન જોઈ. સ્ત્રીઓ સંકોચશીલ નથી તેમ સ્વચ્છંદી પણ નથી. હા, વ્યક્તિ સ્વાતંત્ર્ય પર ખૂબ ભાર અપાયો છે. તે જ રીતે સેક્સની કોઈ સુગ નથી. બધે લગભગ

છેલ્લે તો હદ જ થઈ ગઈ. એક જગ્યાએ નાનું કબ્રસ્તાન હતું (હા, બનાવેલું જ.) … જ્યાં કબરો હતી પ્રેમ, લાગણી, દયા, કરુણા અને સમજની … !! ઠેર ઠેર પ્રજ્વળી હતી મીણબત્તીઓ પણ. અંતિમ ચરણ હતું આ લોકોના આણગમાનું, કેમ કે, ત્યાં અમુક વૃક્ષોને પડાયાં હતાં … આ કબ્રસ્તાન ઈંગિત હતું લોકોના આક્રોશનું … એ ક્રૂરતા વિરુદ્ધનું જેણે વૃક્ષો કાપીને સ્પષ્ટ કર્યું હતું કે, એ લોકોમાં રહેલી માનવતા, પ્રેમ અને લાગણી મરી પરવાર્યા હતાં. … ચોમેર શાંતિ હતી, પણ ખૂબ વાચાળ … …




ફરી ફરીને મનમાં એક શંકા ઘૂંટાયા કરતી હતી કે એન.જી.ઓ.નું તો આ પ્રકારનું કામ જ હોય, પણ આ બાકીના લોકો આમાં કેમ જોડાયાં હશે ? મંદીના સમયમાં એમને કદાચ કાંઈ કામધંધો નહીં હોય અને ઘરબારનું પણ ખાસ ઠેકાણું ન હોય એવું ય બને; એટલે આમાં સમય પસાર થઈ જાય ને સાથે કદાચ થોડી કમાણી પણ … (માફ કરજો, પણ જે વધું જોયું હોય એ જ મનમાં રહ્યું હોય ને.) મેં અમારા જર્મન મિત્રને સહજતાપૂર્વક ને ખૂબ પ્રામાણિકપણે મારી આ શંકા પ્રશ્ન સ્વરૂપે પ્રસ્તુત કરી. … અને એણે જે હકીકત કીધી એ આપણા માટે વધુ એક નવાઈ કરે એવી; આમાંનું દરેક માણસ ભણેલગણેલ ને પોતાનાં ક્ષેત્રમાં આગળ વધેલા હતાં. કોઈ ડૉક્ટર, કોઈ ઈજનેર તો કોઈ સંગીતકાર કે ચિત્રકાર હતા. ને પોતાના કામને યોગ્ય ન્યાય આપીને પછીના સમયમાં ને ક્યારેક રજા મૂકીને આમાં જોડાયેલાં હતાં … ! સાચું કહું તો એ સમયે મને સંકોચ થયો. આપણે, કહેવાતાં શિક્ષિતો, ‘આવી બધી’ બાબતોથી દૂર રહેવાનું પસંદ કરીએ છીએ, એ કેટલે અંશે યોગ્ય છે ?

ખેર … હવે સમય હતો સ્ટૂટગાર્ટ છોડવાનો. પણ વિચારો છોડતા નહોતા. … સર્જનશીલતાને મોટે ભાગે આપણે કલાના ક્ષેત્ર સાથે જોડી દીધી છે. ઈનૉવેશન [innovation] ખાલી મેનેજમેન્ટમાં જ હોય એવું થોડું છે ? ત્યાં જઈને મને લાગ્યું કે સર્જનશીલતા એ તો જીવન પ્રત્યેનો એક અભિગમ છે, જે સમગ્રમાં ડોકાયા ને દેખાયા વિના ન રહે.

… બાકી, શું વિરોધ આટલો સર્જનાત્મક હોઈ શકે ખરો … ?!

e.mail : jelamhardik@yahoo.com

સ્ત્રી-પુરુષો સાથે જોવા મળે. પછી તે કિશોર હોય, યુવાન હોય કે આધેડ યા વૃદ્ધ હોય. કુટુંબજીવન અને તેમાં પણ સંયુક્ત કુટુંબ નથી. કુટુંબજીવનમાં પતિ-પત્ની- બાળકો હોય છે. પતિ-પત્ની ન ફાવે તો ગમે ત્યારે છૂટા થઈ જાય છે, જેથી બાળકોની દશા બૂરી થાય છે. તે માતાપિતાનો પ્રેમ-હૂંફ મેળવી શકતાં નથી. પુત્ર કે પુત્રી પુખ્ત ઉંમરના થાય એટલે નોકરી શોધીને અલગ રહેવા લાગે છે. તેથી જવાબદારીની ભાવના, સ્વતંત્ર વિચારશક્તિ વિકસે છે, પરંતુ કુટુંબની હૂંફ ગુમાવે છે.

નોકરીની સલામતી નથી. ગમે ત્યારે છૂટા કરી દે, તેથી સખત કામ કરવું પડે છે. કામમાં પૂરતું ધ્યાન આપવું પડે છે. સખત કામને લીધે ભોજન પણ મોટરમાં જ લઈ લેવાનું ઘણી વાર બને છે. આને લીધે કામચોરી નથી થતી. સાથે નોકરી જવાની તાણ પણ સતત રહે છે અને ગમે ત્યારે નોકરી મળી પણ જાય છે. રંગભેદ પ્રચ્છન્ન રીતે છે જ.

સમગ્ર અમેરિકામાં મોલ સંસ્કૃતિ જ છે. નાની દુકાનો દેખાતી જ નથી. આથી નોકરિયાતનું માનસ પેદા થાય છે. બધે ખરીદી ક્રેડિટ કાર્ડથી જ થાય છે. તે પણ ઘણાં પ્રશ્નો સર્જે છે.

આપણાં ભારતીય લોકો આપણાં ધર્મ-સંસ્કૃતિ સાથે જોડાઈ રહેવાની ઈચ્છાને લીધે ગમે તે સાધુ-બાવામાં વિશ્વાસ રાખતા થઈ ગયા છે. જ્યોતિષીઓ, બાબાઓ, બાવાઓ, તાંત્રિકો અને માંત્રિકો ત્યાં જઈને સારા એવા પૈસા એકઠા કરે છે. સારી એવી અંધશ્રદ્ધા પણ જોડાઈ જાય છે. નકલી સાધુના પ્રભાવમાં આવી જાય છે. આપણે ત્યાં સેક્સ સ્કેન્ડલમાં ફસાયેલા સ્વામી નિત્યાનંદને એક મિલિયન ડૉલર દેનારા પણ ત્યાં છે. અહીંથી ત્યાં ગયા પછી પણ નાત-જાતના વાડા પણ છે. હિંદુઓમાં હિંદુ કોમવાદ સારા પ્રમાણમાં છે. ધર્મના મૂળ સિદ્ધાંતોને જીવનમાં જીવવાને બદલે કર્મકાંડમાં વધુ રસ દાખવે છે.

આપણે ગાયની પૂજા કરીએ છીએ, અવધ્ય ગણી છે, પણ દૂધ તો ભેંસનું જ પીવાય છે. અમેરિકામાં બધે ગાયનું દૂધ જ વપરાય છે. ગાય વગેરે પ્રાણીઓ શહેરમાં જોવા મળતા નથી. દૂધ દેવા ઘેર કોઈ આવતું નથી. મોલમાં જઈને દૂધનું એક કેન લઈ આવવાનું. તે ખલાસ થાય એટલે બીજું લાવવાનું. હવે ક્યારે દોહવાયું હશે, ક્યારે મોલના ફ્રિજરમાં આવ્યું હશે અને આપણે ક્યારે લઈને તેને કેટલા દિવસ ફ્રિજમાં રાખીને ચલાવીશું ? એક નિસર્ગોપચારક કહેતા હતા કે, સવારે દોહેલું દૂધ આપણે સાંજે કે બીજે દિવસે વાપરીએ છીએ, તેથી તે મરેલું દૂધ હોય છે. તો અમેરિકાના આ દૂધને શું કહીશું ?



**સરોજબહેન અને પ્રફુલ્લભાઈ દવે લિંકન-સ્મૃતિના પરિસરમાં.**
**૧૮૬૮ - ૭૪ના ગાળામાં બંધાયેલું, 'યુનાઈટેડ સ્ટ્રેસ ઑવ્ અમેરિકા'ના હણાયેલા સોળમા રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકનનું આ સમાધિસ્થળ સ્પ્રિંગફિલ્ડ(ઈલીનોય)ની 'ઑક રિડ્જ સિમેટ્રી'માં આવેલું છે.**

ઘણાં બાળમંદિરો મોન્ટેસરી પદ્ધતિથી ચાલે છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત હોય છે. વિવિધ સમયે વિવિધ અભ્યાસક્રમો ચાલતા હોય છે. તેથી વ્યક્તિ પોતાના અનુકૂળ સમયે અભ્યાસ કરી શકે છે. નિવૃત્ત માણસોને માટે તેના શોખને અનુલક્ષીને શિક્ષણ આપવાનાં કેન્દ્રો પણ છે.

લોસ એન્જેલીસમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ બહુ સીમિત વિસ્તારમાં જ છે. રિક્સા વગેરે વાહનો નથી. બધા પોતાની મોટરમાં જ ફરે છે, તેથી ઘરમાં જેટલી વ્યક્તિ હોય તેટલી મોટરો હોય છે. રોડ પર મોટરોની હારમાળા જોવા મળે. રોડ ખૂબ પહોળા. એક સાથે ૬-૭ મોટરો જતી હોય અને બાજુમાં આવતી હોય. ડ્રાઈવીંગની શિસ્ત આદર ઉપજાવે તેવી. કોઈ ઓવરટેઈક ન કરે, હોર્ન વગાડવું અશિષ્ટ ગણાય ! બે મોટર વચ્ચે નિશ્ચિત અંતર ન રખાય તો દંડ થાય. નિર્દેશ મુજબની સ્પીડમાં મોટર ચાલે. ગમે તે સમયે, પોલીસ ન હોય તો પણ લાલ બત્તી હોય ત્યાં મોટર ઊભી જ રહે, અંદરના ભાગમાં જ્યાં લાલ-લીલી બત્તી ન હોય ત્યાં ચોક આગળ STOP લખેલું હોય, ત્યાં અર્ધી રાત્રે પણ મોટર ઊભી રાખે, આજુબાજુથી કોઈ આવતું નથી ને ! તે જોઈને આગળ વધે. બે બાજુથી બે વાહન આવે તો જે પ્રથમ આવ્યું હોય તેને જવા દે. બધી જગ્યાએ પગે ચાલનારાને પ્રથમ જવા દે (આમ તો પગે ચાલનારા ઓછા હોય છે). આ શિસ્ત આદર ઉપજાવે તેવી છે, પરંતુ તેમાં કાનૂનનો ભય પણ છે. ચોક પર ગુપ્ત કેમેરા હોય છે, ક્યાંક પોલીસ પણ બેઠો હોય છે. તેની નજરમાં આવી ગયા તો સારો એવો દંડ ફટકારે છે.

ત્યાં લાંચ આપીને છટકી શકાતું નથી. ત્રણ વાર પકડાયા તો ડ્રાઈવીંગ લાઈસન્સ જ કેન્સલ થાય છે અને તે વિના તો અમેરિકામાં રહેવું અશક્ય જ છે.

અહીંની વિશેષતા ફ્રી હાઈ-વેની છે. તેની જાળ સમગ્ર લોસ એન્જેલીસમાં છે. અહીં લાલ-લીલી લાઈટ આવતી નથી, તેથી એકધારી અને વધુ સ્પીડે જઈ શકો છો. અહીં પહેલાં પબ્લિક ટ્રાન્સપોર્ટ હતું, પરંતુ ઓટો કંપની, ટાયર કંપની તથા ઓઈલ કંપનીની લોબીએ પોતાના સ્વાર્થ માટે સરકાર પર દબાણ લાવીને બંધ કરાવ્યું અને બધાંને પોતાની મોટરમાં દોડતા કર્યા, જેથી વધુ મોટરો, ટાયરો, પેટ્રોલ ખપે. જો કે અહીં પેટ્રોલના ભાવ લિટરે રૂ. ૨૫ થી ૩૦ છે, તેથી ભારત કરતાં સસ્તું છે. પેટ્રોલના ભાવ દરરોજ અને ક્યારેક તો દિવસમાં પણ બે-ત્રણ વાર બદલતા રહે છે.

દરેક વ્યક્તિ મોટર રાખે તેથી અસંખ્ય મોટરો છે, જે પાર્કિંગના પ્રશ્નો પણ ઊભા કરે છે. જાહેરસ્થળોએ બે-ત્રણ માળ સુધી પાર્કિંગ હોય છે. બધે અપંગો માટે અનામત પાર્કિંગ હોય છે, ત્યાં કોઈ સશક્ત માનવી પાર્કિંગ કરતો નથી. શિકાગોના એક બહુમાળી મકાનના ૨૦ માળ તો પાર્કિંગ માટે જ છે. કોઈ આડેધડ પાર્કિંગ કરતું નથી. દંડનો ભય રહે છે. નિશ્ચિત જગ્યાએ અમુક રકમ ભરો તો નિશ્ચિત સમય સુધી ગાડી પાર્ક કરી શકો. લોકો કાનૂનનું પાલન બરાબર કરે છે. ટેવ પડી ગઈ છે.

### ધનવાનોનું સામાજિક દાયિત્વ :

સમાજની ધનવાન વ્યક્તિઓએ પોતાના પૈસે સંસ્થાઓ-મ્યુઝિયમો ઊભાં કર્યાં છે અને સરસ રીતે તેનું સંચાલન કરે છે. જેથી લોકોને જ્ઞાન-વિજ્ઞાનની જાણકારી રસપ્રદ રીતે મળે છે.

ગ્રિફીથ જે. ગ્રિફીથે પોતાની સંપત્તિનું વિલ બનાવીને ખ્યાતનામ અવકાશવિજ્ઞાનીઓ તથા આર્કિટેક્ટની સલાહ મુજબ લોસ એન્જેલીસમાં ગ્રિફીથ ઓબઝરવેટરી અને ગ્રીક થીએટર બનાવેલ છે જેમાં અવકાશ વિજ્ઞાનની ઘણી માહિતી દર્શાવતું પ્રદર્શન છે, ટેલિસ્કોપ છે તથા અવકાશ વિજ્ઞાનની પ્રગતિના વિવિધ તબક્કા રજૂ કરતી ફિલ્મ ગ્રીક થીએટરમાં દેખાડે છે. સન ૧૯૩૫માં તે લોકો માટે ખુલ્લું મૂકાયું ત્યારથી સન ૨૦૦૨ સુધીમાં ૭૦ મિલિયન લોકોએ મુલાકાત લીધી છે. આ જ રીતે એક ઓઈલ કંપનીના માલિક પોલ ગેટીને કોઈ વારસદાર ન હોવાથી ટ્રસ્ટ બનાવ્યું અને ગેટી મ્યુઝિયમ લોસ એન્જેલીસમાં સાન્તા મોનિકા ટેકરી પર બનાવેલ છે. ટેકરી પર પહોંચવા નાની ટ્રેન છે. મ્યુઝિયમમાં ફ્રેન્ચ, આઈરીશ, ઈટાલિયન, યુરોપિયન, ડચ, અમેરિકન વગેરે દેશોના અલભ્ય ચિત્રો તેની વિગત સાથે મૂક્યાં છે. સાથે પુરાણા સમયના પડદા, રજાઈ, ટેબલ, ઘડિયાળ, પલંગ, કબાટ વગેરે છે. લિઓનાર્ડો-દ-વિન્સીનું શિલ્પ તથા તેમના ચિત્રોની એક ગેલેરી છે. ફરતો સુંદર બગીચો છે, જેમાં સેંકડો પ્રકારના કેક્ટસ છે.

શિકાગોમાં આવેલું સિયર્સ ટાવર, જે હવે વીલી નામની વ્યક્તિએ ખરીદી લીધું છે તેથી વીલીઝ ટાવર કહેવાય છે, તે વીસમી સદીનું સૌથી ઊંચું બિલ્ડીંગ હતું. હવે મલયેશિયાનું દ પેટ્રોનાસ ટાવર તેનાથી ઊંચું બન્યું છે. સિયર્સ ટાવરની ઊંચાઈ ૧,૪૫૪ ફૂટ છે. લિફ્ટમાં ૭૦ સેકન્ડમાં ઉપરના માળે પહોંચાય છે. ઉપરથી સમગ્ર શિકાગો શહેરના દર્શન થાય છે.

શિકાગોમાં જ આવેલ બર્કિંગહામ ફાઉન્ટેન એક વિધવા ધનવાન સ્ત્રીએ પોતાના ભાઈની સ્મૃતિમાં બનાવેલ છે. જે ફુવારાના શિકરો દૂર સુધી ઊડે છે. રાત્રે તે ફુવારા રંગીન બને છે અને સંગીત પણ વાગે છે.

પ્રવાસીઓને આકર્ષવા પ્રવાસીમથકોની જાળવણી સારી રીતે થાય છે. દરેક સ્થળે તેની માહિતી આપતાં બ્રોશર મળે છે. ગાઈડ હોય છે. આધેડ કે વૃદ્ધ ઉંમરની નિવૃત્ત મહિલાઓ અહીં સેવા આપે છે. વિદ્યાર્થીઓ પણ પાર્ટ ટાઈમ જોબ તરીકે કામ કરે છે. દરેક સ્થળે સ્વચ્છ બાથરૂમ હોય છે. થોડા થોડા સમયે ત્યાં નવીનીકરણ થતું રહે છે, જેથી પ્રવાસીઓને ફરી જવાનું મન થાય. પ્રવાસીઓની બધી સગવડ જાળવે છે, માન આપે છે.

**વૈજ્ઞાનિક દૃષ્ટિની કેળવણી :**

વિદ્યાર્થીઓમાં-નાગરિકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવાય તે માટેનાં મ્યુઝિયમ પણ ઘણાં છે. એક્વેરિયમ ઑફ પેસિફિકમાં દરિયાઈ જીવસૃષ્ટિને સુંદર રીતે દેખાડે છે. સાથે દરિયાઈ જીવો માનવજીવન સાથે શી રીતે અભિન્નપણે જોડાયેલાં છે અને તેની જાળવણી શા માટે જરૂરી છે તેનું જ્ઞાન આપતાં ચિત્રો-ફિલ્મો-પત્રિકાઓ-પુસ્તિકાઓ આપતી ઘણી સંસ્થાઓ ત્યાં કાર્યરત હોય છે. બધે વિદ્યાર્થીઓ ખૂબ આવે છે.

કેલિફોર્નિયા સાયન્સ સેન્ટરમાં દાખલ થતાં જ ઉચ્ચાલનનો નિયમ દર્શાવતો પ્રયોગ કરવાનું બને છે. એક બાજુ સાંકળ ખેંચવાથી બીજી બાજુ રહેલી મોટર ઊંચી થાય છે. અહીં ઈજિપ્તના પિરામિડો, અન્ય દેશોની સંસ્કૃતિ, માનવશરીરના અંગોની રચના અને તેનાં કાર્યો, પર્યાવરણને અસરકર્તા પરિબળો અંગેની ફિલ્મ, પર્યાવરણ શુદ્ધ રાખવાના ઉપાયો, સમાજપરિવર્તનને અસરકર્તા ત્રણ પરિબળો - સંદેશાવ્યવહાર, ગતિ અને સ્ટ્રક્ચર - તેની પ્રયોગાત્મક રજૂઆત, ધરતીકંપના કારણો, ધરતીકંપ સમયે નુકસાન ન થાય તેમ મકાનની બાંધણી કેમ કરવી વગેરે મોડેલ દ્વારા દર્શાવાય છે.

સાન હોસે(સાન ફ્રાન્સિસ્કો)માં આવેલ કોમ્પ્યુટર સાયન્સ સેન્ટરમાં કોમ્પ્યુટરની શરૂઆતથી તેનો સમગ્ર ઈતિહાસ, તેમાં થયેલા સુધારા અંગે ફિલ્મો-ચિત્રો-મોડેલ દ્વારા દર્શાવે છે.

કલા પ્રત્યે અભિરુચિ વધે તે માટે સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં આર્ટ મ્યુઝિયમ છે. તે સ્ટેનફર્ડ નામની વ્યક્તિની સંપત્તિથી બનેલ છે. જેમાં વિવિધ દેશોના અદ્ભુત ચિત્રો-શિલ્પો છે. આ યુનિવર્સિટી અમેરિકામાં બીજા નંબરે છે. ખૂબ વિશાળ કેમ્પસ છે. શિકાગોમાં હિસ્ટરી મ્યુઝિયમ, શેડ એક્વેરિયમ, એડલર પ્લેનેટોરિયમ છે.

મનોરંજનની સાથે જ્ઞાન મળે તેવાં ભવ્ય સ્થાનોમાં યુનિવર્સલ સ્ટુડિઓ છે, જ્યાં ફિલ્મ બનાવતી વખતે જે કરામતો થતી હોય છે, જે રીતે ફિલ્મ બને છે તેની ટેકનિક જોવા મળે છે. ડિઝનીલેન્ડમાં વિવિધ રાઈડ્સ મનોરંજન આપે છે સાથે શિક્ષણ પણ આપે છે. સાન ડિયાગોમાં જળચર પ્રાણીઓ - વ્હેલ, પેંગ્વીન, સી લાયન તથા પક્ષીઓને તાલીમ આપીને અદ્ભુત ખેલ કરાવે છે. જળચર સૃષ્ટિનું માનવજીવનમાં શું સ્થાન છે તે અંગેની ફિલ્મ અને પ્રદર્શન પણ જોવા મળે છે.

લાસ વેગાસ જુગારનું મથક ગણાય છે, પરંતુ તેને નજરઅંદાજ કરીને તેની હોટેલોની બાંધણી, તેમાં રહેલા ચિત્રો-શિલ્પો-ટેક્નોલોજીની કરામત તથા ગાર્ડન ખરેખર જોવાલાયક છે. હોટેલમાં વ્યવસ્થા અને સલામતીની વ્યવસ્થા પણ દાદ માંગી લે તેવી છે.

**ઈતિહાસની સાચવણી :**

આ દેશ પોતાના ઈતિહાસને આદરપૂર્વક સાચવી રાખે છે. ઐતિહાસિક સ્થળોને ટુરિસ્ટ સ્પોટ તરીકે વિકસાવ્યા છે. અબ્રાહમ લિંકન ઈલિનોય સ્ટેટના સ્પ્રિંગફિલ્ડ ગામમાંથી ચૂંટાઈને અમેરિકાના ૧૬મા પ્રમુખ બનેલા. તેમણે રંગભેદને નાબૂદ કરવા આંતરવિગ્રહ પણ વહોરી લીધેલો. સામાન્ય કઠિયારાનો પુત્ર આપબળે આગળ વધ્યો તેનું ગૌરવ અમેરિકાને છે. તે વિસ્તારમાં બધી મોટરો પર 'લેન્ડ ઑફ લિંકન' લખેલું હોય છે. તેમનું ઘર, ઓફિસ, તેના સમગ્ર જીવનને રજૂ કરતું પ્રદર્શન, તેની કબર બધું સરસ રીતે સાચવેલ છે. તેમની કબરના સ્થળ અંગે ઈન્ડિઆના અને ઈલિનોય સ્ટેટ વચ્ચે ખેંચતાણ થયેલી. આખરે લિંકનનાં પત્નીની ઈચ્છા મુજબ ઈલિનોય સ્ટેટના સ્પ્રિંગફિલ્ડમાં તે છે. ત્યાં લિંકનની મોટી પ્રતિમા પણ છે. ન્યૂ સાલેમમાં તેઓ જે લાકડાની કેબિનમાં રહેતા, તે કેબિનો પણ સાચવી રાખી છે.

આ રીતે અમેરિકાના બાર પ્રમુખોના મ્યુઝિયમો જુદાં જુદાં સ્થળે છે. રિચર્ડ નિક્સનના મ્યુઝિયમમાં તેના જીવન અને કાર્યોને દર્શાવતા ચિત્રો-ફિલ્મ છે, લખાણો છે. વિશ્વના વિવિધ નેતાઓ સાથેની વાતચીતની પ્રતિમાઓ છે, બર્લિનની દીવાલનો ટુકડો છે, તો તેનો જે ઘરમાં જન્મ થયેલો તે ઘર એમ જ સાચવેલું છે. તે આંગણામાં જ તેની અને તેના પત્નીની કબર છે. વોટરગેટ પ્રકરણને લીધે તેઓને રાજીનામું આપવું પડેલું ત્યારે જે હેલીકોપ્ટરમાં બેસીને તેમણે વિદાય લીધેલી તે હેલીકોપ્ટર પણ ત્યાં રાખેલું છે.

વિખ્યાત લેખક માર્ક ટ્વેઈન Hannibal ગામમાં રહેતા હતા. ત્યાં તેમનું ઘર, જન્મસ્થાન, તેમના પિતાની ઓફિસ - બધું જોવા મળે છે. માર્ક ટ્વેઈનનું નામ તો Samuel Laughome Clemems હતું. અગાઉના સમયમાં જ્યારે નેવીગેશન ક્ષેત્રે ખાસ જાણકારી નહોતી ત્યારે ખલાસીઓ દોરડાને માર્ક કરીને ગાંઠો મારતા. બે ગાંઠો વચ્ચેનું અંતર ૧૨ ફૂટ રહેતું. તે પરથી તેમણે માર્ક ટ્વેઈન નામ રાખેલું.

માર્ક ટ્વેઈને ટોમ સોયરના પરાક્રમોની સુંદર વાર્તા લખી છે, જે વિશ્વ પ્રસિદ્ધ છે. તેમાં ટોમ સોયરને તેની માતાએ દીવાલ ધોળવાનું કામ સોંપેલું, જે ટોમને જરાપણ પસંદ નહોતું. ટોમે યુક્તિથી પોતાના સાથીદારોને તે કામ કેટલું અગત્યનું અને આવડત ધરાવતું છે તે ઠસાવીને, મિત્રો પાસેથી નાની નાની લાંચ લઈને મિત્રો દ્વારા જ દીવાલ ધોળાવેલી. તે કથાને તાદૃશ્ય કરતી દીવાલ, રંગનો ડબ્બો અને પીંછડો આજે પણ ત્યાં રાખ્યો છે.

દાના નામની ધનવાન અગ્રણી મહિલાએ આર્કિટેક્ટની દૃષ્ટિએ ખૂબ સુંદર મકાન બનાવેલું. તે મકાન આજે રાજ્યે ખરીદીને ટુરિસ્ટ સ્પોટ બનાવેલ છે. મકાનની સુંદર બાંધણી, અંદરના ચિત્રો-શિલ્પો મનમોહક છે. તે જ રીતે કવિ Vachel Lindseyનું ઘર પણ સાચવી રાખ્યું છે.

લોસ એન્જેલીસમાં આવેલ Point Fermin Lighthouse ૧૮૭૪માં વિક્ટોરિયન શૈલીથી બનેલ. તે લાઈટહાઉસે ૬૭ વર્ષ કામ આપેલ. બીજા વિશ્વયુદ્ધ સમયે તેને નુકસાન થયું અને કામ કરતું બંધ થયું, પરંતુ તે સમયના બધાં સાધનો - તે સમયનો લેમ્પ, રેડિયો તથા અન્ય યંત્રો સાચવી રાખ્યા છે.

**અદ્‌ભુત ઈમારતો :**

અમેરિકાએ વિજ્ઞાન, ટેક્નોલોજી અને એન્જિનીયરિંગનો સુભગ સમન્વય કરીને અદ્‌ભુત ઈમારતોનું સર્જન કર્યું છે. ઈલિનોય સ્ટેટના સેંટ લુઈસ શહેરમાં મિસીસીપી નદીના કાંઠે બનાવેલા ગ્રેઈટ આર્ચની રચના અકલ્પનીય છે. અમેરિકામાં આવેલા ગોરાઓ પહેલાં અમેરિકાના પૂર્વ વિસ્તારમાં સ્થાયી થયેલા. મિસીસીપી નદી ઓળંગીને પશ્ચિમ બાજુ ગયા નહોતા. તે વિસ્તાર કેવો છે તેની તપાસ કરવા તેઓએ એક ટુકડી મોકલેલી. તેણે અહેવાલ આપ્યો કે તે વિસ્તાર ખૂબ ફળદ્રુપ છે. માનવવસ્તી ઓછી છે. ઘણાં રિસોર્સિસ છે. આ વિસ્તાર ત્યારે નેપોલિયનના તાબામાં હતો. તે આટલે દૂર આવેલ વિસ્તાર સંભાળી શકે તેમ નહોતો. તેથી તેણે તે વિસ્તાર અહીંની ગોરી સરકારને વેંચી દીધો અને આ અંગ્રેજો મિસીસીપી ઓળંગીને પશ્ચિમના વિસ્તારમાં ગયા. તેના માનમાં પ્રેસિડન્ટ જેફરસનના નામનો પાર્ક બનાવેલ છે તથા પશ્ચિમના પ્રવેશદ્વારના પ્રતીક તરીકે ૬૩૦ ફૂટ ઊંચી ગ્રેઈટ આર્ચ બનાવેલ છે. તેના બાંધકામમાં ઘણાં ઈજનેરોનો ફાળો છે. નીચેથી પહોળી અને ઉપરથી સાંકડી થતી જતી આર્ચના ઉપરના ભાગે બન્ને બાજુથી જોડતાં ઘણી મુશ્કેલી પડેલી.

ગ્રેઈટ આર્ચનો બહારનો ભાગ સ્ટેઈનલેસ સ્ટીલનો બનેલો છે. અંદરનો ભાગ કાર્બન સ્ટીલનો બનેલો છે. વચ્ચેનો ભાગ સિમેન્ટ કોંક્રીટનો બનેલો છે. ઠેઠ ઉપર લઈ જવા માટે આર્ચની બન્ને બાજુએ વચ્ચે ટ્રામની વ્યવસ્થા છે. તે ટ્રામમાં પાંચ કેબિન છે. એક કેબિનમાં પાંચ વ્યક્તિ બેસી શકે છે. કેબિનના દ્વાર ભીંતમાં જ ખૂલે છે. તે લિફ્ટની જેમ ઉપર જાય છે. ઉપર ૭૦-૮૦ માણસો ઊભા રહી શકે તેટલી જગ્યા છે. બન્ને બાજુ કાચની બારી છે. ત્યાંથી દૂર સુધીનો પ્રદેશ જોઈ શકાય છે.

આર્ચની નીચે ૪૦ ફૂટ ઊંડે વિશાળ જગ્યામાં પ્રદર્શન-ગિફ્ટ શોપ તથા થીએટર છે. મ્યુઝિયમમાં અમેરિકાનો-સેંટ લુઈસનો ઈતિહાસ તથા અંગ્રેજો આવ્યા તે પહેલાં ત્યાંના જે સ્થાનિક રહેવાસીઓ હતા તેઓની જીવનશૈલીનો ચિતાર આપતાં ચિત્રો-લખાણો-મોડેલો છે. ત્યાંના મૂળ રહેવાસીઓની માન્યતા હતી કે (૧) જમીન એ આધ્યાત્મિક સંપત્તિ છે, (૨) જમીનની માલિકી કોઈ વ્યક્તિની ન હોઈ શકે, સમાજ તેનો માલિક છે, (૩) કુદરત સાથેનો સંબંધ શોષણનો નહીં, મૈત્રીભર્યો હોય. પરંતુ જે અંગ્રેજો ત્યાં ગયા તે તો ભોગ-લોભ-આક્રમણ-હિંસા-શોષણમાં માનનારા હતા.

આવું જ બીજું સ્થાન સાનફ્રાન્સિસ્કોમાં આવેલ ગોલ્ડન ગેટ બ્રિજ છે. આ બ્રિજ ખુલ્લા દરિયામાં બાંધેલ છે. ૧૯૩૭માં મોટી આર્થિક મંદીના સમયે લોકોને કામ આપવા આ બ્રિજ ૩૨ મિલિયન ડૉલરના ખર્ચે બાંધેલ. આ બ્રિજ સાનફ્રાન્સિસ્કોને મરીન કાઉન્ટી તથા રેડવુડ એમ્પાયર સાથે જોડે છે. બ્રિજ સ્ટીલના બનેલા બે મોટા ટાવર પર ઊભો છે. બ્રિજની લંબાઈ ૮,૯૮૧ ફૂટ છે તથા પાણી ઉપર ૭૪૬ ફૂટ ઊંચો છે.

આ જ રીતે નેવાડા સ્ટેટમાં આવેલ ૧,૪૦૦ માઈલ લાંબી કોલોરાડો નદી પર બાંધેલ હુવર ડેમ પણ એન્જિનીયરિંગની કમાલ છે. આ ડેમ લાસ વેગાસની નજીક છે. કોલોરાડો નદી પર્વતમાંથી નીકળીને કેલિફોર્નિયાના અખાતને મળે છે. વર્ષોવર્ષ તેમાં પૂર આવવાને લીધે કાંઠા પરના વિસ્તારમાં ઘણી ખાનાખરાબી થતી હતી. તેથી તેના પર ડેમ બાંધીને નદીમાં આવતા પૂરને રોકવું જરૂરી હતું, પરંતુ આ નદી સાથે સાત રાજ્યો સંકળાયેલા હતા અને બધા વચ્ચે સમજૂતી થવી જરૂરી હતી. ખૂબ મહેનતે આ સમજૂતી થઈ અને ૧૯૩૧માં ડેમનું કામ શરૂ થયું. જે ૧૯૩૫માં પૂરું થયું, જે નક્કી કરેલ સમયમર્યાદા કરતાં બે વર્ષ વહેલું હતું તેમ જ નિશ્ચિત બજેટમાં જ પૂરું થયું હતું. આ ડેમ અમેરિકાના મોડર્ન સિવિલ એન્જિનીયરીંગની સાત અજાયબીઓમાંનો એક છે. ૧૯૯૯માં વીસમી સદીના પાંચ મોટા બાંધકામોમાં તેનો નંબર હતો. આ ડેમ બંધાવાને લીધે પરંપરાગત એન્જિનીયરિંગમાં પણ ઘણો વિકાસ થયો. આ ડેમનું પાણી જ્યાં સંગ્રહાય છે તેને Lake Mead કહે છે. તેમાં ૨૮.૫ મિલિયન એકર ફીટ (૯.૨ ટ્રિલિયન ગેલન) પાણી સંગ્રહાય છે. આ ડેમ બનાવવામાં પ્રેસિડેન્ટ હુવરે મુખ્ય ભૂમિકા ભજવેલી તેથી તેનું નામ હુવર ડેમ રાખેલ છે.

આ ડેમથી ૧૦ લાખ એકર જમીનને ખેતી માટે પાણી મળે છે. મેક્સિકોની પાંચ લાખ એકર જમીનને પણ પાણી મળે છે. લાસ વેગાસ, લોસ એન્જેલીસ, સાન ડિયાગો, ફોનિસ તથા દક્ષિણ પશ્ચિમના શહેરોના ૨૦ મિલિયન લોકોને પીવાનું પાણી પણ મળે છે.

હુવર ડેમમાંથી ૩ બિલિયન કિલોવૉટ/કલાક વીજળી મળે છે, જે ૧.૩ મિલિયન લોકોને પહોંચે છે. ૧૯૩૯ થી ૧૯૪૯ સુધી હુવર પાવર પ્લાન્ટ વિશ્વનો સૌથી મોટો હાઈડ્રોલિક પાવર પ્લાન્ટ હતો. આજે પણ અમેરિકાનો પ્રથમ નંબરનો પાવર પ્લાન્ટ છે.

લોસ એન્જેલીસથી આશરે ૧૦૦ માઈલ દૂર આવેલ પામ સ્ટ્રીમ બે-ત્રણ દૃષ્ટિએ વિશિષ્ટ છે. એક તો તેની આજુબાજુ મોટો રણ વિસ્તાર છે. ત્યાં જતાં રસ્તે કોઈ વૃક્ષ દેખાય નહીં. સરકારે હજારો પવનચક્કીઓ બેસાડી છે, જેમાંથી પાવર મેળવે છે. બીજું, ત્યાં તળેટી પરથી ઉપર જવા માટે ટ્રામ છે. જેમાં ૭૦-૮૦ માણસો ઊભા રહી શકે. ચારે બાજુ કાચની બારીઓ છે, જેથી બહારના દૃશ્યો જોઈ શકાય. આ ગોળાકાર ટ્રામ ગોળ-ગોળ ફરતી ઉપર જાય છે. તેનો માર્ગ એટલો ચોક્કસપણે ગોઠવેલો છે કે સામે આવતાં વૃક્ષો, ઈલેક્ટ્રીક થાંભલા, ખડકોની સાવ નજીકથી પસાર થઈ જાય છે. આપણને ભય લાગે કે હમણાં ક્યાંક ભટકાશે ! વિજ્ઞાન-ટેક્નોલોજી અને એન્જિનીયરિંગનો આ અદ્‌ભુત રોમાંચક સંગમ છે.

ત્રીજું આશ્ચર્ય એ છે કે નીચે રણપ્રદેશ છે, ઉપર જઈને વિરોધી દિશામાં જઈએ તો ગાઢ જંગલ છે, ઊંચાં મોટાં વૃક્ષો છે, નદી-નાળાં છે.

પામ એટલે હથેળી જેવો પ્રદેશ. તે પ્રદેશ ચારે બાજુએથી પર્વતોથી ઘેરાયેલો છે. અહીં અમેરિકાના મૂળ રહેવાસી Cahuilla Indiansની વસાહત છે. ત્યાંની ભૌગોલિક, સાંસ્કૃતિક પરિવેશની તથા પક્ષીઓ-પ્રાણીઓની માહિતી આપતી ફિલ્મ દેખાડાય છે, નાનું મ્યુઝિયમ પણ છે.

**કુદરતે સર્જેલાં સ્થળો :**

અમેરિકામાં કેટલાક સ્થળે કુદરત દ્વારા મનોહર રોમાંચક સ્થળો સહજ રીતે સર્જાયાં છે. તેમાં લાસવેગાસથી ત્રણ-ચાર કલાકને રસ્તે આવેલ ગ્રાન્ડ કેન્યોન એક અદ્‌ભુત અજાયબી છે. ત્યાં પહોંચતા રસ્તે રણપ્રદેશ આવે છે, જ્યાં થોર સિવાય કોઈ વનસ્પતિ દેખાતી નથી. માનવવસ્તી પણ જૂજ દેખાય છે, પરંતુ ત્યાં જઈને જોઈએ ત્યારે જ તેની ભવ્યતા અને રમ્યતાનો ખ્યાલ આવે છે.

આશરે બે બિલિયન વર્ષનો ભૂસ્તરીય ઈતિહાસ અહીં સચવાયેલો છે. કોલોરાડો નદી દ્વારા ૧૭ મિલિયન વર્ષ પહેલાં આ માર્ગ કંડારાયેલો. આ નદી પર્વતોને સતત ઘસારો આપતી રહી. યુરોપિયનો અહીં આવ્યા તે પહેલાં અહીંના મૂળ લોકો રહેતા હતા, તેઓ આ સ્થળને તીર્થભૂમિ ગણતા હતા. ત્યાંનો બરફ ઓગળતો ગયો અને કોલોરાડો નદી ક્રમશઃ નીચે ઊતરતી ગઈ અને પર્વતો ખુલ્લા થતા ગયા. આજે નદી એક માઈલ ઊંડે વહે છે. તે ૩૦૦ માઈલ લાંબી ખીણમાં વહે છે. આ ખીણની પહોળાઈ ૪ થી ૧૮ માઈલ છે. ખુલ્લા થયેલા પર્વતોમાં ઉપરથી નીચે અલગ અલગ સ્તરો અને રંગો જોવા મળે છે. ઉપરના વાદળાં-આકાશ - આ રંગીન પર્વતો એકાકાર થઈને અદ્‌ભુત દૃશ્ય સર્જે છે. અહીં આવેલ પ્રથમ યુરોપિયન સ્પેનનો હતો. તે ૧૫૪૦માં આવેલો. તેનું નામ Garcia Lopez de Cardenes હતું.

આ સ્થળ પ્રવાસન સ્થળ તરીકે વિકસાયેલ છે. ત્યાં બસમાં બે-ત્રણ સ્થળેથી આ ભવ્યતાના દર્શન કરાવે છે. હેલિકોપ્ટર દ્વારા ઠેઠ નીચે પણ લઈ જાય છે.

ટોમ સોયરની ગુફા, જે ગામ Hannibalથી થોડે દૂર છે, જેના વિશે માર્ક ટ્વેઈને ટોમ સોયરના પરાક્રમો વર્ણવતાં આ ગુફામાં ટોમ અને તેની સ્ત્રીમિત્ર રહેલાં તે લખ્યું છે. આ ગુફા ચૂનાના મોટા પથ્થરોથી બનેલા પર્વતોમાં ઉપરથી પાણી ટપકીને-ઝમીઝમીને નીચે આવીને પથ્થરોને કોરીને ગુફા બનાવી છે. અંદરની શિલાઓ લીસી-ચળકતી બની ગઈ છે. તેની પાસે ૧૯૨૫માં મળી આવેલી આર્ચ કેમેરોન ગુફા પણ છે. ટોમ સોયરની ગુફામાં જેસી જેમ્સ નામનો બહારવટિયો સંતાયેલો. ૧૯૪૮માં ડૉ. જોસેફ મેકડોવેલે ત્યાં માનવશરીર પર

પ્રયોગ કરવા પ્રયોગશાળા બનાવેલી. ગુફા અંદરથી ખૂબ અંધારી - અત્યંત ઠંડી છે. તેમાં સાંકડા રસ્તા છે. ભુલભુલામણી જેવું છે. અંદર ઘણા બધા રસ્તા ખુલે છે. જો ગાઈડ ન હોય તો એકલા બહાર નીકળવું મુશ્કેલ બને. અંદર સતત ટપકતાં પાણીને લીધે પથ્થરોએ વિવિધ આકારો ધારણ કર્યા છે. લટકતો જોડો, લિંકનનું નાક, ક્રોસની નિશાની વગેરે જોવા મળે છે.




**ટોમ સોયર્સની વાડ**

શિકાગો શહેરને ત્રણ બાજુથી ઘેરીને રહેલું મિશિગન તળાવ મીઠા પાણીનું છે. અમદાવાદથી બેંગ્લોરનું અંતર થાય એટલું મોટું આ તળાવ છે. ક્રુઝમાં ત્યાંથી કેનેડા સુધી જવાય છે. શિકાગોમાં ૭૫૦ વર્ષ સુધી વરસાદનું એક ટીપું પણ ન પડે તો પણ આ તળાવને લીધે શિકાગોને પાણીની તકલીફ ન પડે. શિયાળામાં આ તળાવનું પાણી ઠરીને બરફ થઈ જાય છે.

કેટેલીના ટાપુ લોસ એન્જલીસથી નજીક છે. ક્રુઝમાં બેસીને દોઢ કલાકે ત્યાં પહોંચાય છે. આ ટાપુ પર મોટો પર્વત છે અને ફરતો દરિયો છે. ખૂબ સુંદર કુદરતી વાતાવરણ છે. પર્વત પર ઠેર ઠેર સુંદર મકાનો અને હોટેલો છે. પ્રવાસીઓ પર જ આ ટાપુ નભે છે. ભાડે હોડી લઈને સહેલાણીઓ દરિયામાં ફરે છે. ટુરિસ્ટ બસ સહેલાણીઓને સમગ્ર ટાપુ પર ફેરવતાં પર્વતની ટોચ સુધી લઈ જઈને કુદરતી સૌંદર્યના દર્શન કરાવે છે. બાબાગાડી જેવી નાની મોટર ભાડે લઈને સહેલાણીઓ ટાપુ પર ફરે છે.

## ધાર્મિક સ્થાનો :

અમેરિકામાં કેટલાંક ધાર્મિક સ્થળોએ જવાનું બન્યું. લોસ એન્જેલીસ અને શિકાગોમાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમનું ભવ્ય સ્વામીનારાયણ મંદિર શહેરથી ખૂબ દૂર, મોટા વિસ્તારમાં પથરાયેલું છે. તેની કલાકારીગરી-કોતરણી સુંદર છે. સમગ્ર મંદિર પરિસર રમણીય છે. બધા સાધુઓ અને સત્સંગીઓ ગુજરાતી છે.

પરમહંસ યોગાનંદની ઓટો-બાયોગ્રાફી આપણે ત્યાં ખૂબ વંચાય છે. અમેરિકામાં તેના આઠ આશ્રમો છે. તેમાં લોસ એન્જેલીસમાં આવેલ self-realization fellowship આશ્રમ Lake Shrine ખૂબ સુંદર છે, વિશાળ છે. નીચે વચ્ચે મોટું તળાવ છે. જેમાં રંગબેરંગી માછલીઓ તરે છે. ફરતી પગદંડી છે. જેની બન્ને બાજુ સુંદર ફૂલો જોવા મળે છે. એક જગ્યાએ ગાંધીજીના અસ્થિ રાખ્યા છે, તે સ્થળનું નામ Mahatma Gandhi Peace Memorial રાખ્યું છે. ટેકરી પર સફેદ રંગનું, કલાત્મક બાંધણીવાળું મંદિર છે, જ્યાં ૪૦૦ માણસો બેસી શકે તેવો ધ્યાનખંડ છે. સ્ટેજ પાછળ પરમહંસ યોગાનંદ, ગુરુ યુક્તેશ્વર, લાહિરી મહાશય તથા રામ અને કૃષ્ણના મોટા ફોટા છે. ખૂબ શાંત વાતાવરણ છે. અહીં યોગાનંદજીના પુસ્તકો, પ્રવચનોની કેસેટ, સી.ડી. તથા અન્ય ગિફ્ટ આપવા માટેની વસ્તુઓ વેંચાય છે.

મહાન તત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિ ઓહાઈ (Ojai) વેલીમાં રહેતા હતા, જે લોસ એન્જેલીસથી આશરે ૧૦૦ માઈલ દૂર, જંગલ જેવા વિસ્તારમાં, માનવવસ્તીથી દૂર છે. તેઓએ જે પીપર ટ્રી નીચે જ્ઞાન પ્રાપ્ત કરેલું તેનું થડ રાખી મૂક્યું છે. તેઓનું ઘર, લાઈબ્રેરી, કોન્ફરન્સ રૂમ છે. ત્યાં રહેવાની વ્યવસ્થા છે. બાજુમાં ઓક ગ્રુવ સ્કૂલ છે, જેમાં ૨૦૦ બાળકો અભ્યાસ કરે છે. એક વર્ગમાં ૧૩ બાળકો હોય છે. વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ ૭:૧નું છે.



**જે. કૃષ્ણમૂર્તિનું નિવાસસ્થાન**

શિકાગોમાં આવેલ સફેદ રંગનું બહાઈ મંદિર કલાકૃતિનો ઉત્તમ નમૂનો છે. આજુબાજુ સુંદર બગીચો, ફૂવારા, કુદરતી વાતાવરણ છે. અંદર મોટા ધ્યાનખંડમાં માનવએકતા-પ્રેમ-બંધુતાના સૂત્રો છે.

બહાઈ ધર્મની સ્થાપના વર્ષ ૧૮૪૪માં બહાઉલ્લાહે કરેલી. તે ધર્મનો પરિચય આપતી પત્રિકા અનેક ભાષામાં ત્યાં મળે છે. બહાઈ ધર્મના મૂળ સિદ્ધાંતો નીચે મુજબ છે.

(૧) સ્ત્રી-પુરુષ સમાનતા
(૨) પૂર્વગ્રહોથી મુક્ત થવું
(૩) ધર્મ અને વિજ્ઞાન વચ્ચે સંવાદિતા સ્થાપવી
(૪) વિશ્વ સરકાર દ્વારા વિશ્વ શાંતિ
(૫) સાર્વત્રિક શિક્ષણ
(૬) આર્થિક સમસ્યાઓનો ઉકેલ અધ્યાત્મમાં છે.

લોસ એન્જેલીસમાં જ આવેલ બુદ્ધિષ્ટ ટેમ્પલ પણ વિશિષ્ટ સુંદરતા ધરાવે છે. તાઈવાનના બૌદ્ધ ધર્મના અનુયાયીઓ દ્વારા ૧૫ એકર જમીન પર બંધાયેલું આ મંદિર બૌદ્ધ ધર્મની પૌરાણિક પરંપરાનું છે. આ મંદિરનું નામ Hsi Lai Temple છે. તેનો અર્થ છે - Coming West. બુદ્ધનો સંદેશ ફેલાવવા પશ્ચિમ તરફ આવવાનું સૂચન છે. મંદિરની સ્થાપના વિખ્યાત બૌદ્ધ સાધુ માસ્ટર Hsing Yon દ્વારા ૧૯૬૭માં થઈ છે. બુદ્ધની જ એક Fo Guang Shan પરંપરા છે. તેનો પ્રચાર-પ્રસાર અહીં થાય છે.

મંદિરના પગથિયાં ચડતાં જ બોધિસત્વ હૉલ છે. બૌદ્ધ સંપ્રદાયના અનેક સાધુના ચિત્રો છે. મંદિરમાં બુદ્ધની મોટી પ્રતિમા છે. તે ઉપરાંત નાના આકારની બુદ્ધની ૧૦ હજાર મૂર્તિઓ છે. ઘણા માણસો બેસી શકે તેવો ધ્યાનખંડ છે, લોબીમાં પણ વિવિધ બૌદ્ધ સાધુઓની મૂર્તિઓ છે, બુદ્ધની વિશિષ્ટ પ્રતિમાઓ છે, લાફીંગ બુદ્ધની ઘણી પ્રતિમાઓ છે. અહીં કોઈ ગાઈડ નથી, પરંતુ તમને કેસેટ પ્લેયર તથા ઈયરફોન આપી દે છે. તે ચાલુ કરીને, તે સાંભળતા તમારે ફરતા રહેવાનું. તેમાં બધી માહિતી મળે છે.

## એકલ વિદ્યાલય :

અમેરિકાના પ્રવાસ દરમ્યાન શિકાગોમાં એક કાર્યક્રમમાં જવાનું બન્યું ત્યારે જાણ્યું કે અમેરિકામાં સ્થિર થયેલા ભારતીયો ભારતને ભૂલ્યા નથી. તેઓ ભારતના ગરીબો માટે કંઈક કરવા તત્પર છે. તેઓ ફંડ એકઠું કરીને ગરીબ-નિરક્ષર બાળકો માટે શાળાઓ ચલાવે છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં આ શાળાઓ ચાલે છે. આ શાળામાં એક જ શિક્ષક હોય છે તેથી તેને એકલ વિદ્યાલય કહે છે. શિક્ષક તરીકે શાળાના વિસ્તારના થોડું જ ભણેલા યુવાનને તાલીમ આપીને શિક્ષક બનાવે છે.

# ભોમિયા વિનાના મારે ભમવા'તા ડુંગરા

• આશા બૂચ

સ્વીત્ઝર્લેન્ડનું નામ પડે ત્યાં બરફાચ્છાદિત પર્વતો અને નિર્મળ જળરાશીવાળાં વિશાળ સરોવરોની કલ્પના આવે. 'સ્વર્ગીય ભૂમિ' એ જાણે સ્વીત્ઝર્લેન્ડનો સમાનાર્થી શબ્દ છે. એ સુંદરતાનું દર્શન કરવાની ઈચ્છા ત્રણેક દાયકાઓથી મનમાં ધરબી રાખેલી તે છેવટ ૨૦૧૦ના જૂન મહિનામાં બર આવી.

હવાઈ જહાજે અમને મ્યુનિક ઉતાર્યા પછી મુસાફરીની ખરી મજા શરૂ થઈ. યુરોપનો રેઈલ પાસ ખરીદીને જ ગયેલાં એટલે પંદરેક ડબ્બા જોડેલી ટ્રેઈન જર્મનીના આપણા રજકા જેવી વનસ્પતિથી છવાયેલાં ખેતરો અને નાનાં મોટાં ગામો વટાવતી અમને ઝડપથી ઓસ્ટ્રીયાની સરહદે લઈ ચાલી. ત્યાં વસતી ઘણી પાંખી જોવા મળી અને મોટા ભાગનાં ઘરો ઉપર અર્ધી કે આખી છત સોલર પેનલથી મઢેલી જોવા મળી. એનો અર્થ એ કે જર્મનીની પ્રજા સૂર્ય ઊર્જાનો સુપેરે ઉપયોગ કરે છે. નકશા પર દેખાતી બે દેશો વચ્ચેની સરહદો તો માનવ સર્જિત છે. સફર કરતાં કરતાં બીજાં દેશમાં ક્યારે પ્રવેશી ચુક્યાં એ ત્યારે જ ખ્યાલ આવ્યો કે જયારે ધીરે ધીરે પહાડો, તેમાંથી નીકળતાં ઝરણાં અને નદીઓ વધુ દેખાવા લાગ્યાં. મજા તો ત્યાં આવી કે એકલ દોકલ પહાડ નહીં પણ એક સાથે બે ચાર પહાડોની હાર એક બીજાના ખભ્ભે ચડીને બેઠેલી જોવા મળી. કેટલાક પર્વતોની ટોપી પરથી બરફ હજુ ય ખસવાનું નામ નહોતો લેતો. મોટા ભાગના પર્વતો ઉનાળો હોવાને કારણે ગીચ જંગલોથી છવાયેલા હતા, તો વળી એનો પડોશી પહાડ જાણે 'મારે એવી વનરાજી સાથે કશી લેવા-દેવા નથી' એમ કહીને માત્ર ભારે શીલાઓ ખડકીને ઊભા દેખાયા.

અમારું પાંચ દિવસ માટેનું નિવાસસ્થાન Salzburg થી ૯૦ કિ.મિ. દૂર, આલ્પ્સની ગિરિમાળામાં, દરિયાની સપાટીથી ૭૫૦ મિટરની ઊંચાઈએ, પલાંઠી વાળીને બેઠેલું એક નાનું સરખું Schladming નામનું ગામ હતું. ૧,૮૯૪ મિટર અને ૧,૮૫૦ મિટર ઊંચા એવા બે જાણીતા અને બીજા બે એવા જ ઊંચા પહાડોની વચ્ચે આવેલ આ ગામ શિયાળાની ઋતુમાં સ્કી કરવા માટે સરસ ઢોળાવો પૂરા પાડે છે. તળેટીમાં ગામ અને અમારું નિવાસસ્થાન એક-દોઢ કિ.મિ.ના અંતરે એક ટેકરી ઉપર. બહાર નીકળતાં જ ચારે તરફ ઊંચા ઊંચા પર્વતો, એને હળવેથી ટપલી મારતાં વાદળો અને કેબલ કારનું આરોહણ-અવરોહણ દેખાય. ગામમાં જવા માટે પિયર જોઈને દડબડ દડબડ ઢોળાવ ઉતરી જતી નવપરિણીત નવોઢા જેવી સ્ફૂર્તિથી અમે પણ દોડી જતાં પણ પાછાં ફરતાં ૬૦ ડિગ્રી જેટલો ચઢાવ 'મને શ્વાસ નથી ચડતો' એમ કહેતાં કહેતાં લગભગ ચાર પગલે ચાલવાની મજા પણ માણી.

Salzburg ઐતિહાસિક તેમ જ ધાર્મિક મહત્ત્વ ધરાવતું શહેર છે, જે અમારા રહેઠાણથી બે કલાકની ટ્રેઈન મુસાફરી જેટલું દૂર થાય. એની પહેલી મુલાકાત લીધી ત્યારે ત્યાંની યુનિવર્સિટીનાં મકાનો અને બે દેવળો બહારથી

---

આજે તેઓ ૨૬,૪૨૯ શાળાઓ ચલાવે છે, જેમાં ૭,૫૩,૮૧૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપેલ છે. તેઓએ ૨૬,૪૨૯ શિક્ષકોને તાલીમ આપી છે. શિક્ષકોને તાલીમ આપવા માટે ૯૬૩ કેન્દ્રો છે. આ કાર્યક્રમ ફંડ એકઠું કરવા માટેનો હતો, જેમાં ભારતની એક પ્લેબેક સીંગરનો કાર્યક્રમ હતો. તેમાં અમેરિકાની સરખામણીએ ભારતમાં નિરક્ષરતા-ગરીબાઈ-કુપોષણ-બીમારી વગેરેની શી સ્થિતિ છે તે દર્શાવેલ. ઘણા લોકોએ એક કે તેથી વધુ શાળાઓની આર્થિક જવાબદારી લીધેલી. આ શાળાઓ બાળકોને શિક્ષણ આપવા ઉપરાંત આરોગ્ય વિષયક સુવિધા-સ્વાસ્થ્ય શિક્ષણ-આર્થિક વિકાસ માટેનું માર્ગદર્શન તથા સમાજમાં પ્રતિષ્ઠિત થાય તે માટેનું શિક્ષણ પણ અપાય છે.

**આમીશ સમાજ :**

સ્પ્રિંગફિલ્ડથી આશરે ૧૦૦ માઈલ દૂર રોકોમ ગાર્ડન જોવા ગયા ત્યારે ત્યાં નજીકમાં જ રહેતા આમીશ લોકો વિશે જાણવા મળ્યું. તે સમાજ આજે પણ અમેરિકાના વૈભવી જીવનથી દૂર રહીને સાદું જીવન જીવે છે. સુખ-સુવિધાના આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરતાં નથી. ખેતી કરે છે, વસ્ત્રો માટે કાંતે છે, વણે છે, (ન્યૂ સાલેમમાં અબ્રાહમ લિંકનના મ્યુઝિયમમાં પણ સુદર્શન રેંટિયો તથા ફાળકો જોયેલા), ઘોડાગાડીમાં ફરે છે, ઘોડાનો ઉપયોગ કરે છે.

આમીશ સમાજની સ્થાપના સ્વિટ્ઝર્લેન્ડના ઝયુરિક શહેરમાં થયેલી. પછી તેનો પ્રસાર જર્મની-સ્વીડન-યુરોપના લોકોમાં થયો. તેમાંના કેટલાક કુટુંબો ૧૫૦ વર્ષ પહેલાં પેનસિલ્વેનીઆ સ્ટેટમાં આવીને વસ્યા. તેમાંના ત્રણ કુટુંબો ઈલીનોય સ્ટેટમાં આવીને રહ્યા. આજે ક્રમશઃ અન્ય કુટુંબો વધ્યા છે. રોકોમ ગાર્ડનમાં આમીશ લોકોની જીવનશૈલી અંગે જાણવા મળે છે. તેઓએ હાથઉદ્યોગથી બનાવેલ વસ્તુઓનું ત્યાં વેંચાણ થાય છે. કાપડ વણવાની શાળ પણ ત્યાં જોઈ.

**સ્વામી વિવેકાનંદની યાદગીરી :**

૧૮૯૩માં શિકાગોમાં વિશ્વ ધર્મપરિષદ મળેલી. તેમાં ભારતથી સ્વામી વિવેકાનંદે ભાગ લીધેલો. ૧૧ સપ્ટેમ્બરના રોજ તેઓએ આપેલ વ્યાખ્યાને ભારતનો ડંકો વગાડી દીધેલો. તેઓએ ભારતીય સંસ્કૃતિની તથા હિંદુ ધર્મના મૂળ તત્ત્વો સહિષ્ણુતા તથા બધા ધર્મો પ્રતિ આદરની ભાવપૂર્વક ઘોષણા કરેલી. તેની સ્મૃતિરૂપે તે સ્થળે એક તકતી મૂકેલી છે. આ જગ્યા અમારા માટે તીર્થભૂમિ હતી.

**ઉપસંહાર :**

ભૌતિક સુખ-સુવિધા-અદ્યતન વ્યવસ્થાથી સભર અમેરિકા સમૃદ્ધ દેશ છે, સાથે સૌથી મોટો ઉડાઉ દેશ પણ છે. દરેક બાબતે અનહદ બગાડ કરે છે, જે ગુનાઈત કહી શકાય. સમગ્ર અમેરિકામાં પર્યાવરણની જાળવણીની ચર્ચા ખૂબ થાય છે, કેટલીક સંસ્થાઓ આ અંગે જાગૃતિ ફેલાવવાનું કામ નિષ્ઠાપૂર્વક કરે છે. સરકાર આ અંગે કેટલાક પગલાંઓ પણ ભરે છે. જેમ કે, એક મોટરમાં બે કે બેથી વધુ લોકો મુસાફરી કરે તેને પ્રોત્સાહન આપવા તેઓ માટે જુદો માર્ગ Car Pool રાખેલ છે, જેના પર ટ્રાફિક ઓછો હોય છે. (પરંતુ લાખો મોટરમાં એક જ વ્યક્તિ હોય છે તેમાં એ દરિયામાં ખસખસ જેવું લાગે !) જાહેર બાથરૂમમાં એવી ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે, જેમાં ઓછામાં ઓછા પાણીની જરૂર પડે. પવનચક્કીઓ નાખી છે.

પરંતુ અત્યારે વિશ્વની કુલ ઊર્જાના ૫૦ ટકા ઊર્જા એકલું અમેરિકા વાપરે છે. ખાનગી વાહનો જ વધુ પ્રમાણમાં છે. બધામાં એકેક વ્યક્તિ જ હોય છે, તેથી પેટ્રોલનો બેફામ ઉપયોગ થાય છે. બધે હાથરૂમાલમાં કાગળ જ વપરાય છે. ઘરમાં કે બહાર બધે કાગળના હાથરૂમાલ વપરાતા હોવાથી ખૂબ કાગળ વપરાય છે. તે માટે કેટલાં વૃક્ષો કપાતાં હશે ?! પ્લાસ્ટિકનાં સાધનો એક વાર વાપરીને ફેંકી દેવાય છે. અમેરિકામાં Through away economy જ છે. લોસ એન્જેલીસમાં વર્ષે સરેરાશ ૨૦ ઈંચ વરસાદ પડે છે, છતાં પાણીનો બેફામ બગાડ છે. જાહેર ઓફિસોમાં ઈલેક્ટ્રીક ૨૪ કલાક ચાલુ જ રહેતી. ઓફિસ બંધ હોય ત્યારે પણ લાઈટ બંધ નથી થતી. (હવે ઊર્જાની કટોકટીને લીધે અર્ધી લાઈટ બંધ કરે છે.) અર્ધી રાત્રે કોઈ ન હોય ત્યારે પણ એક્સેલેટર ચાલુ જ રહે છે.

આ દેશ મોટો દેણદાર દેશ બની ગયો છે. બધો વ્યવહાર ક્રેડીટ કાર્ડ પર જ ચાલે છે, ઉધારી ચાલે છે. આમ અમેરિકાની જીવનશૈલી જ ઉડાઉ-ખર્ચાળ-બિનજવાબદાર છે. પર્યાવરણની ચિંતા કરે છે, પરંતુ પર્યાવરણ અંગેના આંતરરાષ્ટ્રીય કરારોનું પાલન નથી કરતું. તે માટેની ઈચ્છા જ નથી. તેથી તો અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બુશે (સીનીયર) કહેલું કે, "Our lifestyle is non-negotiable."

આમ છતાં ઉચ્ચ જીવનધોરણની, ભોગવાદની ઘેલછા સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે. વિશ્વનો દરેક દેશ અમેરિકાના જીવનધોરણે પહોંચવાની દોડમાં છે. ઘણા લોકો માટે અમેરિકા સ્વર્ગ છે, આરાધ્ય દેશ છે, પરંતુ વિશ્વમાં એટલા સંસાધનો તો છે જ નહીં કે બધા દેશો અમેરિકાના જીવનધોરણે પહોંચી શકે. તેથી ગાંધીજીએ સાચું જ કહેલું કે, "એ જીવનધોરણ પ્રાપ્ત કરવા આપણે બીજી બે-ત્રણ પૃથ્વી આયાત કરવી પડે."

**(નાગર ચકલા, જામનગર - ૩૬૧ ૦૦૧, ભારત)**

જોયાં. એક કોલિજીયેટ ભવ્યાતિભવ્ય કેથીડ્રલ કે જે ઈ.સ. ૭૭૪માં એક આઈરિશ બિશપ, ૧૬૨૮માં Salzburg નાં આર્ચબિશપ અને બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન આગમાં ભસ્મિભૂત થયા પછી ૧૯૫૯માં પુનઃનિર્માણ પામેલું તેની જાહોજલાલી અંદરથી જોઈ. સંગીત રસિયાઓને સાલ્ઝબર્ગના નામોચ્ચાર સાથે વોલ્ફગાંગ આમાડેયસ મોટ્ઝાર્ટનું સ્મરણ થયા વિના ન રહે. એના જન્મસ્થળની યાત્રા કરવાને પગ ઉતાવળા થયા. Gretriedegass ચોકમાં એક દીવાલ ઉપર આ 'વોલ્ફગાંગ આમાડેયસ મોટ્ઝાર્ટનું જન્મસ્થળ છે' એવું લખાણ વાંચીને એ મહા સંગીતકારને શ્રદ્ધાંજલી આપી. બરાબર તે જ સમયે વાયોલિનના સૂર સંભળાયા અને અમારા પગ એ સૂરના વાદકની શોધમાં આગળ વધ્યા. શેરીમાં પાથરણું પાથરી, એની બાજુમાં ઊભેલો કોઈ અનામી કલાકાર એક સુંદર સિમ્ફની (કદાચ એ મોટ્ઝાર્ટની હોઈ શકે) મસ્ત થઈને વગાડતો હતો. એક આર્ટ ગેલેરીના પ્રવેશ દ્વાર પાસે બેઠેલા માણસના આકારનું શિલ્પ જોયું જેનું નામ WE આપેલું જેમાં દુનિયા આખીની બધી ભાષાઓના અક્ષરો કોતરેલા હતા. ભારતની ઘણીખરી ભાષાઓના અક્ષરો તરત ઓળખી પાડયા અને પારકી ધરતીમાં સ્વજન મળ્યા જેવો આનંદ અનુભવ્યો. Gretriedegass lane કે જ્યાં મોટ્ઝાર્ટનો જન્મ થયેલો અને સૌથી વધુ મોંઘી વસ્તુઓ વેંચવા માટે પ્રખ્યાત છે. એ શેરીમાં હાથ બનાવટની ચોકલેટ ખરીદવા ગયાં ત્યાં જર્મનભાષી બહેને શુધ્ધ હિન્દીમાં 'નમસ્તે' કહીને આવકાર્યાં. સોનેરી-રૂપેરી વરખ લગાડેલી ચોકલેટ ખરીદીને પૈસા આપ્યા એટલે 'ધન્યવાદ' કહ્યું. મને આંખે ઝળઝળિયાં આવ્યાં!


સંગીત પ્રેમીઓને ગમતા અને નાટ્યકલાના શોખીનો માટે પ્રિય ગણાતા આ શહેરની પહોળી શેરીઓ, ખુલ્લા મોટા ચોક, તેમાં પ્રદર્શિત કરેલાં શિલ્પો અને ફુવારાઓ જોઈને સાલ્ઝાક નદીને કાંઠે આવેલ ઊંચા પર્વતના સિંહાસન પર બેઠેલા પ્રિન્સ આર્ચબિશપના કિલ્લા Hohensalzburg પર જવા માટે અમે એક કેબલ કારનો સહારો લીધો. ઈ.સ. ૧૦૭૭માં મૂળે લાકડાની દીવાલોવાળો આ કિલ્લો રોમન સમ્રાટોના આક્રમણોથી બચવા બંધાવેલો, પછી ૧૬-૧૭મી સદીમાં કૈંક આર્ચબિશપે સુધારા વધારા કરાવેલા. એ કિલ્લાની જાહોજલાલી જેટલી એના ભોજન ખંડના રાચરચીલામાં અને શસ્ત્રસરંજામના ખજાનામાં જોવા મળી એથી ય વધુ એના સંગીત સાંભળવા માટેના ભવ્ય ખંડમાંના ૧૬મી સદીના ઓર્ગન વગેરે વાજિંત્રો તથા બેઠક વ્યવસ્થામાં જોવા મળી. વાદળને આંબતી ઊંચાઈએથી સારાયે શહેર અને નજર પહોંચે ત્યાં સુધી પથરાયેલ જંગલો જોઈને મન ના પાડતું હતું છતાંયે ઘર ભણી વળવું પડ્યું.

આલ્પ્સની ગિરિકંદરાઓને માત્ર દૂરથી જોવાને બદલે જાતે ટ્રેકિંગ કરીને અમારા રહેઠાણથી નજીક આવેલી Tablebach પર્વતીય ઝાડીનું સૌંદર્ય માણવાનું નક્કી કર્યું. એક દિવસ સવારે હોટેલથી નીચે ઉતરતો મુખ્ય રસ્તો છોડીને જંગલમાં કેડી પર પંદરેક મિનિટ સુધી ખૂબ સીધું ચઢાણ ચડ્યાં. એટલી ઊંચાઈ પરથી તળેટીમાં સૂતેલું ગામ અને આસપાસના પહાડોની ફરતે છવાયેલું ધુમ્મસ એક મનોરમ્ય દ્રશ્ય ખડું કરતું હતું. પછી ઘાસમાં સંતાયેલી કાલ્પનિક કેડી પર ચાલીને પર્વત પરનાં જંગલમાં આગળ વધ્યાં. નીચે નજર કરો તો અતિ ઊંડી ખીણ, તોતિંગ વૃક્ષો અને ઝરણાંઓનો જોરદાર ખળખળતો ધ્વનિ સાથે ચાલતો હતો, તો બીજી તરફ આકાશને આંબતા પર્વતોની ધાર ઝળુંબતી હતી. પોણે રસ્તે પહોંચ્યા ત્યાં જોરદાર વરસાદ શરૂ થયો અને લટકામાં ભૂલાં પણ પડ્યાં. થોડા ખુલ્લા મેદાનમાં આવ્યાં તો અમારાથી ઓછા સાહસિક મુસાફરોને વધુ ઊંચા શિખરો પર લઈ જતી કેબલ કાર જોઈને રાહતનો દમ લીધો. તે દિવસનો અમારો સાહસ પ્રવાસ તળેટીના ગામમાં જઈ, સ્થાનિક બેકરીમાં મળતી વાનગીઓ આરોગીને નદી કિનારે લટાર મારવાથી પૂરો થયો.

તે પછીનો દિવસ અમે ૧૯૬૦ના દાયકામાં પ્રખ્યાત બનેલી ફિલ્મ Sound of Music નું શુટીંગ થયેલું એ જગ્યાઓ જોવામાં ગાળ્યો. નન્સને તાલીમ અપાતી એ Nunburg Convent, પ્રિન્સનો મહેલ અને મોન્દેસી નામના મધ્યકાલીન ગામડે જતાં જોવા મળેલ નાના મોટા પર્વતો અને Fuschi, Lake Wolfgang and Lake St. Gilgen નામનાં લગભગ ૧૩x૧૩ ચો.મિ.નું ક્ષેત્રફળ ધરાવતાં બે મોટાં સરોવરોની શોભા મનમાં ઠાંસી ઠાંસીને ભરી. આ બધાં અત્યંત શાંત અને માનવ સર્જિત પ્રદૂષણથી અભડાયા વિનાનાં પવિત્ર સ્થળો માત્ર ચિત્રકારોની કલાકૃતિઓમાં જોવા મળે એવાં હતાં.

પ્રવાસના ચોથા દિવસે અમે અમારા રહેઠાણથી ચાલીસેક કિલોમિટર દૂર Werfen નામના નાના ગામડે ટ્રેઈન દ્વારા પહોંચ્યાં. સ્ટેશન પાસેથી મળેલ મિની બસ અમને ટેનેન્જબર્ગ નામની ગિરિમાળાના એક પર્વતની ટુક પર લઈ ગઈ. દરેક વળાંકે પર્વતીય પ્રદેશની અનેક અજાયબીઓ નજર સામે ખુલતી જોઈ. ત્યાંથી પચ્ચીસેક મિનિટનું સીધું ચઢાણ અમે ચાલીને ચડ્યાં. ત્યાં માનવીની ૧૮૦ ડિગ્રીવાળું સીધું ચઢાણ ચડવાની અશક્તિની જાણ હોવાને કારણે અમને ૧,૦૮૪ મિટરથી ઊંચકીને ૧,૫૮૬મિટર પર્વતની બીજી ટુક પર લઈ જવા એક કેબલ કાર હાજર હતી. ત્યાંથી ફરી ૨૦-૨૫ મિનિટનું સીધું ચઢાણ પગે ચાલીને ચઢવાનું આવ્યું, પણ ચારે તરફ નજર પહોંચે ત્યાં સુધી ગગનચુંબી પર્વતો, એના શિખરો અને ખીણોના આકારોથી રચાતી અનેક કુદરતી રચનાઓ જોવા મળી એટલે હાંફ ચડ્યો તે લેખે લાગ્યો.

અમે આખર લગભગ ૧,૭૦૦મિ.ની ઊંચાઈએ આવેલ દુનિયાની સૌથી મોટી ગુફાના મુખ પાસે પહોંચી ગયાં. ૪૨ કિ.મિ. લાંબી આ ગુફાના નીચલા ભાગમાં શિયાળુ ઠંડા પવનોથી જામતા બરફ અને વસંત ઋતુ અને ઉનાળામાં પીગળતો બરફ ઠરી જઈને અનેક જાતનાં મહાકાય શિલ્પો રચે છે. વીજળીના વપરાશથી બરફ પીગળી જાય અને તો કુદરતની આ કરામતને હાની પહોંચે એટલે બબ્બેની હારમાં ચાલતા મુલાકાતીઓને લોખંડનો ડેવી લેમ્પ આપ્યો. અમારો માર્ગદર્શક અનેક વૈજ્ઞાનિક અને ઐતિહાસિક માહિતીઓ આપતો હતો. અમારી નજર સામે ત્રણ-ચાર માળ જેટલાં ઊંચાં કુદરતી રીતે રચાયેલ શિલ્પો તાદ્રશ્ય થતાં હતાં. તેના મૂળ શોધકના નામ પરથી નામાભિધાન પામેલો પોલ્સેત હોલ ૩૦ મિ. ઊંચો અને ૨૫ મિ. પહોળો છે. અમને તો ક્યાંક શિવલીંગ હોવાનો ભાસ થયો, તો ક્યાંક અતિ વિશાળ ઓક્ટોપસ અને સ્કી સ્લોપ જેવી રચનાઓ હતી. તેમાં એક શિલ્પ તો ડાબી બાજુએથી પોલર બેર જેવું લાગે અને જમણી બાજુએથી હાથી જેવું લાગે એવી કુદરતી રીતે થયેલી રચના જોઈ. કેટલીક જગ્યાએ તો ૨૫ મિટરની જાડાઈનો બરફનો ખડક રચાયેલો જોયો. છેલ્લાં ૯૦ વરસમાં આ ગુફામાં ૧૦ ફૂટ બરફ વધ્યો છે. આખી ગુફામાં શબ્દોથી વર્ણવી ન શકાય તેવી વિવિધ આકાર અને કદની નાની મોટી રચનાઓ સતત આશ્ચર્ય પમાડતી હતી અને બધા જ પ્રવાસીઓ મૌન રહીને માત્ર આંખને એ કલ્પનાતીત કુદરતી અજાયબી માણવા દેતા હતા. ૧૩૪ મિ.ની ઊંચાઈ સુધી પહોંચવા એક કિલોમિટર જેટલું અંતર અમે ૭૫૦ પગથીયાં ચડી-ઉતરીને કાપ્યું. ગુફાના અતિ ગાઢ અને આકર્ષક ભાગોની કલાત્મક રચનાઓ જોઈ શકીએ તે ખાતર એ માર્ગદર્શક મેગ્નેશિયમનો તાર સળગાવીને પ્રકાશ રેલાવતો હતો. ચોપાસ અંધકાર, ચોતરફ પવનથી લીસ્સી બની ગયેલ સફેદ અને ભૂરા રંગની રચનાઓ, શૂન્ય ડિગ્રી જેટલું તાપમાન અને જોવા માટે ટમટમિયા દીવાઓ લઈને ઉપર-નીચે જતાં લોકો જોઈને ઘડીભર સ્વર્ગમાં હોવાનો ભાસ થયો. આ રહી તેની તસ્વીર :



પાંચ દિવસ ઓસ્ટ્રીયાની શાંત, પણ રાણીમા જેવો ઠાઠ ધરાવતી સુંદરતાનું પાન કરીને સ્વીત્ઝર્લેન્ડની રાજધાની બર્ન તરફ સફર આદરી. સાડા પાંચ કલાકની ટ્રેઈનની મુસાફરી મન ભરીને સૌંદર્યપાન કરતાં વ્યતીત થતી હતી, ત્યાં ઝ્યુરિક પછી બે સ્ટેશનો વચ્ચે સમારકામ ચાલતું હોવાથી અમને ડબલ ડેકર બસમાં જવાનો આદેશ થયો ત્યારે સહજ જ

સ્વગતોક્તિ થઈ ગઈ, 'અરે ભગવાન!'. પણ ખરું જોતાં અમને તો જાણે બગાસું ખાતાં પતાસું મળી ગયા જેવું થયું. અમને પહાડોએ જાણે કાંખમાં તેડી લીધા. બસ અનેક નાના મોટા બુગદાઓમાંથી પસાર થઈને બહાર આવે ત્યારે ઘનઘોર વન અને બન્ને કાંઠે ખળખળ વહેતી નદીઓની શોભા અમને આવકારવા તૈયાર જ હતી. તેમાં ય એક બુગદો તો દસ કિ.મિ. લાંબો, પુષ્કળ વળાંકો લેતો જાણે અજગર જ જોઈ લો. આ અણધારી વધુ એક સુંદરતાનું નજરાણું ધરતી સફર પૂરી થતાંમાં પેલો નિરાશાનો નિઃશ્વાસ 'અહો શું કુદરત!' એવા વિસ્મયકારી ઉદગારમાં ફેરવાઈ ગયો. એનું કારણ એ કે ટ્રેઇનથી બસની અદલા બદલી અને બીજું કનેક્શન પકડવા માટેની વ્યવસ્થા એટલી પૂર્વયોજિત અને વ્યવસ્થિત કે લગભગ અર્ધો ડઝન જેટલી ડબલ ડેકર બસના મુસાફરો હતા છતાં ય ક્યાં ય દોડભાગ કે મુંઝવણ ન ભાળ્યાં અને તેથી જ તો બોનસમાં મળેલું એક જુદા જ પ્રદેશનું સૌંદર્યપાન જ યાદ રહી જશે.

સ્વીત્ઝર્લેન્ડ ઊંચા પર્વતો અને સ્ફટિક નીલ જળ ભરેલાં સરોવરો માટે પ્રખ્યાત છે એ જાણીતું છે પણ હવે પછીનો અમારો અનુભવ અમને એક સુખદ આઘાત આપનારો નીવડવાનો હતો. સ્વીસ આલ્પ્સના આઈગર, મોંક અને યંગફ્રાઉ નામના અતિ ઊંચાં પર્વતોના ખોળામાં દરિયાની સપાટીથી ૫૬૭ મિ.ની ઊંચાઈએ ઈન્ટરલાકન નામનું ગામ વસ્યું છે. એ પોતે જ એના તળાવની સુંદરતા અને કેબલ કાર દ્વારા આજુબાજુના પર્વતોની ભવ્યતા જોવા માટે એક આખા દિવસના પ્રવાસનું અધિકારી છે. સમયના અભાવે તેને માત્ર દૂરથી સલામ કરીને તેનાથી પણ વધુ શ્વાસ થંભાવી દે એવું શિખર સર કરવાને ચાલ્યાં.

Joungfraujoch એ આલ્પ્સની ગિરિમાળાનું સૌથી ઊંચું શિખર નથી, પરંતુ આનાથી પણ ઊંચાં શિખરો પર કોઈ સાહસિક પહાડખેડુ પણ ચડી નથી શકતો. જ્યારે પહાડખેડુ ન હોય તેવા લોકો, અને તે પણ કેડીઓ પર ચાલીને નહીં પણ ટ્રેઇનમાં બેસીને આ પહાડની ટોચ પર જઈ શકે છે. ખાસ દાંતાવાળાં પૈડા અને પાટાવાળી ટ્રેઇનમાં ચઢાણ શરૂ થયું. વચ્ચે ૭૯૬ મિટર અને ૨,૦૧૬ મિટરની ઊંચાઈ પર આવેલાં સ્ટેશનો પર ટ્રેઇન બદલીને ૪,૩૫૪ મિટર એટલે કે ૧૧,૩૩૩ ફૂટની ઊંચાઈ પર Top of the Europe ગણાતા Joungfraujoch (યંગફ્રાઉયોહ એવો ઉચ્ચાર થાય છે) પર્વતની ટોચ પર પહોંચ્યાં. માર્ગમાં લાખો વરસ પહેલાં આકાર પામેલા પર્વતો, ગ્લેસિયર્સ (હિમ નદી), તેના બરફાચ્છાદિત મુગટો, બે-હિસાબ ઝરણાંઓ – જેમાંનું એક તો ૨૨ મિટર લાંબું છે અને શિયાળામાં થીજી ગયેલી નદીનું સ્વરૂપ ધારણ કરે છે તે, નાના મોટા અસંખ્ય ધોધ, નાનાં તળાવો, નદીઓ અને પારાવાર વૃક્ષોની અવર્ણનીય શોભા જોવા મળી. વર્ષે લગભગ અર્ધો મીલિયન મુસાફરો ત્યાં આવે છે. ખગોળ, ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્રીઓ માટે સંશોધન કરવા સારુ આ ઉત્તમ સ્થળ છે. ૮૨ ચો.મિ.ના વિસ્તારનો ૫૦% ભાગ ગ્લેસિયર્સથી છવાયેલો છે અને 'યુનેસ્કો'એ તેને World Natural Heritage તરીકે સુરક્ષિત જાહેર કર્યો છે. મુસાફરોને યુરોપના ટોચના શિખર પર લઈ જતી આ ટ્રેઇન સ્વીત્ઝર્લેન્ડના કાપડના સાહસિક વેપારી એડોલ્ફ ગુયર ઝેલરે ઈ.સ. ૧૮૯૫ની આસપાસ બંધાવી. તેને પૂરી કરતાં ૧૬ વર્ષ લાગ્યાં અને ૧૫ મીલિયન સ્વીસ ફ્રાંકનો ખર્ચ થયેલો. બે કલાકમાં ૨૫ મિ.નું સતત ચઢાણ ચડતી ટ્રેઇનમાંથી આગલી ટ્રેઇન ઈયળ જેવી લાગે અને નીચે નજર કરો તો દરિયાની સપાટીથી કેટલાં ઊંચાં ચડ્યાં તેનો અંદાજ લગાવવાની હિંમત ન ચાલે. વચ્ચે અમને બે વ્યુ પોઈન્ટ પાસે ઉતાર્યાં પણ વાદળો અમારી પહેલાં સૌંદર્ય જોવા ઉતરી પડેલાં એટલે ગ્લેસિયર્સ, પહાડોની અંદાજે ઉંમર અને હવામાનના થતા ફેરફારો વિષે માત્ર માહિતી વાંચીને સંતોષ માન્યો.

ટ્રેઇનમાંથી બહાર આવતાં અજાયબી તો એ વાતની થઈ કે ત્યાં એક પૂરું વસેલું ગામ જોયું! સૌ પહેલાં આઈસ પેલેસ જોયો, જ્યાં બરફની સપાટી પર ચાલીને ૧૯૪૭થી પડેલ બરફમાંથી બનાવેલ પોલેર બેર, પેન્ગ્વીન્સ, સીલ માછલી, એસ્કીમો અને બીજાં અનેક પ્રાણીઓનાં કલાત્મક શિલ્પો બનાવેલાં જોયાં, થોડું લપસ્યાં અને ઠંડીમાં થરથર્યાં. આટલી ઊંચાઈ પર ખાવાની વ્યવસ્થા શું હશે એવી વિમાસણ પૃથ્વીની સપાટી પર બર્નમાં હતાં ત્યારે થયેલી, પણ સહુ ગત તે વહુ ગત એમ વિચારીને નીકળી પડેલાં. હવે, યુરોપની ટોચ પર એક નહીં પણ ચાર ચાર રેસ્ટોરન્ટ, તેમાં ય 'બોલીવુડ' નામનું રેસ્ટોરન્ટ જોઈને ગજબની નવાઈ લાગી. હજુ આશ્ચર્ય પમાડે તેવી વાત તો એ હતી કે ભારતથી માત્ર દસ-બાર લોકો નહીં પણ બે-પાંચ બસો ભરીને આવેલા પ્રવાસીઓ જોયા અને એમની સાથે હિન્દીમાં વાતો કરીને એક અજબની તૃપ્તિનો અનુભવ કર્યો. એક બીજો પણ સુખદ અનુભવ થયો. અમારા પુત્રને તે દિવસ લંડનની એક બારિસ્ટરની ચેમ્બરમાં ઈન્ટરવ્યુ આપવાનો હતો અને એ તો આલ્પ્સ પર્વતના સાડાત્રણ હજાર મિટર ઊંચા શિખર પર ભોજન લઈને ગ્લેસિયર્સ જોવા જતો હતો, ત્યાં એનો મોબાઈલ રણક્યો અને એણે ખરેખર ઈન્ટરવ્યુ આપ્યો! છેને આધુનિક ટેકનોલોજીની કમાલ?

ત્યાંથી આઈસ ગેઈટવેના સાંકડા પથ પર ચાલીને પર્વતની સપાટ ભૂમિ પર, કે જ્યાં માણસ સલામતી પૂર્વક એ ગ્લેસિયર પર ઊભો રહી શકે ત્યાં પહોંચ્યાં. આસપાસના ૧૧,૭૬૦ અને ૧૩,૪૭૫ ફૂટ ઊંચાં અને - ૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ધરાવતા શિખરો પરથી વાતા શીત વાયુ, એની સાથે ઊડીને આવતી બરફની કરચો અને ઉપરથી વરસતો બરફ અમારી નરી આંખોને આસપાસની ખીણોની ગહેરાઈ અને બીજા પર્વતોની ઊંચાઈ માપવા નહોતી દેતી. લગભગ સાડાત્રણ હજાર મિટરની ઊંચાઈએ આલ્પ્સના એક ગ્લેસિયર પર ઊભા રહેવાનો અનુભવ અતિ રોમાંચક હતો. વળી એક લીફ્ટમાં ૧૮૦ ડિગ્રીનું સીધું ચઢાણ ચડીને ૧૧,૭૬૦ ફૂટની ઊંચાઈએ આવેલા Sphinx Observation Terrace કે જ્યાં ત્યાંની આબોહવા, ભૂસ્તરશાસ્ત્ર અને ખગોળ વિજ્ઞાનને લગતાં સંશોધનો થાય છે ત્યાં ગયાં. એટલી ઊંચાઈ પર પણ બહાર નીકળી, ધાતુની જાળી પર ઊભા રહીને સીધું નીચે અને આજુબાજુની ખીણોનું સૌંદર્ય જોવાની વ્યવસ્થા કરી છે તેનો લાભ લીધો. આટલી ઊંચાઈ પરથી નીચે જોતાં કોઈ પણ માણસને ડર લાગે, પરંતુ આવી સલામત વ્યવસ્થા હોવાને કારણે જનસાધારણ પણ કુદરતની આવી અવર્ણીય મહિમાનું પાન કરી શકે છે.

Joungfraujochની ટોચ પરથી પાછા વળતાં બીજો રસ્તો લીધો જેથી એ ગિરિમાળામાં એકલ દોકલ અને પાંચ પચાસ ઘરોવાળાં ગામ, નાના રસ્તાઓ, નાની કેડીઓ પર ચાલતા પહાડખેડુઓ, નાનાં ખેતરો અને કાપેલાં લાકડાના ઢગલાઓ જોઈ શક્યાં. કુદરતની મહાન કૃતિઓ માટે અહોભાવ, માનવની ગરિમાપૂર્ણ જાળવણી માટે ઓશિંગણભાવ અને આવી સલામત રીતે ત્યાં પહોંચીને બધું જ જોઈ શકવા માટે કરેલ વ્યવસ્થા માટે એ દેશનો આભાર માનતાં છેવટ ઈન્ટરલાકન થઈને બર્ન આવી પહોંચ્યાં. એ ઉત્તુંગ ગિરિમાળાને કચકડામાં મઢેલી જોઈએ :



બર્ન એ સ્વીત્ઝર્લેન્ડની રાજધાની છે અને દુનિયાના ૧૦ સર્વોત્તમ શહેરોમાંના એક હોવાનું ગૌરવ અનુભવે છે. આટલે ઊંચે ચડ્યાં છતાં ય પગમાં જોર હતું એટલે બર્ન શહેર જોવા નીકળી પડ્યાં. ૧૩મી અને ૧૪મી સદીમાં બાંધેલી પથ્થરની ઈમારતો, પહોળા રસ્તાઓ, યુનીવર્સિટીનાં મકાનો, ટાવરો,

અનેક નાનાં મોટાં ચર્ચ, જેને માટે સ્વીત્ઝર્લેન્ડ પ્રખ્યાત છે તે બેન્કો, નદી પરના પુલો, કમાનો વગેરે મન ભરીને જોયાં. પાર્લામેન્ટ હાઉસની સામે સુંદર ફુવારાઓ તે દિવસે સાંજે જોયેલા, પણ બીજે દિવસે સવારે તે જ જગ્યાએ શાકભાજી, ફૂલછોડ અને બીજી જીવન જરૂરિયાતની વસ્તુઓ વેચતી માર્કેટ જોઈને થયું, આટલો ધનાઢ્ય દેશ, છતાં આવી મહત્ત્વની જગ્યાની સલામતીની ચિંતા કર્યા વગર લોકભોગ્ય બજાર ઊભી કરવાની સવલત આપીને તેનો કેવો સર્વજનિક ઉપયોગ કરે છે? અમે વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન જ્યાં બે વરસ રહ્યા અને સાપેક્ષવાદ – The theory of Relativityનો સિધ્ધાંત સાબિત કર્યો તે ઘર જોયું. એ ઘરથી થોડે દૂર, એના સંઘર્ષમય જીવનને આલેખતું અને એના તમામ મુખ્ય સિધ્ધાંતોને સામાન્ય માણસોને સમજાય એવી ભાષા અને ચિત્રકથાઓ દ્વારા રજૂ કરતું મ્યુઝિયમ જોયું, જ્યાં અમને બર્નનો રાજકીય ઈતિહાસ પણ જોવા - જાણવા મળ્યો.

સ્વીત્ઝર્લેન્ડ જાઓ અને Lucern ન જાઓ તો પ્રકૃતિનો અર્ધો ચહેરો જોયા જેવું લાગે. વાટમાં કિનારે ઊભેલા તપસ્વીઓ સમાન પર્વતોનાં પ્રતિબિંબ પોતાનાં શાંત પાણીમાં ઝીલતાં સરોવરોએ ખાતરી કરાવી કે અમે સાંભળેલ વખાણ ખોટાં નહીં જ પડે. માત્ર અર્ધો દિવસ જ અમારી સિલકમાં હોવાથી સામાન હોટેલમાં મૂકીને અલગારી રખડપટ્ટી માટે નીકળી પડ્યાં.

અહીં એક આડવાત : સ્પેઈનથી ભણવા આવેલ એક યુવતી મારા પુત્ર સાથે લંડનમાં ત્રણ વર્ષ ભણી અને હવે Lucernમાં એક વર્ષથી કામ કરે છે. અમારા જવાના ખબર મળ્યા એટલે રેલવે સ્ટેશન પર અમારું સામૈયું કરવા આવી, હોટેલ સુધી સાથે આવી અને બાકીની આખી સફરમાં અમારી માર્ગદર્શિકા બની રહી. Lucern પણ બર્નની માફક એક સમૃદ્ધ અને ધમધમતું કેન્ટોનમેન્ટ હતું એટલે ત્યાંની પ્રજાને ઘણી નાની મોટી લડાઈઓ લડવી પડેલી. પ્રજા અને સૈનિકોના રક્ષણ માટે બાંધેલ સાત ટાવર્સ તથા ગામ વચ્ચેથી પસાર થતી રેયસ નદી જોયાં. શહેરના વ્યાપારી અને રહેણાક વિસ્તારોને જોડનાર ૧૪મી સદીમાં બાંધેલ લગભગ ૬૭૯ ફૂટનો લાકડાનો પુલ, કે જે આગમાં નષ્ટ પામેલો અને બચેલા ભાગને જોડીને નવો પુલ બનાવ્યો છે તે પણ જોયો. જુનાં ચર્ચ, ૧૪મી સદીમાં બંધાયેલ અર્ધા લાકડાનાં અને અર્ધા પથ્થરનાં રહેણાંક ઘરો, ૧૬મી સદીની દવાની દુકાનો વગેરે બધું જ તેના ઈતિહાસ સાથે એ યુવતી – લાડાએ અમને બતાવ્યું. એટલું જ નહીં પણ Lucern સરોવરની બોટ ટ્રીપમાં અમારી સાથે જોડાઈ અને સ્વીત્ઝર્લેન્ડના રાજકારણ અને અર્થતંત્ર વિષે પોતે જાણતી હતી તે બધી માહિતી અમને આપી. એ શહેરમાં ૭૩% સાક્ષરતા અને ૩% બેકારી છે એમ જાણવા મળ્યું. દુનિયામાં પાંચમાં નંબરનું લોકપ્રિય સ્થળ છે છતાં અમે ક્યાં ય મુસાફરોની ધક્કામુક્કી કે ગંદકી ન જોયાં. Lucern સરોવર અતિ વિશાળ છે અને આસપાસ પીલાટસ અને રીગી પર્વતોની હારમાળા એને વધુ ભવ્ય બનાવે છે, પણ અમે એ બધું જ સખત વરસાદ વચ્ચે જોયું. આટલી મહેમાનગતી જાણે ઓછી હોય તેમ એ વિદેશી યુવતીએ કહ્યું, ‘તમે હોટેલનું ખાણું ખાઈને કંટાળી ગયાં હશો, મારે ઘેર ચાલો, અને ખાસ રસોઈ બનાવતાં નથી આવડતું, પણ તમને અનુકૂળ પડે તેવી વસ્તુઓ ખરીદી, હું અને રચિત મળીને રસોઈ બનાવશું.’ એક ગૃહિણીને પણ શરમાવે તેવા વ્યવહારુ સૂચનને અમે સ્વીકાર્યું અને પોતાનાં માતા-પિતાને જમાડે એવા પ્રેમથી અમને જમાડ્યાં. એ અલ્પ પરિચિત યુવતીના પ્રેમના અનુભવની યાદ હમ્મેશ રહેશે.

કહે છે ને કે દરેક સુખમય અનુભવને પણ સીમા હોય છે? Lucernની આસપાસ પ્રાકૃતિક સૌંદર્ય તો દરિયા જેટલું ભર્યું પડ્યું છે, તેનું ચાંગળુંક આચમન કરીને અમે સ્વીત્ઝર્લેન્ડના રાજદ્વતીય પાટનગર જીનીવા તરફ ચાલ્યાં. ટ્રેઈનમાંથી લાઉસન શહેર પાસે એક સરોવર નજરે પડ્યું અને પછી જ્યારે પણ બહાર ડોકિયું કર્યું ત્યારે ઝાડીઓમાં લપાતું છુપાતું એ જ અમારી સાથે દોડતું રહ્યું. આવી સંતાકૂકડી લગભગ અર્ધો કલાક ચાલી એટલે મનમાં પ્રશ્ન થયો કે તો શું આ એ જ પ્રખ્યાત જીનીવા સરોવર છે? તો એ લગભગ પચાસેક કિ.મિ. લાંબુ હોવાનો અંદાજ કાઢ્યો અને પછીથી માહિતી મળતાં એ સાચો હોવાનું જાણવા મળ્યું!

જીનીવા જેને માટે વિશ્વવિખ્યાત છે એ યુનાઈટેડ નેશન્સનું મુખ્ય મથક જોવાનું અમને મોટું આકર્ષણ હતું. બીજે દિવસે પાધરાં ત્યાં જ પહોચ્યાં. સૌ પહેલાં મુખ્ય પ્રવેશ દ્વાર આગળ ૧૬૩ દેશોના રાષ્ટ્રધ્વજ લહેરાતા હતા તેને સલામી આપી. તેની સામેના ચોકમાં ચાર માથોડાં ઊંચી અને એક પાયો તૂટેલી એવી લાકડાની ખુરશી જોઈ. લડાઈઓમાં જમીનમાં દાટેલ વિસ્ફોટક પદાર્થોથી સૈનિકો અને નાગરિકો હાથ-પગ ગુમાવે છે તેનું એ પ્રતીક છે. યુનાઈટેડ નેશન્સના સભ્યો જ્યાં દુનિયા આખીની શાંતિ અને સલામતી, ઐક્ય અને સમાન તકો તથા વિકાસ અને પ્રગતિ વિશેના નિર્ણયો લે છે એ સારાયે સંકુલની ઐતિહાસિક, રાજકીય અને કલાવિષયક માહિતી અમને એક માર્ગદર્શિકાએ આપી. સ્વીત્ઝર્લેન્ડના એક નિ:સંતાન ધનિકે પોતાના કબજાની જમીન જીનીવા શહેરની મ્યુનિસિપાલિટીને ભેટ ધરી દીધેલી, જે એ શહેરના મેયરે લીગ ઓફ નેશન્સને વિશ્વશાંતિની સ્થાપના માટે નિ:શુલ્ક આપી અને બીજા વિશ્વયુદ્ધ પછી આજે જોવા મળે છે તે અતિ ભવ્ય યુનાઈટેડ નેશન્સની ઈમારત બની. અહીં વિશ્વ શાંતિ સ્થાપવા અને વિશ્વ વિગ્રહો નિવારવા માટેની મોટા ભાગની વાટાઘાટો થાય છે અને મહત્ત્વના નિર્ણયો લેવાય છે. સ્પેઈન, ફ્રાંસ અને ઈટલી જેવા દેશોએ અનેક ચિત્રો, શિલ્પો અને કલાકૃતિઓવાળાં બારણાં, છત અને સ્તંભો ભેટ આપીને એ સમગ્ર સ્થળને કમનીય બનાવ્યું છે. અમને સૌથી વધુ ગૌરવ તો એ વાતનું થયું કે ભારત તરફથી સત્ય, અહિંસા અને શાંતિના પરમ ઉપાસક ગાંધીનું બાવલું ભેટ અપાયું છે જે ત્યાંના ચોગાનમાં અર્ધનીમીલિત આંખો સાથે પોતાના વિચારો સાકાર બને તેની રાહ જોતું બેઠું છે. એ ભવ્ય ઈમારતની ઝાંખી કરીએ :



જીનીવામાં રેડક્રોસ આંતરરાષ્ટ્રીય સંસ્થાનું પણ મુખ્ય મથક છે. ત્યાંના સંગ્રહાલયમાં તેના સ્થાપના કાળ ૧૮૬૨-૬૨થી માંડીને બન્ને વિશ્વયુધ્ધો અને છેક ૧૯૮૦ સુધી દુનિયા ભરના વિવિધ દેશો પર આવી પડેલ કુદરતી અને માનવ સર્જિત આપત્તિઓ સમયે રેડક્રોસે કેવી કેવી રીતે સહાય કરી છે તેનું હૃદયદ્રાવક ધ્વનિ ચિત્રણ અને હકીકતોના આંકડા બતાવીને માહિતીસભર આલેખન કર્યું છે. તે પછી જીનીવાનું ત્રીજું તીર્થ સ્થળ – World Health Organisation જોવા બળતા બપોરે એક ટેકરી ચઢીને ગયાં. જે ઓફિસોમાં દુનિયા આખીમાં રોગોના અટકાવ અને નાબુદી તથા સ્વાસ્થ્ય સુધારણા માટે અનેક સંશોધનો થાય છે, તે અંગેના નિયમો અને કાયદાઓ બને છે અને તેનો અમલ કરાવવા માટે યોજનાઓ ઘડાય છે એ જગ્યાને દૂરથી સલામ કરી અને એની અંદર કામ કરનારાઓને મનોમન ધન્યવાદ આપીને જેનાં દર્શનની ઘણા વખતથી રાહ જોઈ રાખેલી તે જીનીવા સરોવર તરફ દોટ મૂકી.

આ સરોવરનો ૬૦% ભાગ સ્વીત્ઝર્લેન્ડમાં અને ૪૦% ફ્રાન્સમાં આવેલો છે. પીછે હઠ કરતાં ગ્લેસિયરથી રહોન નદીના માર્ગમાં અર્ધ ચંદ્રાકારનું આ સરોવર ઉત્તરે ૯૫ કિ.મિ. અને દક્ષિણે ૭૨ કિ.મિ.ની લંબાઈ ધરાવે છે અને એક ઠેકાણે તો ૩૧૦ મિટરની ઊંડાઈ નોંધાઈ છે. બોટમાં ખાસ્સી એવી ઝડપથી દોઢ કલાક સફર કરી તો પણ અમે એ સરોવરના એક તૃતીયાંશ ભાગ સુધી જ

પહોંચી શક્યાં. એ મહા જળરાશીમાં સ્ટીમરો ચાલતી હતી, પવનની મદદથી સર્ફિંગ અને સ્કીઈંગ પણ થતું જોયું. એની પહોળાઈ તો બે કિનારાઓ જોઈને કળી શકાતી હતી, પણ લંબાઈનો તો ક્યાસ જ ન આવે. તેમાં ઉછળતાં મોજાં જોઈને થયું, આ નક્કી સરોવર નથી, આ તો દરિયો ભૂલો પડ્યો છે. મજાની વાત તો એ છે કે આ સરોવર પાછું Rohne નદીમાં ભળી જાય છે જે પોતે આલ્પ્સ અને યુરા પર્વતોની વચ્ચેથી વહે છે. અમે યીવોર નામના એક મધ્યકાલીન ગામમાં ઉતર્યાં કે જે ફ્રાન્સની નૈઋત્ય સરહદે અને જીનીવા સરોવરનાં નાના અને મોટા સરોવરની હદો મળે છે ત્યાં આવેલું છે. આથી જ તો તેની નજીક આવતાં જર્મનને બદલે ફ્રેંચ ભાષામાં સૂચનાઓ સાંભળવા મળી. એ ગામમાં ઊંચી ટેકરી પર એક કિલ્લો છે અને બાકી તેની શેરીઓના પથ્થરો, મકાનો અને આખેઆખું ગામ, બસ જાણે, સમયમાં થીજી ગયું હોય તેમ ૧૩મી સદીમાં જેવું હતું તેવું જ સાચવી રાખ્યું છે. રમકડાંની શેરીઓમાં ફરતાં હોઈએ એવું લાગ્યું. રંગબેરંગી ફૂલોની સજાવટ એવી તો અદ્ભુત હતી કે ફ્રાન્સના સૌથી સુંદર ગામડાનું તેનું બિરુદ સાર્થક થતું લાગ્યું. એ નાનાં નાનાં ઘરોમાં લાકડા, કાચ, સિંદરી અને કાપડની હસ્તકલાકારીગરીની વસ્તુઓ વેંચાતી હતી. આધુનિક લોકો સાથે ઇતિહાસનાં કોઈ પાનાં પર લટાર મારતાં હોઈએ એવું લાગતું હતું. એ શાંતિનો અનુભવ ત્યાંના મીઠા મધ આઈસ્ક્રીમ સાથે ચગળતાં પાછાં ફર્યાં. એક વાતનો અફસોસ મનમાં રહી ગયો કે જીનીવા સરોવરમાં ૧૪૦ મિટર ઊંચો અને ૭,૦૦૦ હજાર લિટર પાણી હવામાં ઊંચે ઉછળતો ફુવારો Jet d eau કે જે તે દેશની પાણીની શક્તિનો ઉપયોગ કરવાની બાબતમાં અગ્રતા બતાવનાર પ્રતીક છે તે એ દિવસના સખત પવનવાળા હવામાનને કારણે બંધ રખાયેલો, તેથી જોઈ ન શક્યાં.

દસ દિવસનો અમારો ઓસ્ટ્રીયા અને સ્વીત્ઝર્લેન્ડનો પ્રવાસ આમ પૂરો થયો. કેટલુંક એવું જોવા - જાણવા મળ્યું જે ઈંગ્લેંડમાં રહેતાં હોવા છતાં ય નવું લાગ્યું જેમ કે Lusernમાં પુષ્કળ લોકો સાઈકલ ચલાવે છે. તેઓ નક્કી કરેલ જગ્યાએ સાઈકલ પાર્ક કરે છે, પણ તાળું મારીને થાંભલા સાથે બાંધતા કોઈને ન જોયાં, કેમ કે કોઈ સાઈકલ ચોરી નથી કરતું. ઘણા ભાગના લોકો પોતાનાં ઘરને પણ તાળું માર્યા વગર બહાર જાય છે. રાત્રે બે કે ત્રણ વાગે બહેનો એકલી રસ્તા પર ચાલીને ભય વગર ઘેર સલામત પહોંચી શકે છે. ચોખ્ખાઈ તો એવી કે એમ વિચાર આવે કે આ દેશો હમણાં જ બનાવ્યા છે કે શું? નાગરિક ફરજો વિષે જાગૃતિ એવી કે અન્ય દેશોમાંથી આવેલા લોકો પણ ચોખ્ખાઈ રાખવી, ચોરી ન કરવી અને ધીમેથી બોલવા જેવા ગુણો શીખી જાય છે. એમ છતાં આવા વિકસિત અને ધનાઢ્ય દેશમાં બહેનોને મતાધિકાર છેક ૧૯૭૦ની આસપાસ મળ્યો અને આજે પણ પરણીને સ્ત્રીઓ ઘર અને છોકરાં સાચવવા ઘેર રહે એવું પોતે પણ પસંદ કરે છે અને સમાજને પણ એ જ રૂચે છે. સ્વીત્ઝર્લેન્ડના લોકો માટે એમ કહેવાય છે કે તેઓ ઠંડા મિજાજના, ગંભીર પ્રકૃતિના અને સ્વમાં રમમાણ રહેનારા હોય છે. આ પ્રજા ચોખ્ખાઈની આગ્રહી, નિયમ પાલનમાં ચુસ્તપણે માનનારી અને જીવનને અંગત રીતે જીવતી જોવાવાળી છે. ઈ.સ. ૨૦૦૮ના એક સર્વેક્ષણ પ્રમાણે દુનિયાના સૌથી ઊંચાં જીવન ધોરણ ધરાવનારા શહેરોમાં પ્રથમ ઝ્યુરિક, દ્વિતીય જીનીવા અને તૃતીય વાનકુવર હતા. જે દેશમાંના બે મોટાં શહેરો આવી સમૃદ્ધિ માટે જાણીતા હોય તેની રહેણી-કરણી સહેજે પ્રભાવશાળી હોવાની. વિશ્વ ભરના ધનાઢ્ય લોકોના કાળાં-ધોળાં નાણાંને આશ્રય આપનાર દેશ તરીકે પંકાયેલા સ્વીત્ઝર્લેન્ડની નીતિમત્તાનાં ધોરણો વિષે ધારણા બાંધવી મુશ્કેલ લાગી. બીજી બાજુથી જીનીવા આંતરરાષ્ટ્રીય સ્તરે નિષ્પક્ષ વાટાઘાટો અને મંત્રણા કરવા માટેનું સર્વમાન્ય સ્થળ ગણાય છે. બન્ને વિશ્વ યુધ્ધોમાં અને તે પછી આધુનિક સમયના ભૂમધ્ય પ્રદેશના દેશો પરના આક્રમણના દોરમાં પણ સ્વીત્ઝર્લેન્ડની તટસ્થ નીતિ જાણીતી છે.

એક બીજી નોંધપાત્ર વાત એ જાણવા મળી કે એ દેશમાં દરેક યુવાન માટે લશ્કરી તાલીમ લેવી ફરજિયાત છે એટલું જ નહીં પણ તાલીમ પામેલ સૈનિકો અને અધિકારીઓ અંગત હથિયારો પોતાને ઘેર રાખી શકે છે. ગન રાખવા અંગેના કાયદા થોડા હળવા છે, શિકારની રસમ પ્રચલિત છે અને ઘણા લોકો અંગત હથિયારો ધરાવતા હોવા છતાં ય એ દેશમાં હથિયારો વડે થતા ગુનાઓનું પ્રમાણ સૌથી ઓછું છે. પ્રજાની શિસ્ત અને નીતિમત્તાનાં મૂલ્યોની જાળવણીનો આગ્રહ આ હકીકત માટે જવાબદાર હોય એમ મની શકાય.

આ બન્ને દેશોમાં ટ્રેઈન અને બસો ઘણી પહોળી, મજબૂત અને દૂધે ધોયા જેવી ચોખ્ખી ચણક જોવા મળી. બધાં સ્થળોએ જવા-આવવા માટેની વ્યવસ્થા લા-જવાબ છે. હજારો ફૂટ ઊંચાં પર્વતો પર ચડતી ટ્રેઈનો ત્યાંના શિયાળામાં સખત બરફ વર્ષા હોય ત્યારે પણ ભાગ્યે જ દગો દે છે કેમ કે તેની આગળ બરફ ખસેડવાના મોટા પાવડા જોડેલા હોય છે. એવામાં ય જો ટ્રેઈન બે મિનિટ મોડી પડે તો સત્તાવાળા માફી માગે!

આલ્પ્સની ગિરિમાળા ઓસ્ટ્રીયા, જર્મની, સ્વીત્ઝરલેન્ડ, ઇટલી અને ફ્રાંસ એમ પાંચ દેશોમાં પથરાયેલી છે. એને જોઈને મને એક કુટુંબની કલ્પના આવી. ઓસ્ટ્રીયાના પર્વતો પિતા અને કાકા જેવા લાગ્યા, જેના ખભ્ભા પર ચડી શકાય, એમની સાથે વાતો કરી શકાય અને એના પરની હરિયાળીથી આપાણું ભરણ-પોષણ થાય. ત્યાંની ખીણો માના ખોળા જેવી છે. આસપાસથી વહી આવતાં ઝરણાંઓ અને નદીઓ વચ્ચે ઘર બનાવીને લાકડાં કાપવાનો તથા પ્રવાસ નિગમનો ઉદ્યમ કરીને ઉદર પોષણ કરતાં ધરતીનાં બાળ જોયાં. સ્વીત્ઝર્લેન્ડના પહાડો નાના અને દાદાની જેમ અડીખમ અને ઉન્નત મસ્તકે મગરૂર અદાથી ઊભેલા લાગ્યા. એમનો આદર થઈ શકે અને નમન કરવાનું મન થાય એવા પ્રભાવશાળી છે. બે મોટાં શહરો બાદ કરતાં બીજાં ગામોમાં ઘરો બેઠી ખો રમનારની જેમ હારબંધ ગોઠવેલાં નહીં પણ હુતુતુ રમતા હોય એમ મનને મોજ પડે ત્યાં બાંધેલાં જોયાં. ઘરો અને સરકારી મકાનો પર લાકડાના ઝરૂખાઓ ખાસ વસંત ઋતુનાં ફૂલો વાવવા માટે બાંધેલા અને તેમાં અદ્ભુત રંગ છટાવાળાં ફૂલો જોતાં જીવ ન ધરાય. તમામ સફર દરમ્યાન જોયું કે ઝરણાં કે નદીઓની આંગળી પકડીને ટ્રેઈન અને બસો દોડાવવાની ત્યાં પ્રથા છે, જેથી બેમાંથી કોઈ ભૂલું ન પડે! અણનમ પર્વતોની પેલે પાર જવાની માનવીની અદમ્ય ઈચ્છાને કારણે એ અભેદ્ય પથ્થરોના પેટને કોરીને બીજે છેડે નીકળવા બુગદાઓ બનાવ્યા છે. સારા ય મુલકમાં વીજળી શક્તિની હાજરી ભારેખમ વર્તાતી હતી. યંગફ્રાઉયોહ ચડતી ટ્રેઈન પર્વતની ધારને કોરીને બનાવેલ બુગદામાં ચાલતી હતી!

હાથ-પગ પહોળા કરીને પથરાયેલાં સરોવરો અને પૃથ્વી અને સ્વર્ગથી અર્ધે રસ્તે પહોંચાડનાર પર્વતો ધરાવવાના આ દેશોને હેવા પડી ગયા છે. કુદરતની આ અણમોલ ભેટને ત્યાંની પ્રજા જીવની માફક જાળવે છે અને સમગ્ર ઈશ્વરના પ્રકૃતિ પ્રેમીઓ આ સમૃદ્ધ ખજાનાને ભરપેટ માણી શકે એવી સુંદર વ્યવસ્થાની સરાહના કરવી જ રહી. માત્ર આ પ્રાકૃતિક સૌંદર્યને વર્ણવવા ભાષાની શક્તિ વામણી ઊતરી એટલો જ અફસોસ છે. એક સિંધી ભજનની કડી ટાંકીને વિરમું.

તેરા મકાન આલા
જીત્થે કિત્થે વસી ભી તૂ
તેરા મકાન આલા

[71 Half Edge Lane, Eccles,
MANCHESTER M30 9AZ, U.K.]

## ગઝલ

**• અમૃત ઘાયલ**

**સદ્ધર બનાવીએ અતિ ધરખમ બનાવીએ,**
**નતમસ્તકોને ઊંચકી અણનમ બનાવીએ.**

**ખુશ્બોની યાને મહેકની મોસમ બનાવીએ,**
**આલમથી ભિન્ન આપણી આલમ બનવીએ.**

**આ પ્રેમનીય હોવી ઘટે ઇષ્ટ યોજના,**
**અભ્યાસ જેમ પ્રેમનો પણ ક્રમ બનાવીએ.**

**જેની જગતમાં ઉપમા કશે પણ મળે નહીં,**
**જીવન ગતિને એવી અનુપમ બનાવીએ.**

**આપસમાં મેળ હોય તો વમળોની શી વિસાત!**
**'મનમેળ'ને જ નાવનો માલમ બનાવીએ.**

**એ રામભક્ત હો કે હો બંદો રહીમનો,**
**હમદર્દ હોય એમને હમદમ બનાવીએ.**

**'ઘાયલ'- જે ઘાવ શત્રુનાયે રૂઝવી શકે,**
**એક એવો લેપ યાને કે મરહમ બનાવીએ.**

## ઓ જાલિમ પૂર !

• દીપક બારડોલીકર

ઓ જાલિમ પૂર !
તું આ સૌ વહાવી જા
અનિષ્ટોના પથારા સૌ મિટાવી જા
ઓ જાલિમ પૂર !

આ દુખિયાં લોકને બેશક રહેવા દે
આ ધૂળિયાં ગોઠને બેશક રહેવા દે
ન કર બર્બાદ ખેતોને, પશુઓને
જીવનની ઓથને બેશક રહેવા દે

પરંતુ જે અહીંયાં છે -
ગુલામી કેરી ઝંજીરો
જુલમની કાળી ચક્કીઓ
અધમતા, ભ્રષ્ટતાના ઢેર પણ અહીંયાં
છે ધોળે દિવસે અંધેર પણ અહીંયાં
ગુનાહિતવૃત્તિઓનું રાજ ચાલે છે
અને નેકી, બદીને પાય લાગે છે
અહીં ધર્માંધિતાનાં ટોળેટોળાં છે
દયાદુશ્મન, સિતમગર ગોળી-ગોળા છે
ઓ જાલિમ પૂર !
તું આ સૌ વહાવી જા !

અહીં સૌ શાહુકારો પણ ઉચક્કા છે
નગરના પાસબાનો પણ ઉચક્કા છે
અહીં સિંહાસનો પર ભૂત બેઠાં છે
કુટિલ અશ્વોના હણહણતા તબેલા છે

અહીં ચોમેર અંતિમવાદનાં ધાડાં
ને લોહી, આગના હંમેશ ધૂધવાટા

અહીં હરદમ નીચોવાયા કરે લોકો
નજીવા કીટ-શા પીસાયા કરે લોકો
દુ:ખો એવાં કે લોકો મોત માગે છે
કોઈ વેપારી જાણે ખોટ માગે છે

છતાં દેશપ્રેમનો એક શોર છે અહીંયાં
નિરર્થક વાગતો એક ઢોલ છે અહીંયાં

ઓ જાલિમ પૂર !
તું આ સૌ વહાવી જા
અનિષ્ટોના પથારા સૌ મિટાવી જા !

**નોંધ :**

૨૦૧૦ દરમિયાન પાકિસ્તાનમાં ઉમટેલા વિનાશક પ્રલયપૂર સંદર્ભે, કે જેણે પાકિસ્તાનના ચાર પ્રાંતોને બેહાલ અને લાખો લોકોને - ગરીબોને બેઘર કરી નાખ્યાં હતાં !

[136 Stamford Street, Old Trafford,
MANCHESTER M16 9LR, U.K.]

## સળગતી મેંદી

• અહમદ 'ગુલ'

લાખો અરમાન,
સહસ્ર સપનાં,
આંખોમાં સજાવી,
એ કોડભરી નવોઢાનો
સાજન ઘર-પ્રવેશ,
આનંદ વિભોર
એક એક ક્ષણને
પીતાં પીતાં
માણતાં, માણતાં
માત્ર, સાત દી' વીત્યા
ત્યાં તો, કોઈ ધનાઢ્યનો
દહેજ્યો, પ્રસ્તાવ !
'કાઢી નાંખ, કાંટો
માલામાલ કરી દઈશ
ન્યાલ થઈ જઈશ
જીવન પર્યંત.'

બસ પછી શું ?
દેવતા સમ પતિ
માત સમાન સાસુ
પિતાતુલ્ય સસરાની
ત્રિપુટી !
ઘાસતેલ !!
દીવાસળી !!!
ને લાલચની ભડભડ જ્વાળામાં
સળગી ઊઠી
સાત દિવસની એ
મેંદી.

•

## ૧ - ૧ - ૧૧

• અહમદ 'ગુલ'

આજની,
૩૧ ડિસેમ્બરની, ડૂબતી સાંજ
બારબાર મહિનાના
નિ:સાસા - રુદન
હર્ષ - આનંદ
જીવન - મૃત્યુ
વિજય - પરાજયના
કચરાને એકઠો કરી
ભૂતકાળના અંધકારમાં
વિલિન થાય તે પહેલાં, ક્ષણિક હાશ
કરવા બેઠેલ, ગમગીન, વિષાદ
૩૬૫ દિવસની વૃદ્ધા
અને
ચાર એકડાના
અશ્વરથમાં સવાર
ઉમંગ, આશા, અભિલાષા અને ઓરતાના
તોરણ લઈ
નૂતનવર્ષની
કોડભરી કન્યા
આવતી કાલની
ઉઘડતી સવારે
પધારશે.
તેને અભિવાદન કરવા
તેનાં ઓવારણા લેવા
આતુર નયને, ઊભાં છે
બેખબર, માનવો.

[27 James Street, BATLEY, West
Yorkshire, WF17 7PS, U.K.]

•

## હું નથી હું

• બાબુલ

હું નથી હું
હું તો આ છું
ચાલે એ મારી પડખે
ને હું જોઈ ના શકું
ક્યારેક જેને મળું
તો ક્યારેક પાછો ભૂલું
હોય જે ખામોશ જો હું વદું
કરે એ માફ જ્યારે ધૃણા કરું
વિહરે એ બારે જો હું ઘરમાં રહું
રેશે એ અકબંધ ખડો, હું જો મરું.

યુંઅન રામોન જીમેનેઝ (Juan Ramon Jimenez )ના કાવ્ય 'I am not I'નો અનુવાદ

e.mail : fdghanchi@hotmail.com

•

## પુદ્‌ગલ

• પંચમ શુક્લ

જેને ગાણું 'હું', નથી 'હું' છતાંય,
અદૃશ્ય રૂપે જ પડખે જણાય.
ક્યારેક એને સ્પર્શી ય લઉં, તો -
ક્યારેક સાવે જ વીસરી ય જાઉં.

જ્યારે કથું કંઈ નમાણું, રસાળ;
રહી શાંત સૂણે, ધરી મૌન ઘેરું,
પણ જ્યાં ધૃણા કે કુથલી કરું ત્યાં -
વીસરે સલુકાઈ ધારી એ સઘળું.
હળવાશથી પાછી માફી ય દઈ દે!

પગલું ન એકેય અળપાય મારું;
એવી જ રીતે એ પગલાં દબાવે.
જ્યારે નહીં હોઉં હું આ શરીરે;
ત્યારે ય એ તો હશે આસપાસ,
અક્ષુણ્ણ, એવું ને એવું અડીખમ!

11 March 2011

e.mail : spancham@yahoo.com

•

# ન ફેરા, ન અગ્નિ,
# માત્ર પ્રકૃતિની સાક્ષીમાં લગ્ન

**રવિવારે અમદાવાદ શહેરમાં એક અનોખા લગ્ન યોજાયા**
**ઉચ્ચ શિક્ષત યુગલે શહેરમાં ગાંધીયન ફિલોસોફીથી લગ્ન કર્યા!**

આજે લગ્નની ઝાકમજોળ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે ત્યારે અમદાવાદ શહેરમાં એક અનોખા લગ્ન યોજાયા હતા. ઈંગ્લેન્ડમાં ભણીને આવેલી યુવતી અને એક કંપનનીમાં સારી નોકરી કરતા યુવાને માત્ર પ્રકૃતિની સાક્ષીએ લગ્ન કર્યા હતા. આ લગ્નમાં મંડપ, લગ્ન ફેરા, અગ્નિની સાક્ષી કે હિન્દુ વિધિ મુજબ કરવામા આવતી કોઈ પણ વિધિ થઈ નહોતી.

યુવક-યુવતીએ સ્ટેજ ઉપર દીવો પ્રગટાવી, સૂતરની આંટી રૂપી વરમાળા એક બીજાને પહેરાવી હતી. સામાન્ય લગ્નના ગોર મહારાજ જે શાસ્ત્રોક વિધિ કરે છે, કરાવે છે, તેવી વિધિની જગ્યાએ આ યુગલે જાણીતા ગાંધીવાદી કવિ નારાયણભાઈ દેસાઈએ લખેલાં પ્રકૃતિ ઉપરનાં એક ગીતની સાક્ષીએ જન્મોજનમના સાથ નિભાવવાની શપથ લીધા હતા.

આ લગ્ન જાણીતા ગાંધીવાદી ચુનીભાઈ વૈદ્યના ઘરે યોજાયા હતા. ગાંધી વિચારમાં માનતા ચુનીકાકાની પુત્રી નીતાબહેન અને મહાદેવભાઈ વિદ્રોહીની દીકરી મુદિતાના આ 'લવ કમ એરેન્જ મેરેજ' હતા. મુદિતા ઈંગ્લેન્ડમાં ભણેલી છે. હાલ તે ગાંધી વિચાર ઉપર એમ.ફીલ. કરી રહી છે. યુવક સ્નેહ પણ સોફ્ટવેર મેનેજમેન્ટ એક્સપર્ટ છે.

તે એક પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે. યુવકનો પરિવાર પણ વેલ સેટ છે, તેમ છતાં સમાજમાં એક સારો મેસેજ જાય, તે માટે આ લગ્ન-પ્રકાર નક્કી કરવામાં આવ્યા હતા. મુદિતા અને સ્નેહે જણાવ્યું હતું કે,'આજે લગ્ન પાછળ લોકો કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહ્યા છે. વળી આપણી લગ્ન પરંપરામાં ફેરામાં સ્ત્રી-પુરુષને સમાંતર જોવામાં નથી આવતાં. અમે માનીએ છીએ સમાજમાં સ્ત્રી અને પુરુષ બન્નેને સમાન હક છે. માટે માત્ર પ્રકૃતિની સાક્ષીએ લગ્ન કરવાનું નક્કી કર્યું.'

(સદ્ભાવ : "દિવ્ય ભાસ્કર", ૨૪ જાન્યુઆરી ૨૦૧૧)



સ્નેહ



સ્નેહ અને મુદિતા : પ્રકૃતિની સાક્ષીએ શપથ લેતું દંપતી





સત્કારસમારોહ ટાણે ગળામાં સૂતરની આંટી અને ખાદીવસ્ત્રધારી દંપતી

# એક બંગલા બને ન્યારા

• હરનિશ જાની

મિસ્ટર નોબેલની મોટામાં મોટી ભૂલ એ થઈ કે નવી શોધો માટે પ્રાઇઝ આપવા માટે સાયન્સ,લિટરેચર. એકોનોમિક્સ, મેથેમેટિક્સ જેવા વિષયો સૂજ્યા. અરે ! તેમને વિશ્વશાંતિ માટે પણ ઈનામ સૂજ્યું. પરંતુ ધર્મનો વિષય ન સૂજયો. દર વરસે જો ધર્મ ક્ષેત્રમાં નવી શોધખોળનું ઈનામ આપવાનું હોત તો આપણો દેશ - આપણો ધર્મ કોઈને જીતવા ન દે. છેલ્લાં દસ વરસમાં આપણે ઘણું બધું શોધ્યું છે. તેમાં એક છે 'વાસ્તુશાસ્ત્ર'. જે નોબેલ પ્રાઇઝને કાબિલ છે.

આ વાસ્તુશાસ્ત્ર શું બલા છે? મારા ખ્યાલથી ૧૯૯૦ પછી જન્મેલા લોકો તો એમ માનતાં હશે કે આ પણ ઋષિમુનિઓનો ખેલ હશે. આશ્રમોમાં રહેતા ઋષિમુનિઓએ આ વાસ્તુશાસ્ત્ર શોધી કાઢ્યું હશે. અને તેમણે તેમના આશ્રમોની ઝૂંપડીઓ વસ્તુશાસ્ત્ર પ્રમાણે બાંધી હશે. જેથી ચોમાસાંમાં છાપરું ન ગળે. બારીઓ એવી રાખી હશે કે પ્રભુનું ધ્યાન ધરતાં ધરતાં ય પાડોશીને ત્યાં શું થઈ રહ્યું છે તે દેખાય. આમાં વાત એમ છે કે આ વાસ્તુશાસ્ત્ર છેલ્લાં આઠ દસ વરસથી જ પ્રસિદ્ધિ પામ્યું છે. એટલે આજથી પંદર વીસ વરસ પહેલાં જન્મેલાને તો એમ કે આ શાસ્ત્ર યુગોથી અસ્તિત્વમાં છે. આ દુઃખી પણ મૂર્ખ પ્રજા ચમત્કારો પાછળ દોડે છે - આ ચમત્કારો માટે તો કેટલા ય શાસ્ત્રો હતા. તેમને આ નવા શાસ્ત્રની જરૂર નહોતી. પરંતુ આ નવી પેઢીને માટે નોબેલ પ્રાઇઝને લાયક એક નવું શાસ્ત્ર ઉમેરાયું. આ શાસ્ત્ર ગરીબો માટે નહીં, પણ આ તો ઘરો બંધાવી શકે એવા પૈસાદારોને ઊલ્લુ બનાવવાનું 'શસ્ત્ર'. આમ જુઓ તો શાસ્ત્ર નહીં, પણ શસ્ત્ર જ ગણાય. મારા હિસાબે એનો પ્રચાર કરનારા પણ ખૂબ બ્રિલિયન્ટ ગણાય. અને એ લોકોને તો નોબેલ પ્રાઇઝ મળવું જ જોઈએ - જો એવું કોઈ પ્રાઇઝ હોય તો ! - બાકી જે વ્યક્તિ ઘર બનાવી શકવા શક્તિમાન હોય તે બુધ્ધિશાળી તો કહેવાય જ અને એને આ શાસ્ત્ર મગજમાં ઠસાવવું એ કોઈ ઓર્ડીનરી માણસનું કામ નહીં. અને આમ થવાથી હજારો જોષીઓને રોજી રોટી ઉપરાંત મોટર ગાડી પણ મળી. આ લોકોએ ધર્મમાં લોભ લાલચ સાથે ભય પણ ઘુસાડ્યો છે. આમ નહીં કરો તો ભગવાન તમને ધૂળ ચાટતા કરી દેશે. તેમ નહીં કરો તો તમારું બાળક મરી જશે. આપણને થાય કે આ તો ગૉડ છે કે ગૉડફાધર ! એવો તો કેવો જગત પિતા કે જે બાળકનું રક્ષણ ન કરતાં એનું નખ્ખોદ કાઢી નાખે. જો વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ઘર ન બાંધ્યું હોય તો ધંધામાં ખોટ જાય. શરીરમાં રોગો ઘૂસે. લગ્ન જીવનમાં અશાંતિ પેદા થાય. સારું છે કે આવી વાતો પુરવાર નથી થઈ. નહીં તો એવો કાયદો નીકળત કે અમદાવાદના જે ઘરો વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ન બાંધ્યા હોય એને તોડી નાખવાના. અને એમ થાય તો અમદાવાદની બધી પોળોમાં બુલડૉઝરો મકાનોને ધરાશાયી કરતી હોત. મારા દાદાએ જ્યારે ઘર બાંધ્યું હશે ત્યારે જે પ્લોટ મળ્યો, તેમાં એક લાઈનમાં બીજા ઘરો સાથે બાંધી દીધું હશે. પ્રકાશ જ્યાંથી આવતો હશે ત્યાં બારીઓ અને મેઇન રોડ તરફ ઘરમાં પ્રવેશવા માટેનું બારણું. આથી વિશેષ કોઈ વાસ્તુ નહીં. પૂર્વ દિશામાં દરેક ઘરનું પ્રવેશદ્વાર હોય એ ઈચ્છનીય છે. પરંતુ દરેક ઘરના પ્લોટ એ પ્રમાણે નથી હોતા. એટલે લોકો પૂર્વ દિશામાં દ્વાર નહીં તો બારીઓ રાખશે. મારી બાને વાસ્તુશાસ્ત્રની ખબર નહોતી, છતાં કહેતી કે 'બારી બારણાં ખૂલ્લાં રાખો તો તડકો ઘરમાં આવે.' એ વાસ્તુશાસ્ત્ર જોવા નહોતી ગઈ. એક વાત ચોક્કસ છે. સામાન્ય બુધ્ધિવાળા સામાન્ય લોકોને વાસ્તુશાસ્ત્રની જરૂર નથી.

### હાર્દિક વધામણાં

**ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્ય જગતના એક જાણીતા લેખક તેમ જ આ લેખના કર્તા હરનિશ જાનીને, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું જ્યોતીન્દ્ર દવે પારિતોષિક તાજેતરમાં એનાયત કરાયું છે. હરનિશભાઈના હાસ્યસંગ્રહ 'સુશીલા' માટે આ પારિતોષિક ડિસેમ્બર ૨૦૧૦ વેળા ઘોષિત કરવામાં આવ્યું હતું.**

**આ બહુમાન માટે "ઓપિનિયન" પણ ગૌરવ અનુભવે છે અને હરનિશભાઈને સહૃદય અભિનંદન પાઠવે છે.**

આપણે ત્યાંથી થોડા દોરાધાગાવાળા અમેરિકામાં પણ આવી ગયા છે. એટલે તેમની પાછળ વાસ્તુશાસ્ત્રોવાળા આવી ગયા. અને અમેરિકાના લોભી-લાલચુ લોકોને ભડકાવે છે. એમાં જોષીઓનો વાંક નથી તેમને તો આવા મૂરખ પૈસાવાળાઓની જરૂર જ હતી. બાકી સામાન્ય બુધ્ધિ હોય તો વાસ્તુશાસ્ત્રની જરૂર જ નથી. અમેરિકામાં ઘરમાં બે સોફા એકમેકની સામે નથી ગોઠવાતા. જો તેમ ગોઠવે તો બે સોફામાં બેઠેલા એકમેક સામે જોયા કરે, અને તે યોગ્ય બેઠક નથી. પરંતુ બે સોફા કાટખૂણે 'L' આકારમાં ગોઠવાય છે. જેથી બન્ને સોફા પર બેઠેલાઓ બીજી દિશામાં જોઈ શકે. આવી સામાન્ય બુધ્ધિની વાતમાં વાસ્તુશાસ્ત્રની જરૂર જ શું છે?

અમેરિકામાં અમારા એક મિત્ર કોઈ વાસ્તુશાસ્ત્રવાળી બાઈ (ટીવી પર એમનો રોજ પ્રોગ્રામ આવે છે) પાસેથી ઘર વિષે વાતો શીખી લાવ્યા છે. તેમણે મને અને મારાં પત્નીને પોતે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ઘર ગોઠવી અને ધંધામાં કેવી રીતે કમાયા તે સમજાવ્યું. હવે તે પણ જ્ઞાની થઈ ગયા. તેમણે કહ્યું કે તમે આગલા દરવાજેથી ઘરમાં ન પ્રવેશો. ઘરનો પાછળનો પૂર્વ દિશાનો દરવાજો વાપરો. અને ઉત્તર દિશામાં બીજી બે બારીઓ બનાવો. નહાવાનો બાથરૂમ ઉપરના માળે લઈ જાઓ. તો લક્ષ્મીજી તમારે ત્યાં આવશે. પત્નીને એમની વાતો ગમી. અને મેં વિરોધ કર્યો. કે પાછલા બારણેથી પ્રવેશવા વાડને કૂદીને આવવું પડે અથવા તો તેમાં છીંડું પાડીને આવવું પડે. અને નીચેનો બાથરૂમ છો રહ્યો, લક્ષ્મીજીને ક્યાં ન્હાવું છે? અને નહાવું હશે તો, જો બાથરૂમ નીચે હશે તો સહેલું પડશે. ઉપલા માળાના બાથરૂમમાં પાણી લિક થયું તો? મારાં પત્ની એમની વાતોમાં આવી ગયાં. એમણે મને લેક્ચર આપ્યું કે દુનિયા આખી પૈસાદાર થઈ ગઈ અને આપણે હજુ સુધી કેમ ગરીબ રહ્યા છીએ. અને થયો ઉગ્ર સંવાદ. પેલા મિત્ર ત્યાં જ બેઠા હતા. બોલ્યા, 'જો વાસ્તુશાસ્ત્ર પ્રમાણે તમારું આ ઘર બંધાયું હોત, તો આવા ઝઘડા કદી ન થાત !'

આ વાસ્તુશાસ્ત્રની શોધ એટલે સંતોષી માની શોધ. આ સંતોષી મા પણ નોબેલ પ્રાઇઝ મેળવવાને યોગ્ય છે. મને યાદ છે, ૧૯૫૫માં જ્યારે હું નવમા ધોરણમાં હાઈ સ્કૂલમાં હતો, ત્યારે મારાં ભાનુકાકી મારી બાને સંતોષી માનું વ્રત સમજાવવા આવ્યાં હતાં. કે શુક્રવારે આખો દિવસ ભૂખ્યા રહેવાનું અને સાંજે ચણા અને ગોળ ખાવાના. મારી બાએ પૂછ્યું કે 'શાસ્ત્રોમાં તો નવ દુર્ગાનું મહત્ત્વ સમજાવ્યું છે. અને આ નવાં માતા ક્યાંથી આવ્યાં?' ભાનુકાકી બોલ્યા, 'વડોદરેથી આવ્યાં. – મારી બહેન ભીખીનો કાગળ છે કે અહીં વડોદરામાં જે સ્ત્રીઓ આ વ્રત કરે છે તેમની ઈચ્છાઓ સફળ થાય છે.' મારી બા એમ સહેલાઈથી માને એવી નહોતી. તે બોલી, 'તો પછી આ નવ માતાઓ ઈચ્છા પૂરી નથી કરતી ? અંબા માતા તો મારા બધાં કામ કરે છે. તો તેમને છોડીને સંતોષી મા પાછળ કેમ દોડું?' ભાનુકાકી કહે કે 'મારી ભીખી ખોટું ન બોલે. હું તો શુક્રવાર ચાલુ કરી દઈશ. વડોદરાના લોકો કરે છે તો પછી આપણને શો વાંધો?' મારી બા કહે કે 'દેવી પુરાણમાં સંતોષી માનું નામ કદી વાંચ્યું નથી. હું અંબાજીને છોડીને તારી સંતોષી મા પાછળ દોડું તો અંબા માતાને ખોટું લાગે.' મારી બા નાસ્તિક નહોતી, પણ સામાન્ય બુધ્ધિ ચલાવતી. તે જીવનભર અંબા માતાને છોડીને સંતોષીમા પાછળ દોડી નથી. તેમનો ફોટો સુધ્ધાં પોતાના ભગવાનોના ફોટાની ગેલેરીમાં નથી રાખ્યો. તેમાં સંતોષીમાનું નસીબ સારું તે કોઈકે એમના નામની ફિલ્મ બનાવી અને ખૂબ ચાલી. પ્રોડ્યુસરો કમાઈ ગયા. થિયેટરવાળાઓએ તો બહાર મંદિરો બનાવ્યા અને ફિલ્મ તો ફિલ્મ, આરતીમાં પણ કમાઈ ગયા. પછી તો સંતોષીમા જામી ગયાં. ફિલ્મ ચાલી અને એમનો પ્રભાવ પણ ચાલ્યો. અને આ પ્રભાવ સદીઓ સુધી ચાલશે.

આ બ્રિલીયન્ટ માણસો નોબેલ પ્રાઇઝ દર વરસે જીતી શકે અને માનવજાતના કલ્યાણનાં કાર્યો પણ કરી શકે. અમેરિકામાં બેઠાં બેઠાં, સાંભળ્યું છે કે,

# શબ્દો, સત્યાગ્રહીઓના

**• દીપક મહેતા**

અભય આપ્યું વચન મુખથી,
કસમ ખાઈ નહીં ફરશું;
બંદા પેદા થયા મરવા,
તો જમડાથી નહીં ડરશું.

* * *

જગતના નાથ ઓ તારા,
મને છે ન્યાયની આશા;
નિરાશાના ભર્યા વિશ્વે,
ધરી છે એ જ અભિલાષા.

* * *

એક વહાણમાં બેસીને
કાણાં પાડે કોય,
આખર સરવાળે પછી
પોકે પોકે રોય.




ગમે તેટલા ગુજરાતી કાવ્યસંગ્રહો ઉથલાવો, ઉપરની અને તેના જેવી પંક્તિઓ તમને ક્યાં ય જોવા નહીં મળે. વીસમી સદીના બીજા દાયકાના આરંભે, આવાં કાવ્યો એક જાણીતા સામયિકમાં પ્રગટ થયાં હતાં અને એ સામયિકના સંપાદક હતા મોહનદાસ કરમચંદ ગાંધી. સામયિકનું નામ "ઇન્ડિયન ઓપિનિયન", દક્ષિણ આફ્રિકામાં પ્રગટ થતું. બેત્રણ અપવાદને બાદ કરતાં બધી રચનાઓ ગુજરાતીમાં લખાયેલી છે. મૂળ કૃતિના પાઠની સાથે તેનો અંગ્રેજી અનુવાદ પણ આપ્યો છે. નર્મદ અને 'ખબરદાર'ને બાદ કરતાં બીજી કોઈ રચનાના કર્તાઓના નામ જાણીતાં નથી. કારણ તેમાંના ઘણાખરાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહીઓ અથવા સત્યાગ્રહીઓના ટેકેદારો હતા. કાવ્યકૃતિનું સર્જન એ તેના લખનારાઓનું ધ્યેય નહોતું કે તેને પ્રગટ કરનાર સંપાદક ગાંધીજીનું પણ ધ્યેય નહોતું. બંને પક્ષે આ તો માત્ર એક સાધન હતું, સત્યાગ્રહને સફળ બનાવવા માટેનું. સત્યાગ્રહીઓ આમાંની ઘણી કૃતિઓ સમૂહમાં ગાતા એટલે એમાં પર્ફોર્મન્સનું તત્ત્વ પણ રહેલું છે. ભાવ, ભાષા, અભિવ્યક્તિની દ્રષ્ટિએ આમાંની કોઇ કૃતિ આજે ભાગ્યે જ સંતોષ આપે, પણ સત્યાગ્રહના એક સબળ સાધન તરીકે તેનું મૂલ્ય ઓછું નહોતું. ગાંધીજીએ પણ આ કૃતિઓને એ રીતે જ જોઈ હોય.

પુસ્તકને આરંભે મૂકેલી પચાસેક પાનાંની પ્રસ્તાવનામાં સંપાદકોએ આ કૃતિઓ, તેના કર્તા, સત્યાગ્રહની ચળવળ, તેની ગાંધીજીએ લીધેલી નેતાગીરી વગેરેની વિસ્તૃત છણાવટ કરી છે. પણ તેમણે આ રચનાઓને બહુ યોગ્ય રીતે જ 'વન્ડરફુલ વિન્ડો ઈન ટુ અ હિસ્ટ્રી ઈન ધ મેકિંગ' તરીકે ઓળખાવી છે. રચનાઓનો અંગ્રેજી અનુવાદ કરવા પાછળનો હેતુ પણ સત્યાગ્રહીઓના શબ્દોને વધુ વિશાળ વાચકસમૂહ સુધી પહોંચાડવાનો જ રહ્યો છે, ગુજરાતી કવિતાથી તેમને પરિચિત કરવાનો નહીં.

જો કે આટલી ધગશ અને કાળજીપૂર્વક તૈયાર થયેલા પુસ્તકની પ્રસ્તાવનામાં રહી ગયેલા કેટલાક હકીકતદોષો ખૂંચે તેમ છે. જેમ કે પ્રસ્તાવનાના ૨૯માં પાનાં પર નર્મદે પહેલું વહેલું ગુજરાતી અખબાર શરૂ કરેલું એમ કહેવાયું છે. પહેલું અખબાર નર્મદે નહીં, ફરદુનજી મર્ઝબાનજીએ ૧૮૨૨માં શરૂ કરેલું. એ હકીકત સંપાદકો કેમ ભૂલી ગયા હશે? અને નર્મદનું "ડાંડિયો" અખબાર ન્યૂસ પેપર નહોતું પણ સામયિક પિરિયોડિકલ હતું. તો પુસ્તકનાં ૮૫માં પાનાં પરની નોંધમાં કહ્યું છે : નર્મદ "બુદ્ધિપ્રકાશ" માસિકમાં નિયમિતપણે લખતા. પણ હકીકતમાં નર્મદના આજીવન પ્રતિસ્પર્ધી કવિ દલપતરામ "બુદ્ધિપ્રકાશ"ના તંત્રી હતા એટલે નર્મદે પોતાની કોઈ કૃતિ "બુદ્ધિપ્રકાશ"માં ભાગ્યે જ છપાવી હોય. નર્મદનું જે એક કાવ્ય 'ડગલું ભર્યું કે ના હઠવું' આ પુસ્તકમાં સમાવ્યું છે તે પણ દેખીતી રીતે જ ગાંધીજીએ નર્મકવિતામાંથી પુનર્મુદ્રિત કર્યું છે (પા. ૧૨૯).

આવા હકીકતદોષો સહેલાઈથી નિવારી શકાયા હોત. પુસ્તકના બંને સંપાદકો સુરેન્દ્ર ભાણા અને નિલીમા શુકલ-ભટ્ટ અમેરિકન શિક્ષણ સંસ્થાઓમાં અધ્યાપનકાર્ય સાથે સંકળાયેલાં છે. બંનેને ગુજરાતી ભાષાની જાણકારી છે અને અંગ્રેજી અનુવાદો તેમની અંગ્રેજી ભાષા પરની હથોટીનો પરિચય આપે છે. પુસ્તક માટેની સામગ્રી એકઠી કરવામાં અને તેને આકર્ષક રીતે રજૂ કરવામાં તેમણે સારી એવી જહેમત લીધી છે. પ્રકાશકે પણ પુસ્તકનું સાદગીપૂર્ણ સુરુચિભર્યું નિર્માણ કરવામાં કસર છોડી નથી.

ગાંધીજી, ભારત, દક્ષિણ આફ્રિકા અને ત્યાંના હિંદી વસાહતીઓના અભ્યાસમાં રસ ધરાવનાર સૌ કોઈને માટે આ પુસ્તક વાંચવાનું જરૂરી ગણાય તેવું આ પુસ્તક બન્યું છે.

'અ ફાયર ધેટ બ્લેઝ્ડ ઈન ધ ઓશન: ગાંધી એન્ડ ધ પોએમ્સ ઓફ સત્યાગ્રહ ઈન સાઉથ આફ્રિકા, ૧૯૦૯૧૯૧૧'.— 'A Fire That Blazed In The Ocean' : Gandhi and the Poems of Satyagraha in South Africa, 1909 - 1911 : પ્રસ્તાવના અને અનુવાદ સુરેન્દ્ર ભાણા, નિલીમાં શુકલ-ભટ્ટ. — Introduced and translated by Surendra Bhana and Neelima Shukla-Bhatt : પ્રોમિલા એન્ડ કંપની પબ્લિશર્સ, ન્યૂ દિલ્હી. પ્રથમ આવૃત્તિ, ૨૦૧૧. ૨૧૩ પાનાં, સચિત્ર રૂ. ૬૦૦. ISBN-10 : 93-80188-13-7 ;

**(સૌજન્ય : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૦૩.૦૩.૨૦૧૧)**

**[55, Vaikunth Co-operative Society, Lallubhai Park, Andheri (West), MUMBAI - 400 058, India]**

•

દર અમાસે ગુજરાતીઓ, કાલ સર્પ યોગથી બચવા નર્મદા કિનારે વસેલા ચાંદોદ - કરનાળીના શંકર ભગવાનના દર્શને હજારોની સંખ્યામાં દોડે છે. હવે આ કાલ સર્પ યોગની શાંતિપૂજા પણ નોબેલ પ્રાઇઝની અધિકારી બની શકે. આવી પૂજાઓ કરવાથી મૃત્યુ ન આવે. એનાથી માનવજાત માટે વધુ રૂડું શું? હવે જાત્રા ધામ તો બની ગયું પણ વાહન વ્યવહારને પહોંચી વળવા રસ્તાઓ તો જુના જ છે. સેંકડોની સંખ્યામાં વાહનો દોડે છે. એટલે જેમાં કેટલા ય ભક્તો વાહનોના એક્સિડન્ટોમાં માર્યા જાય છે. કાળથી બચવા ભગવાનને શરણે પહોંચે તે પહેલાં તે કાળને શરણ પહોંચે છે. ઘેર બેઠા હોત તો કદાચ બચી ગયા હોત. પણ પાછા એ જ લોકો કહેશે - 'ભઈ, મોત જ જો નસીબમાં હોય તો ઘરમાં પણ આવે.' ચાલો, બીજું કાંઇ નહીં તો એ બહાને રસ્તાઓ તો નવા બનશે !

આપણે તો આ મામૂલી વાતો ગુજરાતની જ કરીએ છીએ. આખા ભારત વર્ષમાં તો કેટલા ય નવા શાસ્ત્રો અને પેટા ધર્મો ભક્તોના પ્રતાપે ભગવાન માટે રોજ સર્જાતા હોત. આ બધા નવા શાસ્ત્રો નોબેલ પ્રાઇઝને લાયક ઠરત - જો મિસ્ટર નોબેલને ધર્મનો વિષય સૂઝ્યો હોત તો !

[4,Plesant Drive, Yardville, NJ 08620, U.S.A.]
e.mail : harnish5@yahoo.com

**ઉત્તમ કળા તે છે જેમાં માનવીનાં**
**હાથ, મસ્તક ને હૈયાનો સમન્વય થયો હોય.**

# વિચારજ્યોતના વાહક ચંદુભાઈ મહેરિયા

• બીરેન કોઠારી

'ચંદુભાઈ ! હવે તો તમે નિવૃત્ત થઇ ગયા હશો, નહીં !'

ચંદુભાઈ મહેરિયાને ઘણા સમયથી ઓળખતા લોકો લાંબા અંતરાલ પછી મળે એટલે આવો સવાલ આપોઆપ તેમના મોંમાંથી સરી પડે. ૨૮મી જૂન, ૧૯૫૯ના રોજ જન્મેલા ચંદુભાઈએ હજી ગયા વરસે જ વનપ્રવેશ કર્યો. પણ પચીસ-ત્રીસ વરસથી ચંદુભાઈને સતત અને સઘન કામ કરતા જોઈને એમ જ લાગે કે એ નોકરીમાંથી નિવૃત્ત થઈ ગયા હશે. તેમણે જાહેર જીવનમાં કામ શરૂ કર્યું ત્યારે આનાથી સાવ ઉલટું થતું. સાવ અઢાર-ઓગણીસની ઉંમરના લવરમૂછિયાને વિવિધ વિષયો પર મુદ્દાસર છણાવટ કરતો જોઈને લોકો આશ્ચર્યથી કહેતા, 'અરે ! આટલો ટેણિયો થઈને તું આટલું બધું જાણે છે ?'

કર્મશીલ, લેખક, પત્રકાર, સંપાદક, સંચાલક, વક્તા, કવિ, વિશ્લેષક, વિચારક એવી અનેકવિધ ઓળખ ધરાવતા ચંદુભાઈ મહેરિયાનું કોઈ પણ પાસું તપાસો, એમાં ખંત, અભ્યાસ અને નિષ્ઠા સામાન્ય લક્ષણ હોવાનાં. તેમને મળતાં, સાંભળતાં કે વાંચતાં અધિકૃત,આધારભૂત માહિતી તેમ જ આગવો દૃષ્ટિકોણ પ્રાપ્ત થાય વિના રહે નહીં. તેમનાં લખાણની વિશેષતા એ છે કે દેખીતી રીતે કશું ય સામ્ય ન હોય એવા અનેક બનાવોને તેઓ ઝીણવટભરી નજરે જુએ અને એ સૌને એવી એક દોરમાં પરોવે કે વાંચનારને એક નવું જ દર્શન પ્રાપ્ત થાય. પછી એ વિષય રાજકારણનો હોય કે સમાજકારણનો હોય.



તેમના દ્વારા આયોજિત 'અધિકાર'ની વિચારગોષ્ઠિમાં રઘુવીર ચૌધરી, દિનેશ શુક્લ, સિતાંશુ યશશ્ચંદ્ર, અનિલ ભટ્ટ, દિગંત ઓઝા, મકરંદ મહેતા, સરૂપ ધ્રુવ, દિલીપ ચંદુલાલ, રમણ સોની, ચન્દ્રકાન્ત શેઠ, ઘનશ્યામ શાહ, સુમન શાહ, પી.કે.વાલેરા જેવાં નામો કશા પુરસ્કારની અપેક્ષા વિના સામેલ થયા છે અને ડૉ. આંબેડકરનાં વિવિધ પાસાં વિષે વક્તવ્યો આપી ચૂક્યા છે.

ચંદુભાઈની કાર્યનિષ્ઠા અને અભ્યાસનિષ્ઠા થકી તેમની પ્રતિષ્ઠા એવી છે કે ૨૦૦૫માં મુંબઈમાં યોજાયેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના અધિવેશનમાં એક બેઠકના અધ્યક્ષ તરીકે તેમની પસંદગી થઈ હતી, તો એ જ વરસે મહુવામાં યોજાયેલા 'અસ્મિતા પર્વ'માં તેમને 'સાહિત્યમાં વિકાસોન્મુખ દલિત ચેતના' વિષે વક્તવ્યનું નિમંત્રણ મળ્યું હતું.

એક દલિત કુટુંબમાં જન્મ્યા હોવાથી ભોગવવી પડતી તમામ તકલીફો, યાતનાઓ, યંત્રણાઓમાંથી ચંદુભાઈ પસાર થયા છે. આમ છતાં, તેમની દૃષ્ટિ અને વિચારોની સ્પષ્ટતા અત્યંત હેતુલક્ષી રહી શક્યાં છે. સામાજિક અન્યાય, અસમાનતા તેમને ય નડી છે, પણ એ બધું વેઠીને આકરા, અકોણા કે ઉગ્ર બની જવાને બદલે તેઓ એક સમભાવી દૃષ્ટિ કેળવી શક્યા છે, અને ગળચટા સત્યને બદલે સીધેસીધું કહી દેવાની આદત છતાં ય વાંકદેખા બનવાને બદલે રચનાત્મક અને હકારાત્મક રહી શક્યા છે. ચંદુભાઈની જીવનસફર પર એક નજર નાંખીએ તો તેમના કાર્યનો, કાર્યશીલતાનો, કાર્યક્ષેત્રનો તાગ કદાચ મેળવી શકાય.

પિતા રામજીભાઈ અને માતા ડાહીબહેનનું ચોથું સંતાન ચંદુભાઈ. તેમના પહેલાં બે ભાઈઓ મેહુલભાઈ અને રમણભાઈ તેમ જ એક બહેન કમળાબહેન અને તેમના પછી પણ બે ભાઈઓ દિનેશ અને પ્રકાશ તેમ જ એક બહેન અંજુબહેન જન્મેલાં. આવા બહોળા પરિવારમાં ચંદુભાઈનો જન્મ થયો. ગરીબી પડછાયાની જેમ નિત્ય સાથીદાર હતી. અમદાવાદના રાજપુરમાં આવેલી મિલમજૂરોની વસાહત એવી અબુ કસાઈની ચાલીમાં આવેલી ઓરડીમાં સૌ ભેગા રહેતાં. 'ભગત' તરીકે ઓળખાતા પિતાજીને સૌ ભાંડુઓ 'બા' તરીકે ઓળખતા. રૂઢિદાસ્ય, વહેમ, દોરાધાગા અને મંત્રતંત્રથી સબડતા ત્યારના દલિત સમાજમાં અલ્પશિક્ષિત એવા રામજીભાઈ પ્રખર નાસ્તિક તેમ જ આંબેડકરના વિચારોથી પરિચિત અને ખાસા પ્રભાવિત હતા, જેનો ઘણો પ્રભાવ ચંદુભાઈ પર પડ્યો.

એકથી સાત ધોરણ સુધીનો ચંદુભાઈનો અભ્યાસ મ્યુનિસિપલ શાળામાં થયો. આ ગાળામાં ઘરની ગરીબી અને આસપાસના સમાજની વિષમ પરિસ્થિતિની ઘેરી છાપ તેમના મન પર ઝીલાઈ. દીકરાની બિમારીને કારણે ડૉ. આંબેડકરની અંતિમ યાત્રામાં નહીં જઈ શકવાનો વસવસો રામજીભાઈને જીવનભર રહેલો. આને કારણે નાનકડા ચંદુને બાળપણથી મનમાં ઠસી ગયેલું કે ગમતું કામ કરવામાં કુટુંબ બાધક બને છે. આ ખ્યાલ દૃઢ બનતો રહ્યો. આ ઉપરાંત આગળ જતાં તેમણે જોયું કે મોટા ભાગના અગ્રણીઓ માટે દલિત ચળવળ કે સામ્યવાદી ચળવળ પાર્ટ ટાઈમ પ્રવૃત્તિ છે, જ્યારે ચંદુભાઈને એમાં ફૂલ ટાઈમ કામ કરવું હતું. પરિણામે લગ્ન કરવાનો વિચાર ત્યાર પૂરતો એમણે કોરાણે મૂકી દીધેલો.

આઠમા ધોરણમાં તેમણે પડોશના વિસ્તાર ગોમતીપુરમાં આવેલી 'ડેમોક્રેટિક સ્કૂલ'માં પ્રવેશ લીધો, એ સાથે જ પુસ્તકોનું, વિચારોનું, જ્ઞાનનું એક નવીન વિશ્વ તેમની સમક્ષ ખૂલ્યું. અનેક શિક્ષકોના તેઓ પ્રિય વિદ્યાર્થી હતા. ગોમતીપુરમાં રહેતા કવિ ચંદ્ર પરમાર એક વાર શાળામાં આવ્યા ત્યારે શિક્ષક હરીન્દ્ર શાસ્ત્રીએ પોતાના આ વાંચનપ્રેમી વિદ્યાર્થીનો પરિચય ચંદ્રભાઈને કરાવ્યો. રાજી થયેલા ચંદ્રભાઈએ પોતાના મિત્ર આનંદ પરમાર પર એક ચિઠ્ઠી લખી, જે ચંદુભાઈની ચાલીની બાજુની ચાલીમાં જ રહેતા હતા.

આનંદ પરમાર પ્રખર સામ્યવાદી કાર્યકર હતા. તેમનું પુસ્તકાલય રશિયન સાહિત્યકારોનાં તેમ જ સામ્યવાદ અંગેનાં પુસ્તકોથી ભરેલું હતું. 'ઉત્થાન' નામની સંસ્થા એ ચલાવતા, જેના ઉપક્રમે રાજપુરની આ ચાલીમાં ઉમાશંકર જોશી, પુ.ગ. માવળંકર, એસ.આર. ભટ્ટ, ઈશ્વર પેટલીકર, દિનકર મહેતા જેવા ખ્યાતનામ લોકો વક્તવ્ય માટે આવી ગયેલા. બીજે દિવસે સવારના પહોરમાં જ ચિઠ્ઠી લઈને આવેલા ચંદુભાઇને તેમણે પહેલવહેલું પુસ્તક આપ્યું મેક્સિમ ગોર્કીનું 'મા'. આ પુસ્તક થકી ચંદુભાઈની વાંચનયાત્રાનો આરંભ થયો, જે પછીના વરસોમાં તો અનેક ક્ષેત્રોનાં અસંખ્ય પુસ્તકો લગી વિસ્તરી. હજી આજે ય એ અવિરત જારી છે. દિલ્હીમાં યોજાતા રાષ્ટ્રીય પુસ્તક મેળાની ચંદુભાઈ લગભગ નિયમિત મુલાકાત લે છે અને રસનાં પુસ્તકો ખરીદે છે.

શાળામાં મહેશભાઈ ત્રિવેદી નામના શિક્ષક સાથેનો સંબંધ તેમના ઘડતરમાં મહત્ત્વનો બની રહ્યો. વિદ્યાર્થી-શિક્ષક બન્નેએ ભેગા મળીને શાળાના વિદ્યાર્થીઓ માટે "ભૂગોળભેરુ" નામનું સાઈક્લોસ્ટાઈલ પેપર કાઢવાનું શરૂ કર્યું. મહેશ ત્રિવેદીએ પોતાની જ્ઞાતિના મેગેઝિન "ઔદિચ્ય સેવા" માટે 'મધર ટેરેસા' વિષેનો લેખ પોતાના આ વિદ્યાર્થી ચંદુ પાસે લખાવડાવેલો.

૧૯૭૭માં ચંદુભાઈએ નવી એસ.એસ.સી. પાસ કર્યું ત્યાં સુધીમાં તેમના વાંચનની ક્ષિતિજો ખાસ્સી વીસ્તરી ચૂકી હતી. એ અરસામાં તેમના મોટાભાઈએ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ લીધો. આને કારણે એક નવા જ વાતાવરણનો પરિચય થયો. નિબંધલેખન અને સાંપ્રત બનાવોના વિશ્લેષણમાં ચંદુભાઈનો રસ એટલો પ્રબળ હતો કે તેમણે ઘરઆંગણે જ 'વલય' નામે સંસ્થા શરૂ કરી, જે આમ તો વનમેન શો હતો. આમાં અફઘાનિસ્તાનની કટોકટીની ય ચર્ચા થાય, ઈરાક વિશે વક્તવ્ય અપાય અને મરાઠી દલિત સાહિત્ય વિષે ય ચંદુભાઈ બોલે. વિષય ગમે તે હોય, પણ ચંદુભાઈની અભ્યાસનિષ્ઠા અને ખંત એવાં કે સાંભળનારને એમાંથી કંઈક દૃષ્ટિકોણ પ્રાપ્ત અવશ્ય થાય. 'વલય'ની ખ્યાતિ આ રીતે ઘણી ફેલાઈ. મરાઠી દલિત સાહિત્ય વિષે એ બોલવાના હતા એ

જાણીને સાહિલ પરમાર, નીરવ પટેલ, દલપત ચૌહાણ જેવા અગ્રણી દલિત કવિઓ પણ સાંભળવા આવેલા, જે આગળ જતાં નજીકના મિત્રો બની રહ્યા. ઓગણીસ-વીસની ઉંમરે પણ ચંદુભાઈની સજ્જતા અને વૈચારિક પુખ્તતા ઘણી હતી. ત્યારે હજી ખ્યાતનામ નહીં બનેલા સાહિત્યકાર જોસેફ મેકવાનને વડોદરાના વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા 'સંસ્કાર એવોર્ડ' પ્રદાન કરવામાં આવેલો. એ પછી અમદાવાદમાં જોસેફભાઈનું પહેલવહેલું વક્તવ્ય 'વલય'ના ઉપક્રમે યોજાયેલું, અને આ વક્તવ્યમાં જોસેફભાઈએ જે વ્યક્તિચિત્રોનું વાંચન કર્યું, એ આગળ જતાં ક્રમશઃ "નયા માર્ગ"માં અને પછી પુસ્તકરૂપે 'વ્યથાનાં વીતક' તરીકે પ્રકાશિત થયું. જોસેફભાઈની આગવી સાહિત્યિક ઓળખ તેના થકી જ ઉપસી. અઢળક ખ્યાતિ પામ્યા પછી જોસેફભાઈએ પોતાને લખવા માટે પ્રેરવા બદલ એક લેખમાં ચંદુભાઈને 'ચંદુ, મારો ગોરખ' કહીને બીરદાવેલા.




૧૯૭૭માં મેટ્રિક પાસ થયા, એ અરસામાં, અખબારોમાં ચર્ચાપત્રો લખવાનું પણ ચંદુભાઈએ શરૂ કરી દીધેલું. ઘણી વાર તો એમ બનતું કે "જનસત્તા"ના તંત્રીલેખના પાના પર અડધા પાનાનો પ્રકાશ ન. શાહનો તંત્રીલેખ હોય અને તેની નીચે લગભગ એ જ કદનું ચંદુભાઈનું ચર્ચાપત્ર હોય. આ રીતે લખાયેલા ચર્ચાપત્રોમાં ગોલાણા હત્યાકાંડનો આખો અહેવાલ પણ હોય કે ભાનુભાઈ અધ્વર્યુ જેવાનો અંજલિલેખ પણ હોય. ચર્ચાપત્રો એ પોસ્ટકાર્ડ પર લખવાને બદલે મોટે ભાગે પરબીડિયામાં જ મોકલતા. ઘરની સામે જ આવેલી પોસ્ટ ઑફિસમાંથી એ જથ્થાબંધ પરબીડિયાં ખરીદતા. એક વાર તેમના હાથમાં પરબીડિયાંનો થપ્પો જોઈને એક વૃદ્ધ માજીએ સહાનુભૂતિપૂર્વક પૂછેલું, 'ભાઈ, બહુ અરજીઓ કરવી પડે છે ? નોકરી નથી મળતી?'

જો કે, કોલેજના પહેલા વરસમાં હતા એ વખતે જ તેમને ખેડાની આર.ટી.ઓ.માં નોકરી મળી, અને ત્યાર પછી થોડા જ સમયમાં અમદાવાદમાં જ શિક્ષણ ખાતામાં નોકરી મળી ગઈ, જે આજપર્યંત ચાલુ છે. અલબત્ત, હવે ઑફિસ ગાંધીનગર ખસેડવામાં આવી છે.

'વલય' પછી શરૂ થયેલી બીજી સંસ્થા હતી 'ભીમરાવ વિદ્યાર્થી સંઘ'. ૧૯૮૧માં અનામતવિરોધી રમખાણ શરૂ થયાં. આ ગાળામાં સરસપુરની બે મોટી ચાલીઓમાં – રાધેશ્યામની ચાલીમાં અને ફૂલચંદની ચાલીમાં – વસતા દલિત કુટુંબોએ રાતોરાત હિજરત કરવી પડી. અને આ બધા હિજરતીઓ આવ્યાં ચંદુભાઈના વિસ્તારમાં. એ વખતે 'ભીમરાવ વિદ્યાર્થી સંઘ'ના કાર્યકર વિદ્યાર્થીઓ કેમ્પમાં રહેતાં કુટુંબના બાળકોને ભણાવવાનું કામ કરતા. ત્યારે અમદાવાદમાં આવતા કોઈ પણ રાષ્ટ્રીય નેતા હિજરતીઓની આ છાવણીની મુલાકાતે અવશ્ય આવતા. આ સૌને નજીકથી જોવાનો, મળવાનો, વાત કરવાનો અવસર ચંદુભાઈને મળ્યો.

આ ગાળામાં જ ચંદુભાઈનો પરિચય "નયા માર્ગ" અને તેના તંત્રી ઈન્દુકુમાર જાની સાથે થયો અને તેમના સંબંધો ઘણા આત્મીય બની રહ્યા. ક્રમશઃ ચંદુભાઈએ "નયા માર્ગ"માં નિયમિતપણે લખવાનું શરૂ કર્યું અને ધીમે ધીમે "નયા માર્ગ"ની મોટા ભાગની સંપાદકીય જવાબદારી પણ તેમણે ઉપાડી લીધી. આમ, તેમની સમજણને, વિચારોને, કૌશલ્યને વ્યક્ત થવા માટે એક બહોળું ફલક મળ્યું. ચંદુભાઈએ પોતાની કાર્યદક્ષતા અને વિચારસ્પષ્ટતા બરાબર પુરવાર કરી. દસેક વરસનો આ સમયગાળો ચંદુભાઈની તેમ જ "નયા માર્ગ"ની આગવી ઓળખ ઉપસાવનાર બની રહ્યો. અચ્યુતભાઈ યાજ્ઞિકે દલિત કવિતાઓનું સૌ પ્રથમ સંપાદન પ્રકાશિત કરેલું, ત્યાર પછી "નયા માર્ગ"માં નિયમિત પ્રકાશિત થતી દલિત કવિતાઓનું સંપાદન 'અસ્મિતા'ના નામે ચંદુભાઈએ કર્યું. દલિત કવિતાઓનું બીજું સંપાદન 'વિસ્ફોટ' પણ તેમણે બહુ વિશિષ્ટ રીતે કર્યું. જેમની કવિતાઓ સંગ્રહમાં લેવાઈ હોય એ દરેક કવિ ગાંઠના સો સો રૂપિયા કાઢે અને એ રીતે એકઠી થયેલી રકમમાંથી સંગ્રહ પ્રકાશિત કરવામાં આવે. એ જ રીતે દલિત સાહિત્યકારોનાં માતૃચરિત્રોનું સંપાદન 'માડી મને સાંભરે રે' ગુજરાતી સાહિત્યમાં આગવી કેડી કંડારનારું પુસ્તક બની ગયું અને વાચકોને એક નવા, અજાણ્યા વિશ્વનો પરિચય થયો.

ચંદુભાઈના ખુદના સચોટ અને વેધક ગદ્યનો પરિચય 'મેયર્સ બંગલો' નામના બે પાનાંના એક આત્મકથ્યમાં જ મળી રહે છે. તેમણે લખેલું : 'મારું ઘર પતરાવાળું છે, પણ જાજરૂ - બાથરૂમ ધાબાવાળું છે. ઘરમાં ભોંયતળિયે પ્લાસ્ટર હતું, પણ જાજરૂમાં સરસ ટાઇલ્સ હતી. સાચું કહું તો જાજરૂમાં બેસીને જમવાનું મન થાય એટલી સ્વચ્છ - સુંદર જગ્યા ઘરમાં એ બનેલી.' વાંચનારના ચિત્તતંત્રને ખળભળાવી મૂકવાની જબરદસ્ત તાકાત છે આ આત્મકથનક નિબંધમાં.

આમ, દલિત સાહિત્યના આરંભે તેની ઓળખ ઊભી કરવામાં જે પાયારૂપ ગણ્યાગાંઠ્યા નામો છે, તેમાં ચંદુભાઈનું નામ નોંધપાત્ર છે. .



**ભીમરાવ વિદ્યાર્થી સંઘને સંબોધતા યુવાન ચંદુભાઈ મહેરિયા**

દલિત ચળવળને લગતાં સંમેલનોનું અને તેના અહેવાલનું દસ્તાવેજીકરણની રીતે એક આગવું મહત્ત્વ હતું. જોસેફભાઈએ સાહિત્યકૃતિ કરતાં ય પહેલાં આવા બે સંમેલનોના અહેવાલ લખેલા. ત્યાર પછી ભરાયેલા ત્રીજા સંમેલનનો અહેવાલ લખવાની જવાબદારી ચંદુભાઈના શિરે આવી, જે તેમણે 'દુકાળિયા બપોરનો સંગાથ'ના શીર્ષક હેઠળ અહેવાલ લખીને સુપેરે બજાવી. હૈદરાબાદમાં ભરાયેલા દલિત સાહિત્યકારોના પહેલવહેલા રાષ્ટ્રીય સંમેલનનો અહેવાલ 'દલિત સાહિત્યની પ્રભાવી કૂચ' તરીકે તેમણે લખેલો, જે

પુસ્તકાકારે પ્રસિદ્ધ થયેલો. દલિતોની હિજરતના મુદ્દાને લઈને લખેલા બનાવનો જાતઅહેવાલ 'સાંબરડાથી સ્વમાનનગર' હર્ષદ દેસાઈ સાથે મળીને ચંદુભાઈએ લખ્યો. આ દરમ્યાન તેમનો પરિચય વિદ્વાન દલિત પાનાચંદ પરમાર સાથે થયો. જૉસેફ મૅકવાન, પાનાચંદ પરમાર અને ચંદુભાઈએ મળીને સ્થાપના કરી 'અધિકાર' નામની સંસ્થાની, જેનો મુખ્ય ઉદ્દેશ હતો દલિતોના વિવિધ પ્રશ્નોની સરકાર સમક્ષ રજૂઆત કરવી. 'નવસર્જન' સાથે સંકળાયેલા માર્ટિન મૅકવાન જેવા કર્મશીલનો પણ તેમને પરિચય થયો, જે અનેક રીતે સુખદ અને વિચારપ્રેરક બની રહ્યો.

આ બધી ગતિવિધિઓ વચ્ચે ય ચંદુભાઈની અભ્યાસનિષ્ઠાની સાથેસાથે વૈચારિક સ્પષ્ટતામાં કશો ફરક પડ્યો ન હતો, બલ્કે તે વધુ ધારદાર બનતી રહી હતી. દૂરદર્શન પર એક વાર આંબેડકર નિર્વાણ દિને યોજાયેલા દલિત કવિઓના સંમેલનને 'દલિત કવિ સંમેલન' તરીકે ઓળખાવાય એવો તેમણે દૃઢાગ્રહ રાખેલો. કેટલાક કવિઓ પોતાને દૂરદર્શન પર ચમકવા મળ્યું એ વાતે રાજી હતા ત્યારે ચંદુભાઈએ "નયા માર્ગ"માં 'દલિત કવિઓ દૂરદર્શન પર'ના શીર્ષકથી લેખ લખીને મૂળ મુદ્દાથી ચાતરી જવા બાબતે તેમની ટીકા કરી હતી, એટલું જ નહીં, તેમની ખફગી પણ વહોરી લીધી હતી.

તેમને એટલું બરાબર સમજાઈ ગયું હતું કે દલિત અગ્રણીઓ કે ઉદ્ધારકો ભલે ડૉ. આંબેડકર વિષે વાતો કરે, હકીકતમાં તેઓ આંબેડકરને પવિત્ર ગાય ગણીને તેમની દૂરથી પૂજામાત્ર જ કર્યે રાખે છે. આંબેડકરના વિચારો, તેમનો અભિગમ, તેમના દર્શન અને અભ્યાસ સાથે તેમને કશી લેવાદેવા નથી. આ અંગે કંઈક નક્કર કરવું જોઈએ, એમ તેમને સતત લાગ્યા કરતું.

પ્રાધ્યાપક પાનાચંદ પરમારનું અચાનક અવસાન થતાં 'અધિકાર'ની પ્રવૃત્તિમાં થોડો ઝોલ પડ્યો. પણ માર્ચ, ૨૦૦૧થી 'અધિકાર'ના ઉપક્રમે વિચારગોષ્ઠીના આયોજનનો આરંભ કરીને ચંદુભાઈએ તેને પુનર્જિવીત કરી. મુખ્ય ઉદ્દેશ હતો ડૉ. આંબેડકરના વિચારો અંગે ખુલ્લી ચર્ચા યોજીને વધુ ને વધુ લોકોને સામેલ કરવાનો. આ ગોષ્ઠિમાં વક્તાને બેએક મહિના અગાઉ ડૉ. આંબેડકરના જે તે વિષય સંબંધિત પુસ્તકો મોકલી આપવામાં આવતા, જેથી વક્તાને તૈયારી કરવાનો સમય મળે. ગોષ્ઠી વખતે વક્તા જે બોલવાના હોય તેની પૂરક માહિતીરૂપે અધ્યક્ષીય પ્રવચન થતું. અને પ્રવચન તેમ જ અધ્યક્ષીય વક્તવ્ય પછી ચર્ચા યોજાતી. આને લઈને અત્યાર સુધી જે કામ નહોતું થઈ શક્યું એવું સંવાદનું અને મુક્ત ચર્ચાનું વાતાવરણ ઊભું થયું અને દલિત ચળવળમાં ખૂટતું વિચારનું તત્ત્વ એ રીતે ઉમેરાયું. ચંદુભાઈએ આ ગોષ્ઠિ થકી અનેક નવા વક્તાઓ તૈયાર કર્યા. 'અધિકાર'ની ગોષ્ઠીમાં આઇ.આઇ.એમ.ના વિદ્વાન પ્રોફેસરો, ખ્યાતનામ સાહિત્યકારો, કર્મશીલોથી લઈને સાવ અજાણ્યા લોકો પણ સામેલ થયા છે. તેના શ્રોતાવર્ગમાં અવારનવાર ઘનશ્યામ શાહ, સુવર્ણાબહેન, બી.કે. ગઢવી, રતિલાલ બોરીસાગર, પ્રકાશ ન. શાહ, રાજેન્દ્ર પટેલ, પ્રવીણ રાષ્ટ્રપાલ, ભાલેન્દુ દેસાઈ જેવા ખ્યાતનામ બુદ્ધિજીવીઓની હાજરી ધ્યાન ખેંચે, તો દસ કિલોમિટર છેટે હાથીજણથી સાયકલ ખેંચીને આવેલો શ્રમજીવી પણ હાજર હોય. આ આયોજનમાં આર્થિક પ્રશ્ન, અલબત્ત સૌથી મોટો હતો અને હજી ય છે જ. વક્તાઓને પુરસ્કાર તો ઠીક, પણ જવા-આવવાના ભાડાનો પણ જોગ થતો નથી, પણ આ પ્લેટફૉર્મ એવું સબળ અને વિચારશીલ છે કે મોટા ભાગના વક્તાઓ હોંશે હોંશે અહીં આવે છે.

'અધિકાર'નો ખ્યાલ વ્યાપકપણે લોકો સુધી પહોંચે એ હેતુથી પાંચેક વરસ અગાઉ શરૂ થયેલા પાક્ષિક "દલિત અધિકાર" સાથે ચંદુભાઈ સંકળાયા. આ પાક્ષિક કેવળ 'અધિકાર'ના કાર્યક્રમોના અહેવાલની સાથેસાથે દલિત-સમસ્યાનું સચોટ નિરૂપણ કરતું સામયિક બની રહ્યું છે. "દલિત અધિકાર" થકી અનેક લોકો સુધી, કેટલા ય ખૂણાખાંચરાના ગામોના લોકો સુધી પહોંચી શકાયું છે. આ પાક્ષિકના ઉપક્રમે થતા વાચકમિલનના કાર્યક્રમો પણ વિશિષ્ટ છે, જે મુખ્યત્વે નાનાં નાનાં કેન્દ્રોમાં યોજાય છે, જેથી સૌને તેમાં સહભાગી થવાની તક મળે.

૨૦૦૧માં ડરબન(દક્ષિણ આફ્રિકા)માં યોજાયેલી વંશીય ભેદભાવ અંગેની પરિષદમાં ચંદુભાઈએ હાજરી આપી હતી. આ એ જ પરિષદ હતી, જેમાં ભારતીય દલિતોના પ્રતિનિધિ મંડળે ભારત સરકારનો ખોફ વહોરીને આભડછેટની સમસ્યાને આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરી હતી.

ગુજરાતની દલિત ચળવળ, દલિત પત્રકારત્વ, દલિત સાહિત્ય, દલિત જીવનનો અધિકૃત માહિતીસ્રોત ચંદુભાઈ મહેરિયાને ગણી શકાય. તેમનાં અહેવાલો, સંપાદનો ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે, પણ તેમણે લખેલાં વ્યક્તિચિત્રો, અભ્યાસલેખોનાં પુસ્તક થવાં જ જોઈએ. સાથે સાથે એવી અપેક્ષા રહે છે કે તેઓ પોતાની આત્મકથા ઝડપથી આલેખે, કેમ કે ગુજરાતના સમાજજીવનનું એ અધિકૃત દર્પણ બની રહેશે, એમાં શંકા નથી. તેમનો નીરક્ષીર વિવેક એવો છે કે અચ્યુત યાજ્ઞિક જેવા અભ્યાસી કર્મશીલ તેમને 'સર્જક-વિવેચકની ભેદરેખા ભૂંસતા સંવેદનશીલ આલેખક' તરીકે ઓળખાવે છે. ચંદુભાઈ પોતે પણ તેના આલેખન માટે ઉત્સુક છે. દલિત સમસ્યા અંગે તેઓ કહે છે : **'દલિત પ્રશ્ન સામાજિક, આર્થિક, રાજકીય કરતાં ય વધુ તો માનસિક છે. એ પ્રશ્ન જેટલો દલિતોનો છે, એટલો જ બિનદલિતોનો છે, જેનો ઉકેલ માનસિકતા ન બદલાય ત્યાં સુધી શક્ય નથી.'** મત-બૅન્કના રાજકારણના ઝંઝાવાતની વચ્ચે ય વિચારજાગૃતિની જ્યોતને જલાવવાની, તેને સંકોરતા રહેવાની આ પ્રક્રિયા ચાલી રહી છે અને ટકી રહી છે એ કેવળ આશ્વાસન નહીં, ઉપલબ્ધિ ગણાય.

(પૂરક માહિતી : સંજય શ્રીપાદ ભાવે, અમદાવાદ)

[A/403, Saurabh Park, B/h Samta Flats, Subhanpura, Vadodara-390 023, India]
e.mail : birenkamini@yahoo.com

ooooooooooooooooooooooooooooooooooooooooooo

## નારુકારુ

• હીમાંશુ પટેલ

પોતાના ઘરમાં અને ઘર બહાર, સ્વયંથી જુદા (પરદેશી) હોવાનો અનુભવ બધાને છે, પણ પરદેશી તરીકે ચકાસવામાં આવે ત્યારે આ સ્વક એટલે શું ? તે અન-અસ્તિત્વ તે શું ? આપણા વિશે આપણી ગેરસમજનો ગડબડ ગોટાળો અને તેમાં હું તે શું ? આ રાજકીય સંરચનામાં આપણું હોવું, ન હોવા જેવું તે શું ? આવી સંવેદનાથી જીવ્યા કરવું તે સ્વીકારને કોઈ સંદર્ભ ખરો ?

… 'એશિયન'એ બબડી અને ચોંટાડેલા રંગીન લાંબા નખથી ટાલ પર ટકોરા માર્યા, મારા જેવી દેખાતી હયાતી પર. મારો ભય (મારા અનઅસ્તિત્વનો !) એના ભારદાર વાક્યમાં વર્તાતો હતો.. વારસઈમાં બંધબેસતું હોવું એ આપણી ભૂલચૂક નથી..

આપણે ચામડીમાં બધું સાચવી રાખીએ છીએ કે સંઘરીએ છીએ ! ....... આગળ વાંચીએ અને વંચાવીએ –

•

બૅંકમાં કેશિયર મારા ડ્રાઈવીંગ લાયસન્સમાંથી મારો ચહેરો તપાસતી હતી. મારામાંથી ફરી ફરી લાયસન્સમાં મને તાકી રહે. કદાચ હું એમાં ખોટો હતો એની શંકામાં, થોડું વધારે હસ્યો હતો તેથી આંખમાં ત્રાંસ આવી હતી, એ એની શંકા હશે અને ચહેરામાં દાંત પણ જરા મોટા દેખાતા હતા, હસતા હોઠ વચ્ચે.'

'ફોટામાં તું ધોળિયો દેખાઉ છું.' એવું કહી મને પ્લાસ્ટિકમાં ચળકાટ પાછળ થોડો વધારે વખત વાંકોચૂંકો, આડોઅવળો કરી મારામાં ઉપલી ટ્યૂબલાઈટ અને પ્રકાશની અસર તપાસી લીધી. 'એશિયન' એ બબડી અને ચોંટાડેલા રંગીન લાંબા નખથી ટાલ પર ટકોરા માર્યા, મારા જેવી દેખાતી હયાતી પર. મારો ભય ( મારા અનઅસ્તિત્વનો ! ) એના ભારદાર વાક્યમાં વર્તાતો હતો, એની કોઈક ખૂણી દૃષ્ટિમાં સંતાયેલો મળી આવ્યો હોઉં.

મારે નમ્ર સ્વરે એને કહેવું હતું, પહેલાં તો હું મારા મા-બાપની હવસનો શિકાર થયો, પછી નાના ભાઈ જેવા બરછટ વાળ, બહેન જેવા ગોળ ચહેરામાં સપાટ આંખો, અને ઉપરથી સમાજમાં ડોકાયા કરતી મારી કાટલાછાપ બીજી સુધારેલી આવૃત્તિ, કે સંશોધિત. વારસઈમાં બંધબેસતું હોવું એ આપણી ભૂલચૂક નથી, કોઈ પંચમહાલના મામુ કે મહેસાણિયાની મશ્કરી કરવી વાંક નથી, કે મેકડાનલમાંથી સાયકલ પર ડિલિવરી કરવા જવું જેના વિશે મારી બા પૂછતી

હતી. નોકરી વિશે વાત કરી ત્યારે અને મારા ચાઈનીસ શેઠે ભવાં ચઢાવ્યા હતાં દિલાસો આપવા યત્ન કર્યો તેમાં. આપણે ચામડીમાં બધું સાચવી રાખીએ છીએ કે સંઘરીએ છીએ ! આ કેશિયર જે 'એશિયન' બબડી હતી, મે ભારપૂર્વક કહ્યું હું અર્ધ-સ્પેનીશ છું, હું ખોટી રીતે ઓળખાયો હતો એને ખાતરી કરવી હતી કે મારો ચેક લીધા પછી હું બહાર જઈ મારી ટાઈ ઢીલી કરીશ અને હાથી પર બેસી પૂર્વમાં ઊડી જઈશ : મને મારી બાનો ઈતિહાસ આપો, અનેક વર્ષો પછી વારસઈમાં પણ હું હજુ છંછેડાયેલો છું …

નારુકારુ : વસવાયા પણ ઈમિગ્રન્ટ જ છે આપણા સમાજમાં.

http://himanshupatel555.wordpress.com

# એકતાલીસ ભાષા જાણનાર ભારતપ્રેમી

**• દીપક મહેતા**



માત્ર ૪૭ વર્ષની વયે તેમનું અવસાન થયું ત્યારે તેઓ કુલ ૪૧ ભાષા જાણતા હતા. ના, જી. છાપભૂલ નથી અહીં. પૂરી એકતાલીસ ભાષા! તેમાં નાની ઉમ્મરે કઈ કઈ ભાષા શીખ્યા? ગ્રીક, લેટિન, ફારસી, હિબ્રૂ અને ચીની! એમનું નામ સર વિલિયમ જોન્સ. અઠંગ ભારતપ્રેમી. અખંડ ભારત અભ્યાસી. ઈ.સ. ૧૭૪૬ના સપ્ટેમ્બરની ૨૮મી તારીખે લંડનમાં જન્મ. ૧૭૯૪ના એપ્રિલની ૨૭મીએ કલકત્તામાં અવસાન. પિતા હતા ગણિતશાસ્ત્રી. કુટુંબ ખાધેપીધે સુખી. પણ વિલિયમ જોન્સ માંડ ત્રણ વર્ષના થયા ત્યાં તો તેમના પિતાનું અવસાન થયું. છતાં ૧૭૫૩માં તેઓ ઈંગ્લેન્ડની પ્રખ્યાત હેરો સ્કૂલમાં ભણવા જઈ શકે એવી તો કુટુંબની સ્થિતિ હતી જ. ૧૭૬૮માં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી બી.એ. અને ૧૭૭૩માં એમ.એ.ની ડિગ્રી મેળવી. પણ ત્યાં સુધીમાં કુટુંબ પૈસેટકે ઘસાઈ ગયું હતું. એટલે અર્લ સ્પેન્સરના સાત વર્ષના દીકરા લોર્ડ ઓલ્થ્રોમને ભણાવવાનું કામ કરવા માંડ્યું. આ કુટુંબની એક વંશજ તે પ્રિન્સેસ ડાયેના. પૂરાં છ વર્ષ સુધી સર વિલિયમ જોન્સે ભણાવવાનું અને અનુવાદો કરવાનું કામ કર્યું. એ વર્ષો દરમિયાન જ તેમણે ફારસીમાં લખાયેલ મિરઝા મેહદી ખાન અસ્તરાબાદીની કૃતિનો ફ્રેન્ચ અનુવાદ હિસ્ટ્રી દ નાદિર શાહ (૧૭૭૦) નામે પ્રગટ કર્યો. ૨૪ વર્ષની ઉમ્મરે તો પૂર્વની સંસ્કૃતિના અભ્યાસી તરીકે વિલિયમ જોન્સ જાણીતા થઈ ગયા હતા. આથી ડેન્માર્કના રાજા ક્રિશ્ચિયન છઠ્ઠા જાતે વિલિયમ જોન્સને મળવા આવેલા અને આ કૃતિનો અનુવાદ કરી આપવા વિનંતી કરેલી.

પણ પછી સર વિલિયમ જોન્સને લાગ્યું કે આ રીતે છોકરા ભણાવવાથી અને અનુવાદો કરી આપવાથી કાંઈ ઘરનાં છોકરાં ઘુઘરે રમતાં નહીં થાય. એટલે ૧૭૭૦માં તેઓ કાયદાના અભ્યાસ માટે મિડલ ટેમ્પલમાં જોડાયા અને કાયદાની ડિગ્રી મેળવી. શરૂઆતમાં તો તેમની નિમણૂક વેલ્સના સર્કિટ જજ તરીકે થઈ પણ પછી ૧૭૮૩ના માર્ચની ચોથીએ તેમની નિમણૂક કલકત્તાની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે થઈ. એ વખતે મુંબઈ, મદ્રાસ, કલકત્તાની અદાલતો હાઈ કોર્ટ તરીકે નહીં, પણ સુપ્રીમ કોર્ટ તરીકે ઓળખાતી. તે પછી તરત, ૨૦મી માર્ચે તેઓ 'સર' બન્યા. એપ્રિલમાં મારિયા શિપ્લે સાથે તેમનાં લગ્ન થયાં. ૧૭૮૩ના સપ્ટેમ્બરની ૨૫મીએ સર વિલિયમ જોન્સે પહેલી વાર કલકત્તાની ધરતી પર પગ મૂક્યો. તેઓ ભારત આવ્યા અને જોતજોતામાં તો ભારતના પ્રેમમાં પડી ગયા. તેમને થયું : આવી સમૃદ્ધ સંસ્કૃતિ વિષે મારા દેશના, યુરોપના દેશોના લોકો, પંડિતો પણ લગભગ કશું જાણતા જ નથી. ભારતની આ સમૃદ્ધ પરંપરાથી તેમને પરિચિત કરવા જોઈએ. આ માટે ૧૭૮૪ના જાન્યુઆરીની ૧૫મી તારીખે તેમણે કલકત્તામાં એશિયાટિક સોસાયટીની સ્થાપના કરી. એ પછીના દસેક વર્ષોમાં તેમણે ભારત વિષેનાં ઢગલાબંધ પુસ્તકો લખ્યાં. ભારતના કાયદા, સંગીત, સાહિત્ય, ભૂગોળ, વનસ્પતિ વગેરે વિષે પુસ્તકો લખ્યાં અને સંસ્કૃત ગ્રંથોના અનુવાદો કર્યા. કવિ કાલિદાસના અભિજ્ઞાન શાકુંતલ નાટકનો પહેલવહેલો અંગ્રેજી અનુવાદ પણ તેમણે જ ૧૭૮૯માં કર્યો. પણ આજે ય આ ક્ષેત્રના વિદ્વાનો સર વિલિયમ જોન્સને યાદ કરે છે તે તેમણે સંસ્કૃત ભાષાનું સગપણ બીજી ભાષાઓ સાથે જે રીતે બતાવ્યું તેને કારણે. ભારતના અભ્યાસ અંગે હજી ઘણાં કામ કરવાના મનસૂબા હતા એમના. પણ ૧૭૯૪માં કર્મભૂમિ કલકત્તામાં જ તેમનું અવસાન થયું. તેમનું સમાધિ-સ્મારક પણ ત્યાં જ આવેલું છે.

આજે આપણે બ્રિટિશ રાજવટની ટીકા કરતાં થાકતાં નથી. પણ ઘણા એવા બ્રિટિશરો પણ હતા જે હિન્દીઓ કરતાં પણ હિન્દને વધુ ચાહતા હતા. સર વિલિયમ જોન્સ તેમાંના એક હતા.

**(સદ્દભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૦૬.૦૧.૨૦૧૧**

e.mail : deepakbmehta@gmail.com

# વિશ્વગિરા ગુજરાતી

**• દીપક મહેતા**




'ગુજરાતી બચાવો'ની વાતોના ઢોલ વગાડવામાં આપણને જેટલો રસ છે તેટલો એ માટે સક્રીય બનીને કામ કરવાની શરણાઈ વગાડવામાં રસ નથી. કારણ શરણાઈ વગાડવામાં ઘણો શ્રમ કરવો પડે છે, શ્વાસને કેળવવો પડે છે. પણ આ ક્ષેત્રની એક અપવાદરૂપ વ્યક્તિ તે પ્રાધ્યાપક જગદીશ દવે. ૧૯૮૪થી રહે છે તો લંડનમાં. છતાં વર્ષોથી ગુજરાતી ભાષાના પ્રચારપ્રસાર પાછળ મંડી પડ્યા છે. અનેક દેશોમાં જઈ બે હજાર કરતાં વધારે શિક્ષકોને તાલીમ આપી છે. ગુજરાતી કેમ શીખવવું તેની. પરદેશમાં ગુજરાતી કેમ શીખવવું એ અંગે બારેક પુસ્તકો પણ લખ્યાં છે. પણ આ પુસ્તકના લેખોમાં તેમણે મુખ્યત્વે ગુજરાતીશિક્ષણના પોતાના અનુભવોની વાત કરી છે. આ વાત કરતા તેમના ૪૭ લેખો અહીં સંગ્રહાયા છે. તેમાંના પહેલા પાંચેક લેખ ભૂમિકારૂપ છે.

ત્યાર બાદ મુંબઈ, પુણે, નવી દિલ્હી, બેંગલોર, ચેણઈ, દુબઈ, સિંગાપુર, મલયેશિયા, પોર્તુગાલ, ન્યૂ યોર્ક, ટોરન્ટો, પાલો આલ્ટો, રોમ વગેરેમાં થયેલા અનુભવો, ત્યાં મળેલી વ્યક્તિઓ, ત્યાં યોજાયેલા કાર્યક્રમો વગેરે વિષે લખ્યું છે. આપણે ત્યાં પ્રવાસ કરનારા ઘણાં છે અને પ્રવાસવર્ણનનાં પુસ્તકો લખનારાં પણ ઘણાં છે, પણ ગુજરાતી ભાષા શીખવવાના હેતુપૂર્વક આટલા પ્રવાસો કદાચ બીજા કોઈએ નહીં કર્યા હોય. પણ અહીં માત્ર પ્રવાસની વાતો નથી. ગુજરાતી ભાષાના શિક્ષણની પદ્ધતિ, તે પદ્ધતિ દ્વારા શિક્ષણ આપી શકે તેવા શિક્ષકોની જરૂરિયાત. વિદેશોમાં ગુજરાતી શીખવતી વખતે ધ્યાનમાં રાખવા જેવી વાતો, વગેરે વિષેના લેખકના વિચારો પણ ઠેર ઠેર વ્યક્ત થયા છે.

પરિણામે પ્રસ્તાવનામાં કુમારપાળ દેસાઈએ કહ્યું છે તેમ આ પુસ્તક 'વિદેશમાં વસતા ગુજરાતીઓને એમની માતૃભાષા શીખવવા માટેના નિષ્ઠાપૂર્ણ, અભ્યાસપૂર્ણ અને સાતત્યપૂર્ણ પ્રયાસનો જીવંત આલેખ' બની રહે છે.

વિશ્વગિરા ગુજરાતી: શૈક્ષણિક સાંસ્કૃતિક સ્મૃતિકથા. લે. જગદીશ દવે. પ્રવીણ પબ્લિકેશન, રાજકોટ. ૧ આવૃત્તિ, ૨૦૧૦. ૧૭૬ પાનાં, રૂ. ૧૫૦.


**[55, Vaikunth Co-operative Society, Lallubhai Park, Andheri (West), MUMBAI - 400 058, India]**

# ગુજરાતની અસ્મિતાના પુરસ્કર્તાનું સામયિક "ગુજરાત"

**• દીપક મહેતા**

'ગાંધીજીએ ગુજરાતી સાહિત્યની અનહદ સેવા કરી છે. એની ગૌરવશીલ ને તરવારની ધાર સમી તીક્ષ્ણ છતાં સચોટ શૈલીએ ગુર્જર ગદ્યમાં નવું લોહી વહેતું કર્યું છે ... એક લેખિનીએ આખી ભાષાનું ભાવિ બદલી નાખ્યું છે. જો કે સાથે એ પણ કહેવું જોઈએ કે ગાંધીજીના વ્યક્તિત્વના પ્રચંડ છાંયડામાં અનેક સાહિત્યકારોનો ઉત્સાહ કરમાઈ ગયો છે. ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં આટલી રાજકીય જાગૃતિ થઈ છતાં સાહિત્ય ને સંસ્કારનો જે વિકાસ દેખાવો જોઈએ તે દેખાતો નથી. ત્યાગ અને એમના હુકમોનું પાલન એ જ એમના અનુયાયીઓ પાસે એ માગતા; અને તેથી સાંસ્કારિક પ્રગતિ એ જીવનનું એક નકામું અંગ છે એવો કાંઈક ખ્યાલ બધે પ્રસરી રહ્યો.'

આ શબ્દો લખાયા છે ૧૯૨૨માં. કોણે લખેલા? ગાંધીજી પ્રત્યેનો આદર પૂરેપૂરો જાળવીને પોતાને સાચું લાગ્યું તે બેધડક લખવાની હિંમત ૧૯૨૨માં કનૈયાલાલ મુનશી સિવાય બીજું કોણ કરી શકે? આ શબ્દો તેમણે લખ્યા હતા "ગુજરાત" સામયિકના પહેલા અંકના તંત્રીસ્થાનેથી.

હાજી મહમ્મદ અલારખિયાનું "વીસમી સદી" સામયિક ભલે બહુ લાંબું ન જીવ્યું, પણ તેણે બીજા ઘણાને નવું સામયિક શરૂ કરવાની પ્રેરણા આપી એટલું જ નહીં. સામયિક કેવું હોવું જોઈએ એનું મોડેલ પણ પૂરું પાડ્યું. મુનશી હાજી મહમ્મદ સાથે નિકટતાથી સંકળાયેલા હતા. "વીસમી સદી"માં ગુજરાતનો નાથ અને પૃથ્વીવલ્લભ જેવી મુનશીની નવલકથાઓ હપ્તાવાર પ્રગટ થઈ હતી અને સારી એવી લોકપ્રિય થઈ હતી. એટલું જ નહીં, મુનશીની ગણના આપણા અગ્રણી નવલકથાકારોમાં થવા લાગી હતી.

૧૯૨૧માં હાજી મહમ્મદનું વીસમી સદી બંધ પડ્યું તે પછી ઉદ્ધવજી તુલસીદાસ ઠક્કરે "ગરવી ગુજરાત" નામનું માસિક શરૂ કરેલું. ઉદ્ધવજીની ઇચ્છા તો "વીસમી સદી"ને પગલે ચાલવાની હતી, પણ તે માટેની સજ્જતા તેમનામાં નહોતી. થોડા મહિનામાં તો એ માસિક ખોટ ખમવા લાગ્યું. પચ્ચીસ હજાર રૂપિયાની મૂડીથી સાહિત્ય પ્રકાશક કંપની લિમિટેડ સ્થાપી માત્ર ૧,૧૦૦ ગ્રાહકો ધરાવતું "ગરવી ગુજરાત" મુનશીએ ખરીદી લીધું. કાયદાની દૃષ્ટિએ માલિકી ભલે કંપનીની હતી, હકીકતમાં તે મુનશીનું માસિક હતું. ગુજરાતની અસ્મિતાના અગ્રદૂત જેવા મુનશીએ સામયિકના નામમાંનું 'ગરવી' વિશેષણ પડતું મૂક્યું અને માત્ર "ગુજરાત" નામ રાખ્યું. તેની સંપાદકીય નીતિરીતિ મુનશી જ નક્કી કરતા. સ્વપ્નસિધ્ધિની શોધમાં નામની આત્મકથામાં વર્ષો પછી મુનશીએ નોંધ્યું છે: 'મારી સર્જનશક્તિનું મને ભાન આવ્યું એટલે સાહિત્ય સંસદ અને "ગુજરાત" માસિક દ્વારા ગુજરાતી સાહિત્ય અને સંસ્કારના વિકાસ ને વિસ્તાર સાધવા હું તત્પર બન્યો. નર્મદે જય જય ગરવી ગુજરાત ગાયું હતું. મેં એને ગુજરાતી સાહિત્યના મન્વંતરનો મનુ તરીકે એક લેખમાં ઓળખાવ્યો હતો. મારા પુત્ર માટે હું પણ કંઈ એવું કરું એવી મને અભિલાષા થઈ હતી.

૧૯૨૨ના ફેબ્રુઆરી અંકથી વિજયરાય વૈદ્ય "ગુજરાત" માસિકમાં જોડાયા. એ વખતે પણ વિજયરાયની ગણના ફાયર બ્રાન્ડ વિવેચકોમાં થતી હતી, છતાં મુનશીએ આગ્રહ કરીને તેમને સાંકળ્યા. "હિન્દુસ્તાન" સાપ્તાહિકમાં વિજયરાયનો પગાર મહિને સવાસો રૂપિયા હતો. મહિને પચ્ચીસ રૂપિયાની ખોટ સહીને સાહિત્ય પ્રીતિથી પ્રેરાઈને વિજયરાય "ગુજરાત"માં જોડાયા. અલબત્ત, મુનશી સાથે ઉગ્ર મતભેદ થતાં માર્ચ ૧૯૨૪ના અંકથી વિજયરાય "ગુજરાત"માંથી છૂટા થયા, છતાં "ગુજરાત"ના ઘડતરમાં તેમનો ફાળો મહત્ત્વનો હતો. મુનશીએ પોતાની આસપાસ મિત્રો, અનુયાયીઓ અને પ્રશંસકોનું મોટું જૂથ ઊભું કર્યું હતું અને એ જૂથના લોકોની કલમનો લાભ ગુજરાતને મળતો રહ્યો. પરિણામે સામગ્રીની ખોટ ક્યારે ય ન વર્તાતી, બલ્કે દર અંકે ઢગલો સામગ્રી રાખી મૂકવી પડતી. "વીસમી સદી"ની જેમ "ગુજરાત"ને પણ પહેલેથી સચિત્ર બનાવેલું, પણ તેમાં છપાતાં લખાણો ઊંચા ધોરણનાં હોય તેવો આગ્રહ પણ રખાતો.

"ગુજરાત"ના બીજા જ અંકમાં બટુભાઈ ઉમરવાડિયાએ લખેલું : '"ગુજરાત" સદીનું અનુકરણ બની રહે એ પણ કોઈ ઇચ્છતું નથી.' ગુજરાતના પહેલા જ અંકથી ગુજરાતનો નાથના અનુસંધાનમાં લખાયેલી મુનશીની નવલકથા રાજાધિરાજ હપ્તાવાર છપાવા લાગી હતી તો સાથોસાથ નરસિંહરાવ દીવેટિયાની લેખમાળા સ્મરણમુકુર પણ શરૂ થઈ હતી. તો બીજી બાજુ પહેલા જ અંકથી શરૂ થઈને દોઢ વર્ષ સુધી હપ્તાવાર છપાયેલું ખુશાલ તલકશી શાહનું નાટક મને નહીં? એટલું તો ભંગાર હતું કે મુંબઈના એક ન્યાયાધીશે એક ગુનેગારને અદાલતમાં બેસીને એકી બેઠકે એ નાટક વાંચવાની સજા કરેલી એમ કહેવાય છે. રાજાધિરાજ ઉપરાંત મુનશીની ભગવાન કૌટિલ્ય, સ્નેહસંભ્રમ અને જય સોમનાથ જેવી નવલકથા પણ "ગુજરાત"માં હપ્તાવાર પ્રગટ થઈ હતી.

જોકે ૧૯૨૫માં "ગુજરાત" "યુગધર્મ" નામના બીજા સામયિક સાથે ભળી જતાં જય સોમનાથ બારમાં પ્રકરણ પછી અધૂરી રહી હતી. કવિ 'લલિત'થી માંડીને નાનાલાલ, બળવંતરાય ઠાકોર, 'બોટાદકર', 'સુન્દરમ', ઉમાશંકર વગેરેનાં કાવ્યો પણ ગુજરાતમાં લગભગ નિયમિત રીતે પ્રગટ થતાં. ચન્દ્રવદન મહેતાનાં કાવ્યો છાપનાર "ગુજરાત" પહેલું સામયિક હતું. 'ધૂમકેતુ', લીલાવતી શેઠ, ધનસુખલાલ મહેતા, ગગનવિહારી મહેતા, રમણલાલ દેસાઈ વગેરેની વાર્તાઓ પણ ગુજરાતમાં જોવા મળતી. લીલીસૂકી અને ચઢાવઉતાર તો મુનશીને અને તેમના ગુજરાત માસિકને પણ જોવાં પડ્યાં. ૧૯૨૫માં "ગુજરાત" અને ઇન્દુલાલ ગાંધીનું "યુગધર્મ" જોડાઈ ગયાં. ૧૯૨૭ પછી મુંબઈને બદલે વડોદરાથી થતું તેનું પ્રકાશન અનિયમિત બન્યું. પછી બાહ્ય સંજોગોને લીધે પ્રકાશન મુલતવી રાખવું પડ્યું. ૧૯૩૭માં મુનશી મુંબઈ સરકારના પ્રધાન બન્યા ત્યારે "ગુજરાત" સામયિક હંમેશને માટે સમેટાઈ ગયું. ત્યારે છેલ્લા અંકમાં મુનશીએ લખેલું : 'ગુજરાતમાં હવે ઘણાં માસિકો થયાં છે એટલે "ગુજરાત"ની ખોટ હવે ભાગ્યે જ પડશે.' પણ મુનશીના ઘણા ચાહકો તેમની આ વાત સાથે સહમત થયા નહોતા. સામયિકોની આખેઆખી ફાઈલો ફરી છાપવાનો ચાલ આપણે ત્યાં નથી. પણ "ગુજરાત"ના બધા અંકો વેબસાઈટ પર મૂકી શકાય અને સી.ડી.રૂપે પણ સુલભ કરી શકાય. કોઈ કરશે આ કામ

**(સદ્‌ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૨૦.૦૧.૨૦૧૧)**

# વિજયરાય વૈદ્યનું ત્રૈમાસિક "કૌમુદી"

**• દીપક મહેતા**

કનૈયાલાલ મુનશી અને વિજયરાય વૈદ્ય વચ્ચે "ગુજરાત" સામયિકના સંપાદન અને વહીવટ અંગે મતભેદ થયો, તડાફડી થઈ અને ૧૯૨૩ના દીવાળી અંકથી વિજયરાય "ગુજરાત"માંથી છૂટા થયા. પણ સામયિક ચલાવ્યા વગર વિજયરાયને ચેન જ ન પડે તેવું તેમનું વ્યક્તિત્વ હતું. એટલે ૧૯૨૪ના ઑક્ટોબરથી વિજયરાયે "કૌમુદી" ત્રૈમાસિક શરૂ કર્યું. તેનો પહેલો અંક નવજીવન પ્રેસમાં બચુભાઈ રાવતે છાપેલો. તે વખતે બચુભાઈ ત્યાં કામ કરતા હતા. મુનશી સાથે ઝઘડો થયો હોવા છતાં "કૌમુદી"ના પહેલા અંકની નકલ મુનશીને ભેટ આપવા જવાની સુજનતા વિજયરાયે દાખવી તો મુનશીએ પણ "કૌમુદી"ને આર્થિક મદદ તરીકે સો રૂપિયાની નોટ આપવાની સુજનતા દાખવી. (૧૯૨૪માં સો રૂપિયા એ નાની રકમ નહોતી.) આપણી ભાષાનાં સામયિકોના ઇતિહાસમાં "કૌમુદી" મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કારણ કેવળ સાહિત્ય અને સાહિત્ય વિવેચનને વરેલું એ આપણું પહેલું સામયિક છે. "કૌમુદી"ના પહેલા જ અંકમાં વિજયરાય લખે છે : 'અન્ય સામયિકો જાણે બેહન સાથે સ્પર્ધામાં ઊતરતાં હોય તેમ જ્ઞાનના પ્રદેશ માત્રને પોતાનું કાર્યક્ષેત્ર માને છે. એટલી અસાધારણ તો અમારી મહત્ત્વાકાંક્ષા નથી પણ શુલ સાહિત્ય કલા અને વિવેચનના પૃથક સેવનનો કાળ હવે ગુજરાતમાં આવેલો જણાય છે. તેથી એ વિષયને જ છેડવા એવી યોજના છે.'

નરસિંહરાવ દિવેટિયા, ચન્દ્રવદન મહેતા, ગગનવિહારી મહેતા, ઝવેરચંદ મેઘાણી, નૃસિંહ વિભાકર, વિશ્વનાથ ભટ્ટ, રમણલાલ દેસાઈ, ધનસુખલાલ મહેતા

અને જ્યોતીન્દ્ર દવે જેવા આપણા અગ્રણી લેખકોનો સાથ "કૌમુદી"ને મળ્યો. "કૌમુદી"ના અંકો જોતાં એ જમાનાના લેખકોની ખેલદિલીનો ખ્યાલ આવે છે. જે નરસિંહ રાવ સામે વિજયરાયે 'ચેતન'માં બંડ પોકારેલું તે જ નરસિંહ રાવનો 'ગુજરાતીમાં સંગીત કાવ્ય' જેવો મહત્ત્વનો લેખ "કૌમુદી"ના પહેલા જ અંકમાં જોવા મળે છે. 'વજો તાંતરિયો' જેવો જનોઈવઢ ઘા કરતો વિજયરાય વિષેનો કટાક્ષ લેખ લખનાર ચન્દ્રવદન મહેતાનાં દસેક કાવ્યો ઉપરાંત 'અખો' નાટક "કૌમુદી"માં હપ્તાવાર પ્રગટ થયું છે. બળવંતરાય ઠાકોર, નાનાલાલ, ખબરદાર, રા. વિ. પાઠક, ઉમાશંકર જોશી, સુન્દરમ, સુંદરજી બેટાઈ, મનસુખલાલ ઝવેરી, કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રહલાદ પારેખ જેવા કવિઓનાં કાવ્યો "કૌમુદી"માં જોવા મળે છે. તેમાંનાં ઘણાં કાવ્યો ગાંધીયુગની ભાવનાનો પ્રબળ ઉદ્ગાર કરનારાં છે અને છતાં વિજયરાયને પૂરો સંતોષ નહોતો. 'વિનાયકની આત્મકથા'માં તેઓ નોંધે છે: 'કાવ્યોની દૃષ્ટિએ "કૌમુદી" સહેજ પછાત અને ઝાંખું રહ્યું છે.' જો કે કવિતાની જેમ ટૂંકી વાર્તા પણ "કૌમુદી"નું થોડું નબળું અંગ હતું. ધૂમકેતુ, મેઘાણી, ઉમાશંકર, સુન્દરમ્, રમણલાલ, ગુલાબદાસ બ્રોકર, ગુણવંતરાય આચાર્ય વગેરેની વાર્તાઓ તેમાં પ્રગટ થઈ છે, પણ મોટા ભાગના લેખકોની બેત્રણ કરતાં વધુ વાર્તા જોવા મળતી નથી.

એ જમાનામાં કેવળ સાહિત્યને વરેલું સામયિક ચલાવવાની મુશ્કેલીનો જાત અનુભવ થયા પછી પાંચમાં વર્ષથી વિજયરાય "કૌમુદી"માં સાહિત્ય ઉપરાંત ઈતિહાસ, ધર્મ, તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન વિષેના લેખો પણ પ્રગટ કરવાનું નક્કી કરે છે. તેવી જ રીતે હપ્તાવાર નવલકથાના પ્રકાશનથી દૂર રહેનાર વિજયરાય છઠ્ઠા વર્ષથી એ અંગેનો આગ્રહ પણ જતો કરે છે. આવી બાંધછોડ કરવા પાછળનું મુખ્ય કારણ કોઈ પણ હિસાબે "કૌમુદી"ને ટકાવી રાખવાની તેમની ધગશ છે. માણેકલાલ ડૉક્ટરના સયાજીવિજય સામયિક દ્વારા 'જયંત', 'શિરીષ' અને 'કોકિલા' જેવી ત્રણ નવલકથા પ્રગટ થઈ હોવા છતાં સાહિત્યપ્રેમીઓ અને વિવેચકોનું રમણલાલ દેસાઈની નવલકથાઓ તરફ બહુ ઓછું ધ્યાન ગયું હતું. પણ પછી "કૌમુદી"માં હપ્તાવાર પ્રગટ થયેલી 'દિવ્યચક્ષુ', 'ભારેલો અગ્નિ' અને 'ક્ષિતિજ' પ્રગટ થતાં ગાંધીયુગની નવલકથા પર રમણલાલ છવાઈ ગયા. તો પુસ્તકોની વાર્ષિક સમીક્ષા પ્રગટ કરીને વિજયરાયે એક નવી દિશા ખોલી હતી. ૧૯૩૨, ૧૯૩૩ અને ૧૯૩૪ની વાર્ષિક સમીક્ષા અનુક્રમે વિજયરાય, વિશ્વનાથ ભટ્ટ અને જ્યોતીન્દ્ર દવેએ કરેલી.

"કૌમુદી"ને પોતાની રીતે જ ચાલુ રાખવા વિજયરાયે ઘણી મહેનત કરી પણ છેવટે જે મુનશી સાથે ઝગડીને છૂટા પડ્યા હતા એ જ મુનશીની સાહિત્ય સંસદના મુખપત્ર તરીકે "કૌમુદી" પ્રગટ થાય એવી યોજના વિજયરાયે ન છૂટકે સ્વીકારવી પડી અને વિજયરાય 'સાહિત્ય સંસદ તરફથી તંત્રી' બન્યા. પણ આ વ્યવસ્થા લાંબી ન ટકી. મુનશી અને મૂળશંકર ભટ્ટ સાથે વિવાદ અને ઝગડો થતાં ૧૯૩૫ના સપ્ટેમ્બરમાં ૨,૧૦૦ રૂપિયામાં "કૌમુદી" વેચી નાખીને વિજયરાય કાયમ માટે છૂટા થયા. "કૌમુદી"ની પ્રભા તો પછી ઓસરતી ગઈ અને છેવટે ૧૯૩૮માં તે બંધ થયું. "કૌમુદી" સાથેનો છેડો ફાડ્યા પછી વિજયરાયે "માનસી" નામનું ત્રૈમાસિક શરૂ કરેલું.

**(સદ્‌ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર" ૨૪.૦૨.૨૦૧૧)**

•

## સામયિકનાં દિવાસ્વપ્ન જોનાર વિવેચકનું "માનસી"

**• દીપક મહેતા**

'ગઈ તારીખ ૩૦મી એપ્રિલને રોજ સવારમાં મારો "કૌમુદી" સાથેનો સંબંધ ગુજરી ગયો. મે અને જૂન દરમ્યાન એ સંબંધનું ભૂત એ માસિકને વળગેલું રહ્યું, પણ, મરણ નીપજ્યું તેવામાં જ એ માઠા ખબર તો થોડા ઘણા ફેલાયેલા અને હમણાં એનો જુલાઈ અંક એ માસના ત્રીજા અઠવાડિયામાં બહાર પડતાં, પાકે પાયે ખરા ઠર્યા. સંબંધ મજકૂર મૃત્યુ સમયે આશરે સાડા દસ વર્ષની વયનો હતો. જે મંદવાડે એનો દેહાંત સિદ્ધ કર્યો, એ એને ખરી રીતે તો ચારેક વર્ષથી લાગુ પડેલ જૂન ૧૯૩૧માં, રોગ તો રાજ્યક્ષ્માનો, એટલે એની બીજી તબક પણ હતી જાન્યુઆરી ૧૯૩૩ના સુમારની; ત્યાર પછી રોગીને થોડો સુધારો જણાયેલો, જે ગયા નવેમ્બરથી ઠગારો નીવડતાં ત્રીજી તબક શરૂ થઈ. છેવટે એની સ્થિતિ તા. ૧૫.૨.૧૯૩૫થી દિનપરદિન એવી બગડતી ચાલી કે કેસને 'ગૅલપિંગ કન્ઝમ્પશન' તરીકે ઓળખવો પડે. પછી તો અઢી મહિને ખેલ ખલાસ થઈ ચૂક્યો.'

ઉપર પ્રમાણે, એપ્રિલની ત્રીસમી તારીખના, આ શબ્દો છે વિજયરાય વૈદ્યના. લખાયા હતા ૧૯૩૫ના જુલાઈની ૨૭મીએ અને પ્રગટ થયા હતા તેમના નવા સામયિક "માનસી"ના પહેલા અંકમાં. એ અંક વિક્રમ સંવત ૧૯૯૧ના બળેવ અંક તરીકે પ્રગટ થયો હતો.

"માનસી" પણ સર્જન અને વિવેચનને વરેલું સામયિક હતું. એના પહેલા અંકમાં કેવી કેવી કૃતિઓ પ્રગટ થઈ હતી! 'સુન્દરમ'નું વિરાટની પગલી કાવ્ય, ઉમાશંકર જોશીનું એકાંકી બારણે ટકોરા, ઝવેરચંદ મેઘાણીની નવલિકા છતી જીભે મૂંગાં, વિશ્વનાથ ભટ્ટનો વિવેચન લેખ નંદશંકરની નવલકથા. તો સાથોસાથ અગન પંખી વિષેનો જિતુભાઈ પ્ર. મહેતાનો લેખ પણ હતો. પુસ્તકોનાં અવલોકન ઉપરાંત ખાસ ધ્યાન ખેંચે તેવો વિભાગ તે 'સહયોગીઓ'. તેમાં "ઊર્મિ", "કિશોર", "પ્રસ્થાન", "બુદ્ધિપ્રકાશ", "વસંત" જેવાં ગુજરાતી સામયિકો તેમ જ બીજી ભાષાનાં "વીણા", "સહ્યાદ્રિ", "હંસ", "જ્ઞાનમંદિર", "આર્યન પાથ", "ઇન્ડિયન પીઈએન", "દ્રષ્ટ" જેવાં સામયિકોના આગલા મહિનાના અંક વિષે વિજયરાયે લખેલી બેધડક નુક્તેચીની હતી.

શરૂઆતમાં "માનસી" ત્રૈમાસિકનો દરેક અંક લગભગ અઢીસો પાનાંનો રહેતો. જો કે પછી તે ઘટીને ૧૦૦ પાનાંનો થયો હતો. વચમાં ૧૯૩૮થી ૧૯૪૪ સુધી વિજયરાયે કવિતા પ્રગટ કરવાનું બંધ કરેલું. પણ જે કાવ્યો પ્રગટ થયાં છે તેમાં એ વખતના જાણીતા કવિઓની કૃતિ છે તો એ વખતે સાવ નવા એવા હરીન્દ્ર દવેનું કાવ્ય પણ જોવા મળે છે. "કૌમુદી"ની જેમ "માનસી"માં પ્રગટ થયેલી વાર્તાઓ પણ પ્રમાણમાં ઓછી ધ્યાનપાત્ર બને તેવી છે. મોહનભાઈ પટેલ અને સુરેશ જોશીની ઋગ્વેકાલીન કથા ઇન્દ્રના આશ્રયે ૧૯૪૮માં ધારાવાહિક રૂપે પ્રગટ થઈ હતી. "માનસી"ના અંકોમાં પુસ્તકોનાં અવલોકનો તો નિયમિત રીતે પ્રગટ થતાં જ, પણ ઉમાશંકર સંપાદિત 'ક્લાન્ત કવિ'નું અવલોકન "માનસી"ની પૂર્તિરૂપે અલગ પુસ્તિકા તરીકે પ્રગટ થયેલું. છતાં એકંદરે ગુજરાતી લેખકોનો કેટલો સાથ "કૌમુદી"ને મળેલો તેટલો "માનસી"ને મળતો નહોતો. તેથી લગભગ દરેક અંકમાં વિજયરાય પોતાને નામે તેમ જ જુદાં જુદાં ઉપનામથી ઘણું લખતા.

મુખ્યત્વે આર્થિક મુશ્કેલીને કારણે અંકો કેટલીક વાર તો એક વર્ષ મોડા પ્રગટ થતા. વારંવાર આર્થિક મદદ માટે ટહેલ નાખવી પડતી. છતાં વિજયરાયે "કૌમુદી"ની જેમ જ "માનસી" માટે પણ ગાંઠનાં ગોપીચંદન સ્વેચ્છાએ કરેલાં. છતાં છેવટે "માનસી"ને બચાવવા ૧૯૫૨માં વિજયરાયે આમરણ ઉપવાસનો નિર્ણય જાહેર કર્યો. એમને માટે સહાનુભૂતિનું વાતાવરણ સર્જાયું, પણ વિજયરાયનાં ભાવના, સાહિત્યપ્રીતિ, સાહિત્યિક પત્રકાર તરીકેનાં ઊંચાં ધોરણો, અંગત આર્થિક ભોગ વગેરેની સદંતર અવગણના કરીને ઉમાશંકર જોશીએ "સંસ્કૃતિ" માસિકમાં આ પગલાંને ત્રાગા તરીકે ઓળખાવીને કહ્યું કે 'આવા કમનસીબ દાખલાઓથી આખા લેખક સમાજને નીચાજોણું થાય છે.' દેખીતું છે કે તેમના આવા વલણથી વિજયરાયની નહીં, પણ ઉમાશંકરની પ્રતિમા થોડી ખરડાઈ છે. છેવટે ડિસેમ્બર ૧૯૬૦ના અંક સાથે વિજયરાયે ન છૂટકે "માનસી"નું પ્રકાશન બંધ કર્યું. તે પછી ૧૯૬૨-૬૩માં "રોહિણી" નામે પત્રિકા શરૂ કરેલી પણ તે ટૂંકજીવી બની. છતાં ૭૨ વર્ષની ઉમ્મરેય 'વિનાયકની આત્મકથા'માં વિજયરાય કહે છે : 'માનશો? મને હજી પણ એક અનિયતકાલિનના દિવાસ્વપ્નો આવ્યા જ કરે છે.' ગુજરાતી સામયિકોએ તંત્રીઓ અને સંપાદકો તો ઘણા અને ઘણી જાતના જોયા છે પણ આવાં દિવાસ્વપ્નો જોનાર તો કોઈક હાજી મહમ્મદ અલ્લારખિયા કે કોઈક વિજયરાય વૈદ્ય. "કૌમુદી" અને "માનસી"માં ગાંધીયુગના ઘણા લેખકો લખતા પણ ગાંધીયુગના લેખકોની નર્સરી ઉછેરભૂમિ બની રહ્યાં તે તો બીજાં બે માસિકો.

**(સદ્‌ભાવ : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", ૧૦ માર્ચ ૨૦૧૧)**

e.mail : deepakbmehta@gmail.com

# ચેતો ! બહુ મોડું થાય તે પહેલાં

**• સનત મહેતા**

**જમીનના ભોગે વિકાસનો જોખમી વાયરો**
**ટૂંકમાં ખેતી, પાણી અને જંગલ અંગે નવા અને ન્યાયી કાયદા અમલમાં સત્વરે નહીં આવે તો ભારતના ખેડૂતો અહિંસક વિદ્રોહ કરશે.**

**રાજ્ય સરકારો વિકાસના નામે સેઝને અને અન્ય યોજનાને ગામડાની જમીન ફાળવે છે. ખેડૂતો પાસેથી સસ્તામાં સંપાદન કરાયેલી જમીનની 'જમીન બેન્ક' બનાવી નવા ઉદ્યોગોને બજારના ભાવે વેચી તિજોરી અને ઘર ભરે છે.**

૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૧ એ ભારતના ખેડૂતો માટે ખેતીની જમીન ઉદ્યોગ માટે સંપાદન કરવાની બાબતમાં બીજી મોટી ઘટના છે. આ પહેલાં બંગાળમાં તાતાની 'નેનો' મોટરકાર બનાવવા માટે સંપાદન કરાયેલી જમીન ખેડૂતોએ તાતાને છોડવા ફરજ જરૂર પાડીને ગુજરાતના સાણંદમાં ધકેલ્યા ત્યારે આવી જ ઘટના ઘટી હતી. પહેલી ઘટના દેશના મોટા ઉદ્યોગગૃહ તાતાના માટે ઘટી તો બીજી આ વરસની ઘટના મુકેશ અંબાણી માટે ઘટી છે.

બે ટોચના ઉદ્યોગગૃહોના આવા કડવા બોધપાઠ છતાં વિશ્વના સૌથી મોટા લોકતંત્રને અંગ્રેજોએ જુદા જ સંદર્ભ માટે ઘડેલા કાયદાને ૨૧મી સદી સુધી બદલવાની ફુરસદ મળી નથી. ૧૮મી ફેબ્રુઆરીએ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં દસ હજાર હેક્ટરમાં પથરાયેલ અંબાણી-જૈનના સહિયારા 'મહામુંબઈ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન'ની જમીનનું સંપાદન માટેનું જાહેરનામું મહારાષ્ટ્ર સરકારે રદ કર્યું અને છ હજાર ખેડૂતોને એમની જમીન પરના સઘળા હકો પરત મળ્યા.



મુંબઈ અને પશ્ચિમ બંગાળ ભારતનાં બે ઔદ્યોગિક રાજ્યો અને ભારતનાં બે મોટાં ઉદ્યોગગૃહો - તાતા અને અંબાણીને ખમવી પડેલી પીછેહઠ પછી પણ ન તો જમીનની લૂંટને કોઈ થોભ મળ્યો છે ન તો જમીન અને મિલકતોમાંથી નાણાં પડાવવાના ધંધામાં કોઈ રોક આવી છે.

ગામડાની માલિકીની જાહેર હેતુ માટે વરસોથી અનામત રખાયેલી જમીનો જેવી ગૌચર, ખળી, સ્મશાન વગેરે માટેની જમીનો તો હડપ કરાઈ ચૂકી છે એટલે હવે ખેતીની જમીન અને તે પણ ફળદ્રુપ જમીન જ વિકાસનો ભોગ બની રહી છે. આપણી વૈચારિક કંગાલિયત એવી છે કે, એક બાજુ ગુજરાતમાં થયેલી શ્વેતક્રાંતિ આપણે દેશ-વિદેશમાં ફેલાય તો મૂંછ મરડીએ છીએ, તો બીજી બાજુ, સદીઓથી રખાયેલાં ગૌચરો કાં તો માથાભારે માણસો કે ઉદ્યોગોને વેચાતાં આપી દેવામાં જરા સરખો ય ખચકાટ અનુભવતા નથી.

જે ગુજરાતમાં સરદાર પટેલે દૂધક્રાંતિ માટે કુરિયનનો સથવારો લીધો એ જ ગુજરાતમાં એના અંદાજે અઢી કરોડ પશુધન માટે ધોરણ મુજબ લગભગ ચાળીસ લાખ હેક્ટર ગૌચર જોઈએ તેની સામે માત્ર વીસ ટકા એટલે કે સાડા આઠ લાખ હેક્ટર ગૌચર છે અને ગુજરાતના દસ જિલ્લાનાં ચારસો ચોવીસ ગામમાં નામનું ય ગૌચર બચ્યું નથી. આ બધાના પરિણામે ઘાસચારો મોંઘો થતો જાય છે અને પશુપાલન અકારું બનતું જાય છે.

આમાં આંખે ચડે એવો દાખલો વડોદરા જિલ્લાના વેમાલી ગામનું ગૌચર દિલ્હીના રાહેજા ગ્રૂપને સેઝ માટે વેચ્યાનો છે. સવાલ ઊઠે છે કે શું ગાય કરતા રાહેજાની કન્સ્ટ્રકશન કંપનીની સમાજને વધુ જરૂર છે? તાજેતરમાં પંજાબના લુધિયાણા જિલ્લાના ગામની માલિકીના તળાવને પૂરી ઉપર ગેરકાયદે બંધાયેલાં મકાનોનો કેસ વરસો પછી સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો. રાજ્ય સરકારે તો આ ગેરકાયદે કબજો નિયમિત કરી આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે એના ચુકાદામાં જે કહ્યું છે એ દિલ સોંસરવું ઉતરે તેવું છે.

સર્વોચ્ચ અદાલતના વિદ્વાન ન્યાયમૂર્તિ શ્રી માર્કેન્ડેય કાત્જુ અને સુશ્રી જ્ઞાનસુધા મિશ્રાની ખંડપીઠે ૨૮ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ એમના ચુકાદામાં જણાવ્યું છે કે 'આના અનુસંધાને અમે જણાવીએ છીએ કે આપણા વડદાદા મૂર્ખા નહોતા. એ જાણતા હતા કે આવતાં કોઈ વરસોમાં દુષ્કાળ આવશે કે એક યા બીજા કારણે પાણીની અછત ઊભી થશે. પાણીની જરૂરત પડયે પીવા માટે, નહાવા માટે કે ઢોરને પીવા વગેરે માટે જોઈશે. આ કારણે દરેક ગામને કે મંદિરને અડીને એમણે તળાવ બાંધ્યા વરસાદના પાણી સંઘરવાનો આ પરંપરાગત રસ્તો હતો. જેણે હજારો વરસ સુધી ગામડાની જરૂરિયાત સંતોષી છે.'

આ ઉલ્લેખ સાથે ચુકાદાએ તારવ્યું કે 'જમીનનું દબાણ કરનારે, દાદાગીરી અને ધનના બળથી ગ્રામ પંચાયત અને અમલદારોના મેળાપીપણામાં જમીન કબજે કરી હતી. અમારું માનવું છે કે, આવો ગેરકાયદેસર કબજો ચલાવી લેવો ન જોઈએ. અરજદારોએ આ જમીન પર મકાનો બાંધ્યાં હોય તો આવાં બાંધકામ દૂર કરી ગ્રામ પંચાયતને જમીન પાછી આપવી જોઈએ. પંજાબ સરકારનો આવા ગેરકાયદે દબાણને નિયમબદ્ધ કરવાનો ૨૯-૦૯-૨૦૦૭નો હુકમ કાયદેસર નથી. સરકારનો આવો નિર્ણય તદ્દન ગેરકાયદેસર અને સત્તા વગરનો છે.'

સુપ્રીમ કોર્ટે આ ચુકાદાની નકલ બધાં રાજ્યોના મુખ્ય સચિવોને મોકલવા અને સમયાંતરે એના અમલના અહેવાલ કોર્ટને રજૂ કરવા સૂચના આપી છે. આ ચુકાદાની નકલ ગુજરાતના મુખ્ય સચિવને મોકલાઈ છે. આ બતાવે છે કે ગામડાની માલિકીની જમીન વેચવાનો રાજ્યને અધિકાર નથી, છતાં વિકાસના નામે રાજ્ય સરકારો આવી જમીનો સેઝને, અને અન્ય યોજનાને ફાળવે છે કે વેચે છે.

કેટલીક સરકારો વરસો પહેલાં ખેડૂતો પાસેથી સસ્તામાં સંપાદન કરાયેલી જમીનની 'જમીન બેન્ક' બનાવી ઈન્ટરનેટ પર આવી જમીનો નવા આવનારા ઉદ્યોગોને આજના બજારના ભાવે વેચી તિજોરી અને ઘર ભરે છે. આવું જ ખનીજવાળી જંગલની જમીનોની લીઝમાં બન્યું છે જેથી જમીન વગરના બનેલા આદિવાસીઓ માઓવાદી બનવા માંડ્યા છે. ટૂંકમાં ખેતી, પાણી અને જંગલ અંગે નવા અને ન્યાયી કાયદા અમલમાં સત્વરે નહીં આવે તો ભારતના ખેડૂતો અહિંસક વિદ્રોહ કરશે.

**લેખક ગુજરાત રાજ્યના પૂર્વ નાણાપ્રધાન છે.**

**(સદ્‌ભાવ : "દિવ્ય ભાસ્કર", ૧૭.૦૩.૨૦૧૧)**

# આ ધબ્બા 'દૂધસી સફેદી' લાવનારા 'નિરમા'થી પણ નહીં જાય

• ઉર્વીશ કોઠારી

## ડો. કનુભાઈ કલસરિયાની યાદગાર રેલી : "જાન દેંગે, જમીન નહીં"

છેલ્લાં બે-એક વર્ષથી મહુવા તાલુકામાં નિરમાના સૂચિત સિમેન્ટ પ્લાન્ટ સામે સ્થાનિક ગ્રામજનોનું આંદોલન ચાલે છે. ત્યાં દરિયાકાંઠે બનેલા (વિશાળ તળાવ) જેવા બંધારાને કારણે ખેડૂતોની જમીન ઉપજાઉ બની હતી. એ જમીન સરકારે ખેડૂતોને વિશ્વાસમાં લીધા વિના કે તેમનું હિત વિચાર્યા વિના 'નિરમા'ને ફાળવી દીધી. તેના વિરોધમાં ભા.જ.પ.ના સ્થાનિક ધારાસભ્ય અને સેવાભાવી ડોક્ટર તરીકે પ્રતિષ્ઠા ધરાવતા કનુભાઈ કલસરિયાએ અવાજ ઉઠાવ્યો. ડો.કલસરિયાની આગેવાની હેઠળના આંદોલનનો મુખ્ય સૂર એક જ છે કે સરકાર અને કંપનીએ જમીન આંચકી લેવા માટે છળકપટ કર્યું છે અને ખેડૂતોના અહિતનો વિચાર કર્યો નથી. અત્યાર લગી અનેક સ્તરે ચાલતા અહિંસક આંદોલનના એક યાદગાર તબક્કારૂપે ડો. કલસરિયાએ ૩ માર્ચ, ૨૦૧૧ના રોજ ડોળિયા ગામેથી મોટી સંખ્યામાં સ્થાનિક લોકો સાથે કૂચ આરંભી હતી, જે ગુરુવાર, ૧૭ માર્ચે બપોરે ગાંધીનગર સચિવાલય પહોંચવાની હતી.

કૂચના ૧૪મા દિવસે આજે ડો. કલસરિયા, વ્હીલચેરમાં બેઠેલા વરિષ્ઠ નેતા સનત મહેતા અને ચારથી પાંચ હજાર હજાર લોકો અમદાવાદના આશ્રમરોડ પર ઉમટી પડ્યા હતા. બહુ વખતે ભાડૂતી કે રૂપિયાની લાલચે આવ્યા હોય એવા માણસો વગરની રેલી જોવા મળી. સરકારના અવિચારી અને આપખુદ વલણ સામે આટલા મોટા પાયે બહુ વર્ષો પછી



એક અદના નાગરિકની સૂઝબૂઝ



સાબરમતી આશ્રમની સભામાં રેલીની ત્રિમૂર્તિ : કનુભાઈ કલસરિયા, સનતભાઈ મહેતા, ચુનીભાઈ વૈદ્ય




સાબરમતી આશ્રમ થઈને ગાંધીનગર જવા નીકળેલી વિરાટ રેલીનું એક દૃશ્ય

વિરોધપ્રદર્શન જોવા મળ્યું. એ રીતે, ટાઉનહોલથી સાબરમતી આશ્રમ સુધી પગપાળી યાત્રામાં સાથે જોડાવું યાદગાર અનુભવ રહ્યો.

ઘણે દૂરથી આ યાત્રામાં માણસો ઉપરાંત એક કૂતરો પણ જોડાયો છે. તેનું નામ 'મોતી' પાડવામાં આવ્યું છે. એ વિશે સ્પષ્ટતા કરતાં ડો.કલસરિયાએ ગાંધી આશ્રમમાં કહ્યું, 'કોઈને થશે કે મોદી પરથી તેનું નામ મોતી પાડવામાં આવ્યું છે. પણ આપણી લડાઈ કોઈ વ્યક્તિ સામેની નથી. નરેન્દ્રભાઈ મોદી કદાચ સારું શાસન કરતા પણ હશે, પણ આપણો વિરોધ તેમની ઉદ્યોગતરફી નીતિ સામે છે.'

દરમિયાન, પર્યાવરણ મંત્રાલયે નિરમાને પ્લાન્ટનું કામ તત્કાળ રોકવાની અને તેને કાયમ માટે બંધ શા માટે ન કરવું એનો ખુલાસો કરવાની નોટિસ આપી છે. તેની સામે 'આ મેટર સબજ્યુડિસ હોવાથી મંત્રાલય તેમાં આદેશ આપી શકે નહીં' એવી કંપનીએ કરેલી રજૂઆત ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હોવાનું કનુભાઈએ ગાંધી આશ્રમમાં કરેલા સંબોધનમાં જાહેર કર્યું હતું.

## રેલીમાં સાંભળવા મળેલાં કેટલાંક સૂત્રો

- જાન દેંગે, જમીન નહીં
- જય ભવાની, નિરમા જવાની
- કનુભાઈની ટુકડી, ગાંધીનગર ઉપડી (આ રીતે બોલાતું હતું : કન્નુભાઈની ટુક્કડી, ગાંધીનગર ઉપ્પડી)
- વાતો કરે છે મોટી, છીનવી લે છે રોટી
- ધરતી અપને આપકી, નહીં કીસીકે બાપકી
- જમીન માતાકી જય

**(આ લખાણ તેમ જ ફોટાઓ લેખકના બ્લૉગ પરથી સદ્‌ભાવે લેવાયા છે. સહૃદય આભાર.)**

# કડવીબહેને ખોળો પાથર્યો પણ 'ભાઈ' મોદીએ વાત ન સાંભળી



**'ભાઈ મોદી, હું ચાલીને અમારી વાત કહેવા આવી છું.' : કડવીબહેન**

મુખ્યમંત્રી મોદી સાથે મિટિંગ દરમિયાન મંત્રણા પડી ભાંગતી જોઈ પ્રતિનિધિમંડળમાંના એક સામાન્ય ખેડૂત કડવીબહેને પોતાનો ખોળો પાથરી 'ભાઈ' મુખ્યમંત્રી મોદીને આજીજી કરી હતી કે અમે ઘરે તાળાં મારીને ૩૫૦ કિલોમીટર દૂરથી ઉઘાડા પગે તમારી પાસે ન્યાય માગવા આવ્યા છીએ. અમને ન્યાય આપો. તેણે મોદીને કહ્યું હતું કે, તમે જ કહ્યું હતું કે ગુજરાતની કોઈ પણ બહેન એક પત્ર લખશે તો એક ભાઈ તરીકે હું હાજર રહીશ. 'ભાઈ મોદી' હું ચાલીને અમારી વાત કહેવા માટે આવી છું.

મારું કાંઈક તો સાંભળો. મોદીની સામે કડવીબહેન જે રીતે કરગરી રહ્યાં હતાં તે જોતાં પથ્થરદિલ પણ પીગળી જાય. એક વૃદ્ધાને આ રીતે કરગરતી જોઈ પ્રતિનિધિમંડળ પણ ઘડીભર માટે પીગળી ગયું હતું. જો કે 'ભાઈ' મુખ્યમંત્રી મોદીના પેટનું પાણી પણ હાલ્યું ન હતું અને 'બહેન'ની વાત સાંભળ્યા વગર ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ પ્રતિનિધિમંડળમાં બીજાં એક મહિલા ઈલાબહેન પાઠક પણ હતાં.

આ દ્રશ્ય જોઈ ઈલાબહેનની આંખમાં પણ ઝળઝિળયાં આવી ગયાં હતાં પણ મોદી ટસના મસ થયા નહોતા. કડવીબહેન દૂધેરી ગામનાં છે. તેને ૨.૫ વીઘા જમીન છે. તેની બધી જ જમીન નિરમામાં ચાલી જાય છે. નિરમા આંદોલન શરૂ કરનારાં કડવીબહેન છે.

નિરમા વિશે ભાગ્યે જ લોકોને ખબર હતી ત્યારે કડવીબહેને નિરમાને ઉખાડી ફેંકવાની વાત કરી હતી. પાછા આવ્યા બાદ કડવીબહેને જણાવ્યું હતું કે, અમે બે હજાર બહેનોએ 'મોદીભાઈ'ને બે હજાર પત્રો લખ્યા છે. મોદીભાઈ વારંવાર કહે છે કે મને પોસ્ટકાર્ડ લખજો, હું મદદ કરીશ ત્યારે અમારી બે હજાર બહેનોના પત્રનો જવાબ હજુ સુધી મળ્યો નથી.

**(સૌજન્ય : "દિવ્ય ભાસ્કર", ૧૮ માર્ચ ૨૦૧૧)**

# એતાનશ્રી –

### અતિ મહત્ત્વનો અને સમયસરનો લેખ

• "ઓપિનિયન"ના ફેબ્રુઆરી ૨૦૧૧ના અંકમાં, ઉઘડતે પાને, ભોગીલાલ ગાંધીનો 'નવજાગૃતિનો અરુણોદય' નામે વિચાર-વલોણું ફેરવતો એક ઉત્તમ લેખ છે. એ લેખ પર મારા વિચારો રજૂ કરું, તે પહેલાં, ફેબ્રુઆરી ૧૯૫૯ દરમિયાન, 'ઇન્ડિયા ટુ-ડે ઑવ્ ટુમોરો' નામે, 'આઝાદ સ્મૃતિ વ્યાખ્યાન' આપતાં પંડિત જવાહરલાલ નેહરુએ જે ભાષણ આપેલું, તેમાંનાં આ અવતરણો જોઈ-વાંચી જવાં રસપ્રદ નીવડશે :

'Gradually deterioration set in, thought lost its freshness and became stale, the vitality and exuberance of youth gave place to crabbed age. Instead of the adventure there came lifeless routines, and the broad and exciting vision of the world was cabined and confined and lost in caste divisions narrow social customs and ceremonials. Even so, India was vital enough to absorb the streams of people that flowed in to her mighty ocean of humanity and she never forgot the thoughts that had stirred her in the days of her youthful vigour.

'Subsequently, India was powerfully influenced by the coming of Islam and Muslim invasions. Western colonial powers followed, bringing a new type of domination, a new colonialism and, at the same time, the impact of fresh ideas and of the industrial civilization that was growing up in Europe.

'Ram Mohan Roy came, seeking some kind of synthesis between old India and modern trends. Vivekananda brought back something of the vigour of old Indian thoughts and dressed it up in a modern garb. Political and cultural movements grew up and culminated in Gandhi and Rabindra Nath Tagore.'

ભોગીલાલ ગાંધીનો ૧૯૬૦માં પ્રગટ થયેલો લેખ "ઓપિનિયન"માં પુન: પ્રકાશિત કર્યો. એ વાંચવાનો ઘણો આનંદ આવ્યો. આવા રસાળ અને માહિતીસભર તેમ જ જ્યારે આરબ જગતમાં ક્રાંતિની જ્વાળા ફરી વળી છે, ત્યારે એ ક્રાંતિના પરિબળો અને પરિસ્થિતિને સમજવામાં - આ લેખ અતિ મહત્ત્વનો અને સમયસરનો રહ્યો.

ભોગીલાલભાઈનો આ લેખ વાંચતા નેહરુજીનું ૧૯૫૯માં કરેલું 'આઝાદ સ્મૃતિ પ્રવચન' અને એમણે કાવ્યમય ભાષામાં ભારતની નવજાગૃતિનું કરેલું વર્ણન યાદ આવી ગયું. એ પ્રવાચનના ત્રણ ફકરાઓ આથી ઉપર ટાંક્યા છે.

ભોગીલાલભાઈએ પણ કદાચ, એમની હયાતીમાં, આ પ્રવચન સાંભળ્યું હોય અને વાંચ્યું પણ હોય. કોણ જાણે. વારુ, ગુજરાતીમાં ભોગીભાઈની પણ શૈલી અહીં એટલી જ કાવ્યમય અને રસાળ બની રહી છે. આ જ લેખમાં એક જગ્યાએ એ લખે છે :

'પ્રાચીન યુગથી એટલે કે ઉપનિષત્કાળથી આરંભી છેક મધ્ય યુગના અંત સુધીમાં ભારતમાં જ્યારે જ્યારે પ્રચલિત સમાજરચનાનું સ્વરૂપ જડ-રૂઢ અને વિકાસરોધક બનવા પામ્યું હતું, ત્યારે ત્યારે તેની અંદરથી જ નવા ક્રાંતિકારી પરિવર્તનશીલ બળો પ્રગટ્યાં હતાં; અને યુરોપના ઈતિહાસની તુલનાએ, પ્રમાણમાં ઓછા ક્રૂર અને કાતિલ સંઘર્ષો દ્વારા, નવઘડતરની પ્રક્રિયા અખંડપણે ચાલતી રહી હતી.'

ભારતની ઐતિહાસિક પરિસ્થિતિ અને નવા પરિબળોનું વિસ્તારપૂર્વક વર્ણન આપ્યું છે. વળી, આ નિબંધનો મહત્ત્વનો ભાગ છે યુગપુરુષો રાજારામમોહન રાય અને દુર્ગારામ મહેતાજીના સંશોધનાત્મક ચરિત્રો અને ભારતના ઘડતરમાં એમનું યોગદાન. ભોગીલાલ ગાંધી આ વિશે લખે છે :

ભારતની નવજાગૃતિના આ અગ્રદૂતોએ નિ:શંક રીતે સ્વસ્થ - સમન્વય માર્ગ એટલે કે પ્રાચીન સંસ્કારિતાના શ્રેષ્ઠ તત્ત્વોનો આત્મા પકડી લઈ, નવી પરિસ્થિતિમાં નવેસરથી એ શક્તિ પાછી પ્રગટાવી, એ માર્ગ અપનાવ્યો. 'આવા અપૂર્વ સમન્વયનો બીજો જોટો આપણે અનેક દાયકા બાદ, મહાત્મા ગાંધીમાં જોવા પામીએ છીએ. રાષ્ટ્રપિતા ગાંધીના આ પૂર્વજોને – સર્વાંગી, સ્વસ્થ, સમન્વયવાદીઓને – રાષ્ટ્રીય નવજાગૃતિના આ આદ્યપ્રવર્તકોને વંદીને વિદાય લઈએ.'

વળી, આ જ અંકમાં, અબ્દુલકાદર મેતરનો લેખ 'ગુજરાતની અસ્મિતા: વહેણ અને વમળ' પણ પ્રગટ થયો છે, જે ગુજરાતની નવજાગૃતિ વિશે પ્રકાશ ફેંકે છે. આરંભે જ તે લખે છે : 'ઓગણસમી સદીમાં પાશ્ચાત્ય શિક્ષણ અને સભ્યતાના પ્રભાવથી ગુજરાતમાં જે નવજાગૃતિ આવી હતી તેના પરિણામે સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે જે નવી વિચારસરણીઓનો ઉદ્ભવ થયો હતો તેની અસર વીસમી સદીમાં ચાલુ રહી હતી.'

આ આખો લેખ પણ એટલો જ રસાળ અને માહિતીસભર છે.

**- ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી**

['Kamal Kunj', 3 Buckingham Mews, SUTTON COLDFIELD B73 5PR U.K.]

## સત્ય અને અણનમ જીવન તે એમનાં પાસાં

• મુરબ્બી જયાબહેન દેસાઈના સ્વર્ગવાસી થવાના સમાચાર સાંભળીને દુ:ખ થયું. પ્રભુ એમના આત્માને ચિરંતન શાન્તિ અર્પો, એ જ અંતરની પ્રાર્થના. અને એમના પરિવારને આવી પડેલા દુ:ખને સહન કરવાની શક્તિ આપો.

જયાબહેનનું જીવન પ્રેરણાદાયક હતું. સત્ય અને અણનમપણું એ એમનાં જીવનનાં બે પાસાં રહ્યાં. સાથે સાથે નિર્ભયતાને પણ આપણા સારુ શીખરૂપે મુકતાં ગયાં છે. એ આપણે આપણા જીવનમાં જો ઊતારીએ તો એ એમના પ્રતિનું સાચું તર્પણ ગણાય. પ્રભુ સૌને એ શક્તિ અર્પો, એજ અભ્યર્થના.

**- રમેશ પટેલ 'પ્રેમોર્મિ'**

e.mail : sardarrp@yahoo.com

**(અનુસંધાન છેલ્લા પાન પરેથી)**

'આવા પ્રતિષ્ઠિત વિવેચકો અને સંપાદકોની વિદાય બાદ, ગુજરાતી સાહિત્યનું મેદાન ખાલ્લીખમ્મ પડ્યું છે. છે કોઈ ખેલે એવો સાહિત્યવીર ? તળ ગુજરાતમાં આમ દિન પ્રતિ દિન સાહિત્યનાં ધોરણો ડૂકી ગયાં છે, અને આજકાલ, ત્યાં 'કંઈ પણ ચાલે !'નું સૂત્ર ચલણમાં હોય તેમ લાગે છે.'

'પ્રકાશન જગતમાં તમારે કોઈ ઓળખાણ પરિચય હોય તો તમે કંઈ પણ મુદ્રિત કરાવી શકો છો.'

'ગુજરાતી એન.આર.આઈ.એ વારસાની ભૂમિ ભણી નજર દોડાવવાનું છાંડવું જોઈએ'નો બૂંગિયો ફૂંકતા ફૂંકતા, નટવર ગાંધી લખતા હતા : 'ઉત્તર અમેરિકાના ગુજરાતી લેખકોએ હવે અવસ્થાવાન બનવું જોઈએ અને પોતા પર જ આધાર રાખવો જોઈએ. પોતાના મૂળ વતનનાં કોઈક પ્રમાણપત્રની તેમણે આશા અપેક્ષા રાખવી નહીં જોઈએ કેમ કે તેવાં તેવાં ઉછીનાં સઘળાં પ્રમાણપત્રોની કિંમત સહજ સ્વાભાવિક કોડીની પણ ઠરતી નથી. તેમની અહીંની સાહિત્યિક પ્રવૃત્તિઓની સરાહના મેળવવા સબબ ભારત ભણી સતત ગોઠવાયેલી તેમની નજર ઊઠાવી લઈ, તેમણે તેમની આ સાહિત્યિક સાંકળ તોડી કાઢવી જોઈએ.... '

ધીરા ખમીએ; નટવરભાઈ ગાંધીના આ ચાનક ચડાવતા લેખમાંથી ઉપર આપેલાં અવતરણો વાંચ્યાં બાદ હવે ગૂંચવણભર્યો સવાલ ડોકાય છે : આપણે નટવર ગાંધી લખે છે તે પ્રમાણે આદરવું ? – તે કહે છે (તેમણે લખ્યુ છે) તેમ કરવું કે પછી તે કરે છે તેમ કરવું ?

'ઈમેજ પબ્લિકેશને' 'પેન્સિલવેનિયા ઍવેન્યૂ'નું પ્રકાશન કર્યુ છે. [નટવર ગાંધીના અગાઉના બે સોનેટસંગ્રહો - અમેરિકા, અમેરિકા (૨૦૦૬) અને ઇન્ડિયા, ઇન્ડિયા (૨૦૦૪) પણ 'ઈમેજ પબ્લિકેશને' પ્રકાશિત કર્યા હતા.] અને તેના સંચાલક તેમનાં પ્રકાશનનાં વખાણ ન કરે તો બીજું કોણ કરવાનું ? એ ન્યાયે આ બાબત, આ હકીકત કોઈ ચર્ચાનો વિષય ન હોવો જોઈએ. 'ઈમેજ પબ્લિકેશન' તો નામ પ્રમાણે તેમના વાડામાં વસતી સોનાનાં ઈંડા આપતી મરઘી જેવા અને એક વાયકા પ્રમાણે પોતાનું પુસ્તક છપાવવા માટે લાખ્ખો રૂપિયા ખર્ચતા પરદેશ વસતા ગુજરાતી લેખકો, કવિઓનાં ઓવારણાં લે અને તેવા લેખકને પ્રસિદ્ધિના પ્રકાશથી આંજી દે તો તેમાં કોઇ નવાઈ નથી, સુરેશ દલાલ, 'ઈમેજ પબ્લિકેશન'ના સંચાલક, ભાગીદાર, પગારદાર, માલિક - કે જે હોય તે ઉપરાંત તે કવિ, પ્રકાશક, પત્રકાર, જાહેર સમારંભોના સંચાલક એમ અનેક રૂપે સમયાનુકૂળ સ્વાંગ સજી સૂત્રધાર બની દોરીસંચાર કરે, માનવ સમુદાય સમક્ષ સાહિત્ય સમારોહના માંડવામાં કઠપૂતળીનો ય ખેલ કરે તો મારું શું જાય ?

પણ આપણે ઘડીભર જ વિચાર કરીએ, 'ઈમેજ પબ્લિકેશન'ના, એક પુસ્તક પ્રકાશનની જાહેર ખબર વિના, ખર્ચે છપાયા જ કરે અને વર્તમાનપત્રના માલિકો, અધિકારીઓ તે ચલાવી લે છે, તે હકીકત ખુદ શોચનીય નથી ? મને તો આ બધુ અંગત વ્યવસાયને પત્રકારત્વનો અંચળો ઓઢાળી લોકોને ફોસલાવ્યાં જેવું લાગે છે. જ્યારે આ પ્રકાશકના પ્રતિનિધિસમા સુરેશ દલાલ પોતાના પ્રકાશનના ભારોભાર વખાણ કરતી એક કટાર / 'કોલમ' લખે અને મુંબઈના વર્તમાનપત્રના તંત્રીઓ આંખનું મટકું માર્યા સિવાય તે પ્રસિદ્ધ કર્યા કરે, ત્યારે આ હજારો માઈલ દૂર વસતા એક એન.આર.આઈ.નું લોહી ઊકળે અને જાહેર બળાપો કરે, તો, મેરે વાચક દોસ્ત, ઉદાર દિલે નભાવી લેજો ... !

[895 Kentshire Drive, CENTERVILLE, OH 45459 – 2327, U.S.A.]

## પાંચ સુનામીકાવ્યો

**• દીપક બારડોલીકર**

**તારું**
**નખ્ખોદ જજો**
**ઓ સુનામી !**

**તેં તો -**
**ઓ નપાવટ,**
**ભરડે લીધી**
**હસતી - ગાતી વસ્તીઓને !**
**લીરા લીરા કીધો -**
**રાતદહાડો એક કરીને**
**વણ્યો હતો**
**જે સુખનો ગુલાબી ઓછાડ !**
**ને ભરી ગઈ**
**રોમરોમે પીડા અપાર !**
**ચળકતી આંખે અશ્રુધાર !**

**અરેરે -**
**ઓ નખોદણી !**
**કાળમીંઢી !**
**ખુદા કરે ને છાજિયાં લે**
**તારાં**
**તારી મા !**

**(૨)**
**સુનામીઅસવાર -**
**સમુદ્ર મસ્તાન !**
**જાણે**
**યુદ્ધવાંછુ ચંગેઝખાન !**

**(૩)**
**અડે નહીં,**
**સુનામી તો નડે !**
**અને**
**કાળી ચીસભેગાં શહેરો પડે !**
**જાણે**
**લીલાંછમ અશોક !**

**(૪)**
**દરિયો,**
**અંતિમવાદી છે !**
**સુનામી સ્વરૂપે**
**શહેરો પર ધ્રોડે છે !**
**વિનાશગઠરી ખોલે છે !**
**દરિયો,**
**આતંકવાદી છે !**

**(૫)**
**પાસિફિક**
**ને તેનું તાંડવનૃત્ય**
**અવશ્ય હારી જશે !**
**જપાની જિજિવિષા**
**મેદાન મારી જશે !**

# નટવર ગાંધીના સોનેટ સંગ્રહ 'પેન્સિલવેનિયા ઍવેન્યૂ'ના વિમોચન સમારોહ વિશે …

• હરીશ ત્રિવેદી

ઊહાપોહ

સૌ પ્રથમ, આરંભે, એક ખુલાસો કરી લઉં : નટવર ગાંધીકૃત થોડા સોનેટો મેં વાંચ્યા છે, માણ્યા પણ છે. મને તેમની લેખનશૈલીની અદેખાઈ આવે તેટલો આદર છે. અને તેથી જ જ્યારે કોઈ મિત્રે મારા પર "ચિત્રલેખા" અને "મુંબઈ સમાચાર"માં છપાયેલા 'પેન્સિલવેનિયા ઍવેન્યૂ'ના વિમોચન-અહેવાલની પી.ડી.એફ. (પૉર્ટેબલ ડોક્યુમેન્ટ ફોરમેટ) ફાઈલ મોકલી આપી તો નિરાંતે તે વાંચી ગયો. તરત જ પછી નટવર ગાંધીને અભિનંદનની નોંધ લખી મોકલી હતી.

નટવર ગાંધીએ પણ ઉપર જણાવેલ પી.ડી.એફ. ફાઈલ અનેક મિત્રોને મોકલાવી હતી. આમાં કશું પણ અજૂગતું નથી. આનંદ વહેંચવાથી બમણો થાય છે, તે સૂત્રમાં હું ય માનું છું.

આટલા પ્રાથમિક ખુલાસા બાદ હવે આગળ વધીએ :

ફેબ્રુઆરીની ૨૦મી તારીખે, મુંબઈમાં, નટવર ગાંધીના ત્રીજા સોનેટ સંગ્રહ 'પેન્સિલવેનિયા ઍવેન્યૂ'નો વિમોચન સમારોહ દબદબાથી યોજાયો હતો.

રાબેતા મુજબ, સમારોહની શરૂઆતમાં, નાટ્ય-ફિલ્મ અભિનેતા ઉત્કર્ષ મઝુમદાર, ચિરાગ વોરા, કવયિત્રી પન્નાબહેન નાયક વગેરેએ નટવર ગાંધીનાં ચૂંટેલાં કાવ્યોનું પઠન કર્યુ હતું. પ્રમુખ સ્થાનેથી વયોવૃદ્ધ કવિ-પત્રકાર તથા સાહિત્યા પરિષદના પ્રમુખ ભગવતીકુમાર શર્માએ નટવર ગાંધીને અભિનંદન આપ્યા હતા. જ્યારે 'ઇમેજ પબ્લિકેશન'ના સંચાલક-અધિપતિ-પત્રકાર-વિવેચક-પ્રકાશક સુરેશ દલાલે તેમની આગવી શૈલીમાં નટવર ગાંધીના સોનેટ સંગ્રહના તથા તેમના અમેરિકાના વર્ષોના વસવાટ, તેમનો વ્યવસાય અને તેમની કવિતાના ભારોભાર વખાણ કરી પ્રેક્ષકોને જાણે ગત જમાનાના ભાણ - બારોટની જબાનની ઝાંખી કરાવી દીધી.

ભયો ભયો. કવિ, પ્રકાશક, પત્રકાર, પ્રેક્ષકો ભયો ભયો થઈ ગયા. આનંદમાં ઓતપ્રોત થઈ ગયા, "ચિત્રલેખા", "જન્મભૂમિ-પ્રવાસી", "મુંબઈ સમાચાર"માં અહેવાલો, પરિચય, સવાલ-જવાબ, છબીઓ છપાઈ અને જાણે મુંબઈ ભરમાં નટવરલાલની 'જે' બોલાઈ ગઈ ! નટવર ગાંધીનો જય જયકાર થયો ! નંદ કો આનંદ ભયો, જય નટવરલાલ કી … ! ડાકોર ગામમાં ભજન ધૂન, થૈ થૈ થઈ થઈ વગેરે, વગેરે જેવું જ જાણે કે ચિત્ર ….

આ બધુ તદ્દન ઉચિત જ કહેવાય - સમાચાર (ન્યૂઝ) અને સાહિત્યનો એક અવનવો સમન્વય. પ્રચાર અને પત્રકારત્વના સંલગ્ન; શ્રી અને સરસ્વતીનો સંગમ … અને આ સાહિત્ય ગંગામાં ડૂબકીઓ મારી પ્રેક્ષકગણને સાહિત્ય સ્વર્ગમાં ગયા જેટલો આનંદ થયો હોય, તો તેનાથી આશ્ચર્ય પામવાની પણ જરૂર નથી. આપણે સૌએ કેટકેટલીવાર આવા સમાચાર વાંચ્યા છે, ખરું ને ? આવું બધું તો ચાલ્યાં કરે, ચાલ્યાં જ કરવાનું. આપણે આપણું કામ કરવાનું, આવા પ્રસંગોમાં ન જવું હોય તો નહીં જવાનું. કોઈને ય કોણ હાથ પકડીને ત્યાં ઘસડી જવાનુ છે ?

વાચકને થશે કે આ રોજ-બ-રોજની વાત છે તો પછી તે વિશે આ સામયિકમાં લખવાની શી જરૂર હતી ?

પરંતુ, વહાલા વાચક મિત્ર, તું જ્યાદા મત સોચ. (સોરી, માફ કરજો, ભાષાભ્રષ્ટ થયો છું, હિંદી / અંગ્રેજી શબ્દો ભૂલથી વપરાઈ ગયા !)

મગર વાચક (ઉપર કૌંસમાં લખેલું, ફરી વાંચો), નટવર ગાંધીનો "ઓપિનિયન"ના ૨૬ નવેમ્બર ૨૦૧૦ના અંકમાં તથા "નિરીક્ષક"ના ૧૬ ડિસેમ્બર ૨૦૧૦ના અંકમાં નટવર ગાંધીનો પરદેશ વસતાં ગુજરાતી લેખકોને આદેશ-ઉપદેશ આપતો એક લેખ તથા તેના સંદર્ભમાં મારો લખેલો લેખ પ્રસિદ્ધ થયો હતો. નટવરભાઈ તે લેખમાં લખે છે : -

'આપણે સઘળું સમુસૂતરું રાખીએ છીએ તેવો ઘાટ પેદા થયો છે અને તેનો ભારત સ્વીકાર કરે તેવા, ટૂંકામાં, આપણને ઓરતા રહેલા છે.' (We look to India to get a Good Housekeeping stamp of approval ….)

'પેન્સિલવેનિયા ઍવેન્યૂ'ના વિમોચન સમારંભ સમયે ભગવતીકુમાર શર્માનાં પ્રશસ્તિ વચનોને, ભલા, શું કહીશું ? કયા અર્થમાં ખપાવીશું ?

ગાંધી સાહેબ, આગળ જતાં, 'ડાયસ્પોરા પર મદાર' મથાળા હેઠળ જણાવે છે : 'ગુજરાતી એન.આર.આઈ. લેખકો, પોતાનાં લખાણને સારુ, માન્યતા મેળવવા ઘર ભણી નેજવું કરે છે. તે સૌ સારી સમાલોચના મેળવવા કોશિશ કરતાં રહે છે અને તેમને તે આસાનીએ ભારતમાંથી સાંપડી રહે છે. …' અહીં ઉપર આ વિશે ઉદાહરણ મેં આપ્યું જ છે. નટવરભાઈ, વળી, લખે છે :

'ઉત્તર અમેરિકાનું કોઈક સરનામું દર્શાવતું પરબીડિયું કે પછી અમેરિકાથી ગયેલા ટેલિફોન સંદેશાઓ કામ કરી જાય છે. તમે પૈસા જોડવાના હો, તો ભારતના પ્રકાશક પ્રકાશન કરવાને રાજી જ હોય છે, પછી ભલે ને તમે કચરોકૂડો ય આપો અને તેથી લેખક તરીકે ય સ્થાપિત થઈ જાઓ છો. વળી, તમારે ખરચે તે લોકો જાહેર વિમોચન કાર્યક્રમ પણ ગોઠવી આપે છે. ઓવારણાં લેવાને સારુ જાણીતા માનીતા સાહિત્યકારો પણ હજરાહજૂર રહે છે. અવસરના ફટાફટ ફોટાઓ લેવાય છે અને યોગ્ય ભાવતાલ અનુસાર, સમસામયિકોએ આવા સમાચારને 'યોગ્ય ન્યાય' આપ્યો હોય છે. ચોપડીઓને માટે પૈસા દેતા અનુકૂળ આમુખ લખી અપાય છે અને પછી સમાલોચના પણ આપવામાં આવે છે. એન.આર.આઈ. દાક્તરો, ઈજનેરો અથવા હિસાબનીસો હવે સ્થાપિત નવલકથાકાર કે કવિ બની જાય છે ! અને પછી ટેલિવીઝન અને રેડિયો મુલાકાતોનો સિલસિલો શરૂ થયો જ સમજવો.

'આ રમત ઉભય પક્ષને માટે સંતોષકારક છે. લેખક બનવાનાં એન.આર.આઈ.નાં સુષુપ્ત સપનાં આમ સાકાર બને છે અને પ્રકાશક અથવા પુરસ્કર્તા ય બે પૈસા રળી ખાય છે. સર્વાંગી ખર્ચની કાળજી લેવાતાં પુરસ્કર્તા યુનાઈટેડ સ્ટેટ્સની શુભેચ્છા યાત્રાએ આવી શકે તેની વ્યવહારુ જોગવાઈ પણ થઈ જાય છે. ખુશખુશાલ કરી દેવાય તેવો આમુખ લખી અપાય અને એકાદબે કૉલમ ભરીને અવલોકન મળે અને તેની પછીતે ઈનામબીનામની જોગવાઈ થઈ જાય તો બહુ જ આસાનીએ આવો પ્રવાસ કુંડળીએ યોગ ઊભો કરી દે છે. અરધી સદી પહેલાં ઉમાશંકર જોશી અથવા કાકા કાલેલકર સરીખા સાહિત્ય તારકોને વિદેશ પ્રવાસનો આવો મહામૂલો લ્હાવો મળતો. ઉત્તર અમેરિકાના તાલેવંત એન.આર.આઈ. ગુજરાતી આલમ સંબંધે, હવે ઘણાં લેખકો તેમ જ પુરસ્કર્તાઓ માટે આવા પ્રવાસની જોગવાઈ બહુ સરળ બની ગઈ છે. અલબત્ત, ગુજરાતી લેખક વિમાન વાટે દુનિયાની સરળ સહેલગાહે નીકળી પડ્યો છે !

'મોટા ભાગના આમુખો અને પ્રસ્તાવનાઓ એન.આર.આઈ. લેખકોને કુશળતાએ ભરમાવે છે અને દુષ્ટતાએ કપટી કરી મૂકે છે. આ આમુખ લખનારાઓ મોટે ભાગે અપ્રસ્તુત જબાનમાં બોલે રાખે છે. આ એન.આર.આઈ. લેખકો મોટે ભાગે દાક્તરો, ઈજનેરો કે પછી હીસાબનીસ હોવાના અને પછી તેમના સાહિત્યની તારીફ સંભળાતી રહે છે. વળી, ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના યુનાઈટેડ સ્ટેટ્સ ખાતેના તે એલચી છે તેવી રજૂઆત પણ તેમને પોરસાવતી આવે છે. હવે મજાની વાત એ છે કે આ આમુખમાં ક્યાંક અછડતી રીતે જ ચોપડીના પદાર્થ બાબતની વાત છેડવામાં આવી હોય છે અને પછી, તેમાં આશા બાંધવામાં આવી હોય છે કે લેખક પોતાનું સર્જનકામ ચાલુ રાખશે અને ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યને પુષ્ટ કરતા રહેશે. ટૂંકામાં, આ ઢોંગનો સરિયામ આચાર છે.

'આ રમતના નીતિનિયમનોની ઘર આંગણાંના વિવેચકોને ભારે સમજણ હોય છે અને પોતાને જાતફાયદો થાય તે જ રીતે સઘળાં ખેલ તે ખેલે છે. … …'

મારા મહેરબાન ! નટવરભાઈનું જ લખાણ વળી આગળ ધપે છે :

'અને હવે હું એવા મત પર આવ્યો છું કે ભારતથી આવતા રહેતા મુલાકાતી લેખકો તેમ જ અહીંથી ભારત જતાં પ્રવાસી એન.આર.આઈ. લેખકોની આવનજાવન ફાયદામંદ છે જ નહીં, બલકે વાસ્તવમાં તે ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યને સારુ નુકસાનકારક છે.'

**(અનુસંધાન પાન 27 પરે)**

પ્રકાશક : Parivaar Commincations, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · [26.03.2011]